सरल

व्युत्पत्तिपाठ.

રચનાર

નવલરામ લક્ષ્મીરામ.

(માજી પ્રિન્સિપાલ, કાઠિયાવાડ ટ્રેનિંગ કૉલેજ.)

सूरत.

સોલ એજન્ટ, કુરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,

બુકસેલર- સૂરત.

કિંમત ૦-૬-૦

सरल

व्युत्पत्तिपाठ.

रचनार

नवलराम लक्ष्मीराम.

(माजी प्रिन्सिपल, काठियावाड ट्रेईनिंग कॉलेज.)

सूरत.

આવૃત્તિ ઓગણીસમી.

સંવત્ ૧૯૮૬. સને ૧૯૩૦

સોલ એજન્ટ, કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,

બુકસેલર—સૂરત.

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—

ગં. સ્વ. વસુમતિ ધીમંતરામ પંડિત.

ઠે૦ કેળાપીઠ–સૂરત.

સૂરત ચૌટાના પૂલ ઉપર આવેલા "સૂરત સિટિ" પ્રિન્ટિંગ પ્રેસમાં વજેરામ માનસિંહે છાપ્યો.

પ્રસ્તાવના.

વ્યુત્પત્તિજ્ઞાનથી શબ્દનાં રૂપ કેવાં આપણી નજરમાં ઠસે છે, તેનો મૂળ અર્થ તથા લાક્ષણિક અર્થ (Secondary meaning) કેવો ચોખ્ખી રીતે સમજાય છે. સમાનાર્થ શબ્દમાં (Synonyms) જે સૂક્ષ્મ ભેદ રહેલો છે તે જાણવાને આપણે કેટલા શક્તિમાન્ થઇએ છીએ, શબ્દના ઇતિહાસની જોડે જનસ્થિતિ અને જનસ્વભાવનો ઇતિહાસ કેવી રીતે આપોઆપ પ્રકાશ પામતો જાય છે, અને ટુંકામાં કહીએ તો એ વિષયનો અભ્યાસ મનને ઊંચી કેળવણી આપવામાં તથા ભાષાની રસિક પંડિતાઈ મેળવવામાં કેટલો અવશ્યનો છે, એ આપણામાં થોડાજ લોકો સમજે છે. વાસ્તવિક જોઇએ તો આપણામાં હજી ગૂજરાતી વ્યુત્પત્તિ નિશાળોમાં શીખવાઈ નથી.

આ પ્રમાણે વ્યુત્પત્તિપાઠની પ્રથમ પ્રસ્તાવનામાં મારે લખવું પડયું હતું, અને એમ લખ્યાને પંદર વર્ષ થવા આવ્યાં તોપણ હજી એ કલંક કંઈ દૂર થયું નથી. એનું વિશેષ કારણ એ છે કે વ્યુત્પત્તિજ્ઞાનમાં શું જોઇએ તે વિષે ઘણે ઠેકાણે મોટી ગેરસમજુતી ચાલે છે. એમાં જરૂરની વાત પ્રથમ તો એ છે કે શબ્દોના અંગ (ધાતુ, ઈત્યાદિ) પ્રથમ જૂદા પાડતાં આવડવાં જોઇએ, કે તે ઉપરથી તેના મૂળાર્થ, લક્ષ્યાર્થ વગેરેનો વિચાર કરવાનું સાધન મળે; આ પહેલું પગથીઉં છે અને ત્યાર પછીજ ઉત્સર્ગ પ્રકરણ કાંઈ પણ ફાયદાભરેલી રીતે શીખવી શકાય. પણ ઊંધી પ્રથા એવી ચાલી છે કે શરૂઆતમાં તો આ શબ્દ કઈ ભાષાનો છે અથવા ઘણું તો એનો મૂળ શબ્દ કયો છે એમ પૂછયું

એટલે બસ. એમ કરવું સહેલું તો પડતું હશે, પણ એવા ગોખણથી ફાયદો શો? ભૂલવું ન જોઇએ કે વિદ્યાગિરિપર ચઢવાનો માર્ગ તેને ખોદી નાખ્યા વિના રાજાને માટે પણ સપાટ કરી શકાતો નથી.

તે છતાં ભણનારની મુશ્કેલીઓ દૂર કરવા આ આવૃત્તિમાં ખાસ કાળજી રાખી છે, અને તે અર્થે મૂળ ગ્રન્થમાંથી કાંઈ પણ મુખ્ય બાબતો કાઢી ન નાખતાં તે લગભગ નવેસરથીજ લખવો પડ્યો છે. ધાતુઓનાં ઉદાહરણોની સમ્પૂર્ણ ટીપમાં દરેકના આદ્યય પ્રત્યયો પણ દર્શાવ્યા છે. એ વગેરે બધો રચનાફેર છેવટે શુદ્ધિપત્ર આપ્યું છે તે ઉપરથી માલમ પડશે.

શીખવવા બાબત કહેવાનું કે જે જે ઠેકાણે ગ્રન્થમાં સૂચના આપી છે તે તે ઠેકાણે જો તે પ્રમાણે શીખવવામાં આવશે, અને ૧ લો ભાગ જે માત્ર સત્તરેક પૃષ્ટનો છે તે જો પાંચમા ધોરણમાંથીજ તૈયાર કરાવ્યો હશે, તો પછી ભણનારને કાંઈ પણ મુશ્કેલી લાગશે નહિ.

ગ્રીક, લાટિન તથા ઇંગ્રેજી ભાષાના મળતા શબ્દો ધાતુકોષમાં જણાવ્યા છે. એ તથા સંસ્કૃત, પ્રાકૃતાદિ શબ્દો પણ દાક્તર બુલ્હરે પસંદ કરેલા તેજ અહીંઆં દાખલ કર્યા છે, અને તે પરિશ્રમને માટે હું તે સાહેબનો મૂળથી અત્યંત આભારી છું.

મુ. રાજકોટ,
તા. ૧—૨—૧૮૮૭ } ન૦ લા૦

व्युत्पत्तिपाठ.

भाग १.

સમાસના શબ્દો જૂદા પાડવા વિષે.

૧. એક શબ્દના ભાગ પાડતાં માંહેથી બીજા પણ શબ્દો હાથ લાગે, ત્યારે તે શબ્દનો સમાસ થએલો છે એમ કહેવાય છે.

૨. સમાસના શબ્દ જૂદા પાડી તેનો અર્થ કહી બતાવવો એને સમાસનો વિગ્રહ કરવો કહે છેઃ—જેમકે,

दूध, દૂધ + भात, ભાત = દૂધ અને ભાત તે, दूधभात.
दश, દશ + बार, બાર = દસ કે બાર તે, दशबार.
गंगा, ગંગા + जळ, પાણી = ગંગાનું પાણી તે, गंगाजळ.
परम, મોટો + ईश्वर, ઈશ્વર = મોટો ઈશ્વર તે, परमेश्वर.
तपः, તપ + धन=તપ જેનું ધન છે તે, तपोधन.
क्रिया ક્રિયા+पद, શબ્દ=ક્રિયા બતાવનારો શબ્દ તે, क्रियापद.

એમાં સંક્ષેપને સારૂ ગણિતચિહ્નો લખ્યાં છે; પણ બોલવામાં "વત્તા"ને ઠેકાણે ને તથા "બરોબર" ને ઠેકાણે एटले એમજ બોલવું. દૂધ વગેરે સાધારણ શબ્દના અર્થ કરતી વેળા તેનો તેજ શબ્દ બોલવામાં કાંઇ હરકત નથી. પરમેશ્વર શબ્દમાં अ ને इ મળીને ए તથા તપોધનમાં વિસર્ગનો ओ થયો છે. આ પ્રમાણે હવે પછી જ્યાં જ્યાં સંધિવિકાર થએલો માલમ પડે ત્યાં ત્યાં તેને લગતો સંધિનિયમ શિખવવો.

૩. ઉપલાં ઉદાહરણો ઉપરથી માલમ પડશે કે સામટો અર્થ કરતી વેળા કોઈ વખત અને કે કે, કોઈ વખત વિભક્તિનો પ્રત્યય, કોઈ વખત કાંઈજ નહિ, કોઈ વખત "જેને છે તે" અને કોઈ વખત બીજા શબ્દો ઉમેરવા પડે છે. આ પાંચ ભેદ બરાબર લક્ષમાં રાખવાથી સામટો અર્થ કરતાં આગળ મુશ્કેલી નહિ પડે.

અને કે કે ઉમેરવો પડે ત્યારે તે સમાસ द्वंद्व; વિભક્તિનો પ્રત્યય ઉમેરવો પડે ત્યારે तत्पुरुष; કાંઈજ ન ઉમેરવું પડે ત્યારે

કર્મધારય; "જે છે તે" એ ઉમેરવું પડે ત્યારે તે બહુવ્રીહિ; અને બીજા શબ્દો ઉમેરાય ત્યારે તે મધ્યમપદલોપી સમાસ કહેવાય છે, એમ સામાન્યપણે સમજી રાખવું.

૪. આ નિયમમાં વિભક્તિના પ્રત્યય કહ્યા છે તે છઠ્ઠીનાજ નહિ, પણ કોઈપણ વિભક્તિના હોય, કેમકે બીજી વિભક્તિઓના પ્રત્યયોનો પણ કોઈ વખત ગૂજરાતીમાં લોપ થએલો માલમ પડે છે;–જેમકે,

(द्वि.) मनः, મન+हर, હરનાર=મનને હરનાર તે, मनोहर.

(तृ.) हस्त, હાથ+कृत, કીધેલું=હાથવડે કરેલું તે, हस्तकृत.

(च.) यज्ञ, યજ્ઞ+स्तंभ, થાંભલો=યજ્ઞને સારૂ જે થાંભલો તે, यज्ञस्तंभ.

(पं.) धर्म, ધર્મ+भ्रष्ट, પડેલો=ધર્મમાંથી પડેલો તે, તે धर्मभ्रष्ट.

(ष.) राज, રાજા+भय, બીક=રાજાની બીક તે, राजभय.

(स.) स्वर्ग, સ્વર્ગ+वास, વસવું=સ્વર્ગમાં વસવું તે, स्वर्गवास.

૫. અભ્યાસને સારૂ ભણનારે નીચે લખેલા શબ્દોનો વિગ્રહ પોતાની મેળેજ કરવા પ્રયત્ન કરવો.

भाईबहेन	**[१]पाणीबाणी**	**दरियाकांठो**
महासागर	**भूगोळ**	**भूगोळविद्या**
गादीतकीओ	**दृढभाजक**	**भरतखंड**
दोरीलोटो	**मधमाखी**	**अहमदनगर**
जुनागढ	**वर्तमानकाळ**	**वर्तमानपत्र**
गुणविशेषण	**पूर्णांक**	**दशरथ**
पंचराशि	**[२]पीतांबर**	**[३]त्रिभुवन**

૧. બાણી છૂટો શબ્દ નથી, અત્રે એનો અર્થ "પાણી જેવું કાંઈ બીજું" એમ થાય છે, એ બબ્બાની બલિહારી કહેવાય છે, અને તે જ્યાં જ્યાં આવે ત્યાં પાછલા શબ્દને લઈ "અથવા તેના જેવું કાંઈ બીજું" એમજ અર્થ કરવો.

૨ એ કર્મધારય સમાસ હોય, ત્યારે 'પીળું વસ્ત્ર' એટલોજ અને બહુવ્રીહિ હોય, ત્યારે 'પીળું વસ્ત્ર જેને છે તે વિષ્ણુ' એવો એનો અર્થ થાય છે.

૩. ત્રણ લોકઃ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ.

૬. નીચે લખેલા શબ્દો ગૂજરાતીમાં ઘણીવાર બીજાની પછી આવીને સમાન નામ કરે છે. તે કઈ ભાષાના છે તે કૌંસમાં સૂચવ્યું છે.

શબ્દ.	અર્થ.	ઉદાહરણ.	અર્થ.
(સં) स्थान	ઠેકાણું,	દેવસ્થાન,	દેવનું ઠેકાણું.
(ફા.) સ્તાન	ઠેકાણું,	અર્બસ્તાન,	આરબોને રહેવાનું ઠેકાણું.
(સં.) नगर	શહેર	જામનગર,	જામે વસાવેલું શહેર.
(પ્રા.) नेर	શહેર,	ચાંપાનેર,	ચાંપાએ વસાવેલું શહેર.
(પ્રા) वाड	રહેઠાણ,	ઝાલાવાડ,	ઝાલાઓનું રહેઠાણ.
(પ્રા.) वाडो	રહેઠાણ,	નાગરવાડો,	નાગરોનું રહેઠાણ.
(ફા.) आबाद	વસેલું,	અમદાવાદ,	અહમદથી વસેલું.
(સં.) पुर	ગામ,	જયપુર,	જયસિંહે વસાવેલું ગામ.
(સં) शाळा	ઠેકાણું,	પુસ્તકશાળા,	પુસ્તકનું ઠેકાણું.
(સં.) कारक	કરનાર,	દુઃખકારક,	દુઃખ કરનાર.
(સં.) दायक	આપનાર–	સુખદાયક,	સુખ આપનાર.
(પ્રા.) दाई	આપનાર–	આનંદદાઈ,	આનંદ આપનાર.
(સં.) कर	કરનાર,	ભયંકર,	ભય કરનાર.
(સં.) कार	બનાવનાર–	લોહકાર,	લોઢું બનાવનાર લુહાર.
(સં.) आतुर	પીડાતો,	શોકાતુર,	શોકથી પીડાતો.
(સં.) आलय	ઠેકાણું,	વિદ્યાલય,	વિદ્યાનું ઠેકાણું.
(સં.) अपि	પણ,	તદપિ,	તોપણ.
(સં.) आदि*	વગેરે,	ઇત્યાદિ,	એ વગેરે.

---

*આદિનો અર્થ તો અગાડી છે અને પાંડવાદિ શબ્દનો અર્થ એમ થાય કે પાંડવ જેની અગાડી છે એવા રાજાઓ, એટલે પાંડવ વગેરે રાજાઓ.

આ શબ્દના અર્થ ગોખવાને ઠીક પડે માટે આમ લખ્યા છે, તોપણ વિગ્રહ તો બધા ભણનાર પાસે બીજી કલમમાં બતાવ્યું છે તે પ્રમાણેજ લેવો;–જેમકે देव, દેવ+स्थान, ઠેકાણું= દેવનું ઠેકાણું તે देवस्थान.

સ્થાન આદિક શબ્દોનાં બીજાં ઉદાહરણ ભરનાર પાસેથી કઢાવવાં, અને તેનો પણ વિગ્રહ એમજ કરાવવો.

૭. નીચે લખેલા શબ્દો બીજાની પહેલાં આવી ઘણીવાર સમાસ કરે છે.

(ફારસી.)

बे, વિના + भान, ભાન=માન વિનાનો તે, बेमान.

„ ઉલટું + कायदे, કાયદો=કાયદાથી ઉલટું તે, बेकायदे.

„ નઠારૂં + हाल, સ્થિતિ=જેની નઠારી સ્થિતિ છે તે, बेहाल.

गेर નહિ + हाजर, હાજર=હાજર નહિ તે, गेरहाजर.

„ ઉલટું + व्याजबी, વ્યાજબી=વ્યાજબીથી ઉલટું તે, गेरव्याजबी.

„ નઠારૂં + वल्ले, ઠેકાણે=નઠારે ઠેકાણે પડેલું તે, गेरवल्ले.

ना, નહિ + दानह, ડાહ્યો=ડાહ્યો નહિ તે, नादान.

कम, ઓછું + बख्त, નસીબ=જેનું ઓછું નસીબ છે તે, कमबख्त.

बद, ખરાબ+बो, વાસ=ખરાબ વાસ તે, बदबो.

(સંસ્કૃત તથા પ્રાકૃત.)

न, નહિ+ अन्यतर, બેમાંથી એક=બે જાતિમાંથી એકે નહિ તે, नान्यतर.

पर, પારકું+ अधीन, તાબે=પારકાને તાબે તે, पराधीन.

स्व, પોતાનું= धाम ઠેકાણું,=પોતાનું ઠેકાણું, સ્વર્ગ તે, स्वधाम.

स्वयं, પોતાની મેળે + भू, હોનાર=પોતાની મેળે હોનાર, ઇશ્વર તે, स्वयंभू.

सत्, સારી+ आचार, ચાલ=સારી ચાલ, તે, सदाचार.

पुनर्, ફરીથી+उक्ति, બોલવું=ફરીથી બોલવું તે, पुनरुक्ति.

महा, મોટું+भारत, ભારત=મોટું ભારત તે, महाभारत.

चतुर्, ચાર+आनन, મોઢું=ચાર મોઢાં જેને છે તે, બ્રહ્મા તે, चतुरानन.

चो, ચાર+ पाई, ચરણ=ચાર ચરણનો એક છંદ તે, चोपाई.

बिन, વિના+गुनाह, ગુનાહ=ગુનાહ વિના તે, बिनगुनाह.

એ દરેક શબ્દનાં તથા હવે પછી આદ્યય પ્રત્યય વગેરે જે જે આવે તેનાં કેટલાંક પોતાની તર્ફનાં ઉદાહરણુ છોકરાં પાસે લેતાંજ રહેવું, કેમકે પોતાની મેળે શોધવાની મહેનત લીધા વિના કોઈ પણુ જ્ઞાન મનમાં પૂરેપૂરૂં ઠસતું નથી.

આદ્યય પ્રત્યયની સાધારણુ સમજ

૧ *પણુ ઘણી વખત તો શબ્દના ભાગ પાડતાં તેમાંથી એક શબ્દ અને બીજા તો અક્ષરોજ હાથ લાગે છે. તે અક્ષરો એવા હોય છે કે છૂટા વાપરી શકાય નહિ. પણુ બીજા શબ્દની જોડે આવી તેનો અર્થ ફેરવી નાખે છે. એવા અક્ષરને आद्यय કે प्रत्यय કહે છે.

૨ શબ્દની પહેલાં જે અક્ષર આવીને તેના અર્થમાં ફેરફાર કરે છે, તેને आद्यय (आदि, પહેલાં + अय, આવનાર = શબ્દની પહેલાં આવનાર) કહીએ;—જેમકે,

अ, નહિ+पार, પાર=જેનો પાર નહિ તે, अपार.

बे, વિના+वकूफ, સમજ=જેને સમજ નહિ તે, बेवकूफ.

એમાં अ એ સંસ્કૃત અને बे એ ફારસી ભાષાનો આદ્યય છે: બધા સંસ્કૃત આદ્યયો હવે પછી આપવામાં આવશે, અને बे વગેરે થોડાક ફારસી છે તે તો સાતમી કલમમાં આપી દીધા છે, કેમકે એમાંના ઘણુાખરા શબ્દો જ છે.

૩ શબ્દની પછી જે અક્ષર આવી તેના અર્થમાં ફેરફાર કરે છે તે प्रत्यय (प्रति, સામા+अय, આવનાર=શબ્દની સામા–પછીથી આવનાર) કહેવાય છે;—જેમકે,

गरीब, ગરીબ+आई, પણું=ગરીબપણું તે, गरीबाई.

स्वतंत्र, છુટું+ता, પણું=છૂટાપણું તે, स्वतंत्रता.

गुलाम, ગુલામ+गीरी, પણું=ગુલામપણું તે, गुलामगीरी.

એમાં गीरी એ ફારસી અને ता સંસ્કૃત ભાષાનો પ્રત્યય છે.

---

*આ કલમનો સંબંધ 'સમાસના શબ્દો જૂદા પાડવા વિષે'ની પહેલી કલમ સાથે લેવો.

આઈ મૂળે તે સંસ્કૃતમાંથી ઉત્પન્ન થએલો. પણ હાલ ગૂજરાતી પ્રત્યય કહેવાય. ફારસી તથા સંસ્કૃત પ્રત્યયોની વિગતવાર ટીપ અર્થ સાથે આગળ આપવામાં આવશે. ગૂજરાતી પ્રત્યયો તો સ્વભાષાના હોવાથી ભણનાર પોતાની મેળેજ ઓળખી શકશે. તેના અર્થ બોલવાની જરૂર નથી.

૪ ભણનાર પાસે નીચે લખેલાં ઉદાહરણોમાંથી શબ્દ અને પ્રત્યય જૂદા પડાવી સામટો અર્થ કરાવવો, અને એ પ્રમાણે વાંચનપાઠમાં હમેશાં કર્યાં કરવું;—જેમકે લોહી શબ્દ + આળ પ્રત્યય=લોહીઆળ, એટલે લોહીવાળો.

લોહીઆળ	ઉડાઉ	મોજીલો	ઊંડાણ
શેઠાણી	ભોળાપણું	શાણપણ	દળામણ
ચીનાઈ	લખેલું	ચળકાટ	કેડીઆરો
બોલનાર	મોટાઈ	લખવું	ઢોળાવ
ગડગડાટ	લવારો	હઠીલો	દબેલ
કંપારી	નાનમ	મોટમ	કૂદકો
પહેરામણી	ગળપણ	ગળીઆરો	ગુણવાળી

૫ સંસ્કૃત પ્રત્યયો બે જાતના છે;—કૃદંત અને તદ્ધિત.

૬ ધાતુ ઉપર જે આવે છે તેને કૃદંત પ્રત્યય કહે છે;—જેમકે વહ્ વહેવું+અન, ક્રિયા=વહન, વહેવાની ક્રિયા, વહેવું.

કૃદંત પ્રત્યયોવડે ધાતુ ઉપરથી ઘણાં નામ વિશેષણાદિક ઉત્પન્ન થાય છે.

૭ નામ વિશેષણાદિક ઉપર જે પ્રત્યયો આવવાથી બીજાં નામ વિશેષણાદિક ઉત્પન્ન થાય છે, તેને તદ્ધિત પ્રત્યય કહે છે;—જેમકે ધર્મ+ઇક, વાળો=ધાર્મિક, ધર્મવાળો.

ઉપલા દાખલા ઉપરથી વિચક્ષણ વિદ્યાર્થી જોશે, કે સંસ્કૃત પ્રત્યયો લાગતાં મૂળ શબ્દમાં પણ કોઈ વખત ફેરફાર થઈ જાય છે. અહિંયાં 'ધ' નો 'ધા' થયો તથા 'મ' માંનો સ્વર ઉડી જઈ તેમાં ઇ ભળી ગઇ. કોઈ અક્ષર ઉડી જાય, ત્યારે તેનો

લોપ થયો એમ કહેવાય છે. અક્ષરોને જોડાઇ જવાના નિયમોને સંધિનિયમો કહે છે. મોટા મોટા સંધિનિયમો તો આ પ્રસંગેજ શિખવવા, કેમકે નહિ તો સંસ્કૃત શબ્દના ભાગ પાડતાં વિદ્યાર્થીને કદી પણ બરાબર આવડશે નહિ.

ફારસી પ્રત્યયો.

પ્રત્યય.	અર્થ.	ઉદાહરણ.			
दार	વાળો	આબરૂદાર,	મામલતદાર,	કામદાર,	વગેરે.
बान, वान	,,	મહેરબાન,	દરવાન,	પહેલવાન,	,,
मंद	,,	અકલમંદ,	દાનેશમંદ,	દોલતમંદ,	,,
वार	ભરેલો	ઉમેદવાર,	વિગતવાર,	તપસીલવાર,	,,
गर	કરનાર	ચૂડગર,	જાદુગર,	કારીગર,	,,
गरो, री, रुं.	,,	વાતગરો,	કલ્લાગરી,	કાજગરૂં.	,,
गार, गारो	,,	જુલમગાર,	મદદગાર,	કામણગારો,	,,
बाज	,,	દગાબાજ,	કસરતબાજ	નજરબાજ,	,,
खोर	,, ખાનાર	દગાખોર,	હરામખોર,	દારૂખોર,	,,
दान	ઠેકાણું	કલમદાન,	પાનદાન,	કદરદાન,	,,
दानी	,,	ચાહેદાની,	*ગુલાબદાની,	મચ્છરદાની,	,,
खानुं	,,	હાથીખાનું,	તોપખાનું,	કારખાનું,	,,
ची	રાખનાર	ખજાનચી,	મસાલચી,	તબલચી,	,,
गीर	જીતનાર	જહાંગીર,	આલમગીર,		,,
गीरी	પણું, ધંધો	ગુલામગીરી,	મહેતાગીરી,		,,
ई	,, ,,	બહાદુરી,	કારકુની,	ગુલામી,	,,

*ગુલાબ એ સામાસિક શબ્દ છે, અને તેનો અર્થ ફારસીમાં ગુલાબજળ (ગુલ, ગુલાબનું ફૂલ + આબ, પાણી) થાય છે તેજ અત્રે કરવો. ગુલાબજળ એ શબ્દ ફારસી પ્રમાણે અશુદ્ધ છે, અને એમાં આબ, અને જળ એ શબ્દો હોવાથી પાણીનો અર્થ નકામો બે વાર આવે છે.

સંસ્કૃત તદ્ધિત પ્રત્યયો.

૧. ભાવવાચક, એટલે, "પણું" એવો અર્થ દેખાડનારા પ્રત્યય ચાર છે.

ता દુષ્ટતા, ક્રૂરતા, મમતા (મમ, મારૂં) વગેરે.
त्व દાસત્વ, કવિત્વ, તત્ત્વ (તે પણું), ,,
य ધૈર્ય (ધીર, ધીરો), અતિથ્ય (અતિથિ, પરૂણો), ,,
अ યૌવન (યુવન્, જુવાન), ગૌરવ (ગુરૂ, મોટું), ,,

૨. એજ પ્રમાણે નીચેના શબ્દોના ભાગ પાડવા. ,,

અપૂર્ણતા, શૌર્ય, ગુરૂત્વ, શૌચ, દેવતા.
ચૈતન્ય, બ્રહ્મત્વ, કાવ્ય, કવિત્વ, આયુષ્ય.

૩. સંબંધદર્શક એટલે "વાળો" એ અર્થના પ્રત્યયો.

वत् ભગવત્ (ભગ, શક્તિ), જ્ઞાનવતી (જ્ઞાનવત્+ई નારીજાતિનો પ્રત્યય), સરસ્વતી; વગેરે.
वंत ગુણવંત, બળવંત, ધનવંત, દયાવંત. ,,
वान् ગુણવાન્, કુળવાન્, ભગવાન્, ભાગ્યવાન્, ,,
मत् શ્રીમદ્ (શોભાવાળું), ભાગવત્, ધીમત્, ,,
मंत શ્રીમંત, ધીમંત, બુદ્ધિમંત, ,,
मान् બુદ્ધિમાન્, ભક્તિમાન્, શક્તિમાન્. મતિમાન્, ,,
*ईन્નો ई રોગી, ભોગી, પક્ષી, શાસ્ત્રી, ધની (ધણી), ,,
विन्નો वी તેજસ્વી, તપસ્વી, મનસ્વી, યશસ્વી, ,,
आल, आलु રસાલ, વાચાલ, દયાલુ, માયાલુ, કૃપાલુ, ,,
इक ભાવિક, નૈયાયિક, દૈનિક (દહાડાની), ,,
अ તાપસ (તપસ્, તપ+अ=તપ કરવાવાળો), વૈષ્ણવ (વિષ્ણુ+અ=વિષ્ણુવાળા, વિષ્ણુને માનનારા), જૈન (જિન+અ=જિનને માનનારા), શાક્ત (શક્તિ+અ), ચૈત્ર (ચિત્રા+અ), ચિત્રા નક્ષત્ર-વાળો મહિનો, આશ્વિન, વગેરે.

૪. "તે ઉપરથી ઉત્પન્ન થએલું" એવો વિશેષ સંબંધ દેખાડનારા પ્રત્યયઃ—

અ કૌરવ (કુરૂ+અ)=કુરૂ રાજાથી ઉત્પન્ન થએલા.

,, સૈંધવ (સિંધુ+અ)=સમુદ્રથી ઉત્પન્ન થએલો, સિંધવ.

,, પ્રાકૃત (પ્રકૃતિ+અ)=મૂળ ઉપરથી ઉત્પન્ન થએલા.

ય દૈત્ય (દિતિ+ય)=દિતિના દીકરા.

,, ગાર્ગ્ય (ગર્ગ+ય)=ઋષિનો પુત્ર.

ईय દેશીય (દેશ+ઈય)=દેશમાં ઉત્પન્ન થએલ.

,, સજાતીય=સમાન-સરખી જાતિમાં ઉત્પન્ન થએલ.

૫. ई, आ, ને आनी એ નારીજાતિદર્શક પ્રત્યયો છે, અને તે બીજા કોઇપણ પ્રત્યયની સાથે ભળે છે ત્યારે તેના અર્થમાં નારીજાતિનો અર્થ વધારે છેઃ—જેમકે, **દેવી**, દેવની સ્ત્રી અથવા દેવરૂપ સ્ત્રી; **ચતુરા**, ચતુર સ્ત્રી; **ગુણવતી** (ગુણ+વત્, વાળો+ઇ) ગુણવાળી; **ભવાની** (ભવ=શિવ), શિવની સ્ત્રી; બ્રહ્માણી; ઠકરાણી; વગેરે.

૬. इन् સાથે ई મળીને इनी પ્રત્યય નારીજાતિનો એક સાધારણ થઈ પડ્યો છે, અને તે ઉપરથી અપભ્રંશ થઇ ગૂજરાતીમાં एण અથવા अण પ્રત્યય ચાલે છેઃ—જેમકે **માલિની**=માળા, હાર+ઈન્+ઈ=હાર ગુંથનારી=માળેણ, માળણ. તેમજ **યોગિની**, જોગેણ, જોગણ; **પદ્મિની**; **કામિની**, **કુંભકારિણી**, **કુંભારણ**, **સોનારણ**, **પટલણ**, **ધોબણ**, દરજણ, વગેરે.

૭. मय, બનેલું, ભરેલુંઃ—જેમકે **ગોમય** (ગો=ગાય) ગાયમાંથી બનેલું (છાણ); **જળમય; ચિન્મય; તન્મય.**

૮. वत्, પેઠેઃ—**માતૃવત્** (માની પેઠે) **શાસ્ત્રવત્=પૂર્વવત્.**

૯. त्र, ઠેકાણેઃ-**સર્વત્ર** (સઘળે ઠેકાણે), **તત્ર, યત્ર.**

૧૦. दा, વખતે-**સર્વદા** (સઘળે વખતે, હમેશાં),**યદા, કદા.**

૧૧. था, રીતેઃ—**યથા** (જે રીતે), **તથા**, **સર્વથા.**

૧૨. धा, રીતેઃ—**સહસ્રધા** (હજાર રીતે). **નવધા, બહુધા.**

૧૩. क, સમુદાયવાચકઃ—**પંચક** (પાંચ દિવસનો સમુદાય), **શતક** (સોનો સમુદાય, સેંકડો, સૈકો), **ચતુષ્ક** (ચોક), **ષટ્ક** (છક), **સપ્તક, અષ્ટક, કુલક.**

૧૪. क, લઘુતાવાચકઃ—**બાળક** (છોકરડું, છોકરૂં); **બાળિકા** (છોકરડી, છોકરી), **દીપક** (દીવડો), **ગોપિકા.**

ટીપઃ—अकની પેઠે આ બંને અર્થના क પ્રત્યયના રૂપમાં પણ નારીજાતિએ इका થઈ છે.

સંસ્કૃત કૃદંત પ્રત્યયો.

૧. અત્યાર સુધી શબ્દના ભાગ પાડતાં તેમાંથી એક પણ ઓળખાય એવો શબ્દ હાથ લાગતો હતો, પણ અહીંઆ તો ધાતુ ને પ્રત્યયજ ઓળખી કાઢવાના છે. અમે પ્રત્યેક ઉદાહરણની સાથે ધાતુ તો દેખાડીશું અને બીજાં ઉદાહરણ વિદ્યાર્થીએ ધાતુપ્રકરણમાંથી શોધીને તૈયાર કરવાં.

૨. अ, अन, તથા य એ ક્રિયાવાચક તથા કર્તૃવાચક બંને થાય છે, એટલે તેનો અર્થ ગુજરાતી પ્રત્યય વું તથા નારની સમાન છે:—જેમકે,

ધાતુ		પ્રત્યય	શબ્દ	શબ્દાર્થ
ભંજ્,	ભાગવું	અ,	ભંગ	ભાગવાની ક્રિયા.
દિવ્,	પ્રકાશવું	,,	દેવ	પ્રકાશનાર.
છિદ્,	કાપવું	અન	છેદન	કાપવાની ક્રિયા.
વદ્,	બોલવું	,,	વદન	બોલનાર મ્હોઢું.
કૃ,	કરવું	ય,	કાર્ય	કરવું તે, કામ.
આ+ચર્	મર્યાદામાં ચલાવવું.	,,	આચાર્ય	મર્યાદામાં ચલાવનાર.

ટીપ:—પ્રત્યયના અનેક અર્થ હોય ત્યાં તેનો જે અર્થ અમુક શબ્દમાં લાગુ પડતો હોય તેજ વિચારીને કહેવો.

૩. ति, न ને अस् એ કેવળ ક્રિયાવાચક પ્રત્યય છે:—

ગમ્,	જવું	તિ	ગતિ	જવાની ક્રિયા.
યત્,	મહેનત કરવી	ન,	યત્ન	મહેનત કરવાની ક્રિયા.
તપ્,	તપવું	અસ્,	તપસ્,	તપ કરવું તે.

૪. अक, *तनो ता, र, અને उ એ કેવળ કર્તૃવાચકજ પ્રત્યયો છે. નારીજાતિમાં अक નો इका થઈ જાય છે. र લઘુતાવાચક પણ છે.

ધાતુ		પ્રત્યય	શબ્દ	શબ્દાર્થ.
વચ્,	બોલવું	અક,	વાચક	બોલનાર, દેખાડનાર.

ભૃ, ભરવું તૃ નો તા, ભર્ત્તા, ભરણપોષણ કરનાર, ધણી.
સાધ્, સાધવું ઉ, સાધુ. સાધનાર, પ્રમાણિક માણસ.
જીવ, જીવવું ઇકા, જીવિકા, જીવવાનું સાધન.
નમ્, નમવું ર, નમ્ર, નમનાર.

*તૃનો સંસ્કૃતમાં પ્રથમા વિભક્તિમાં તા થવાથી આપણી ભાષામાં તો બહુધા તે તા રૂપેજ દેખાય છે, પણ ભાવવાચક તા થી ઓળખવા માટે એને તૃ નો તા કહેવો.

ટીપઃ-ક્રિયા ને કર્તૃવાચક પ્રત્યયોના અર્થ કોઈ વેળા સાધન, ફળ, સ્થળ, કર્મ વગેરે પણ થઈ જાય છે, તેથી અમુક શબ્દના અર્થ ઉપર લક્ષ રાખી ત્યાં તેનો અર્થ કરવો.

૫. त्र, इत्र કરણ એટલે ક્રિયાનું સાધનઃ—

वस्त्र, (વસ્ = ઢાંકવું) શરીર ઢાંકવાનું સાધન.

वादित्र (વદ્ = અવાજ કરવો), અવાજ કરવાનું સાધન પ્રત્યય તથા અર્થ બંને હવેથી પોતાની મેળે ઓલખીને બોલવા, માત્ર હવે ધાતુ તથા તેનો અર્થજ અમે તો કૌંષમાં દર્શાવીશું.

૬. त, इत ને न એ ભૂતકૃદંતના પ્રત્યયો છેઃ—જેમકે, जित (જિ = જિતવું) જિતેલો; खंडित, ભાંગી ગએલું. उत्पन्न (ઉત્ + પદ્ = પેદા થવું) પેદા થએલું, વગેરે.

૭. य, अनीय, त्य, तव्य એનો અર્થ યોગ્ય, થઇ શકે એવું અથવા કરવાનું એમ થાય છેઃ—જેમકે,

दृश्य (દૃશ્ = જોવું) જોઈ શકાય એવું.
भोज्य (ભુજ્ ખાવું) ખાવા યોગ્ય.
भाज्य (ભજ્ = ભાગવું) જે ભાગવાનો છે તે.
रमणीय (રમ્ = રમવું) રમવા યોગ્ય, સુંદર.
रक्षणीय (રક્ષ્ = રક્ષણ કરવું) રક્ષણ કરવા યોગ્ય.
कृत्य (કૃ = કરવું) કરવાનું જે હોય તે.
भोक्तव्य (ભુજ્ = ભોગવવું) ભોગવવાનું જે છે તે.

૮. मान અને अत् અથવા त એ વર્તમાનકૃદંતના પ્રત્યય છેઃ—જેમકે,

वर्द्धमान (વૃધ્=વધવું), વધતું, વૃદ્ધિ પામતું.
वर्त्तमान (વૃત્=વળવું, ચાલવું), ચાલતો (કાળ, બનાવ).
यजमान (યજ્=યજ્ઞ કરવો) યજ્ઞ કરતો, યજ્ઞ કરનાર.
जगत् (ગમ્=જવું, ધાતુ બેવડાયો છે) નાશવંત (દુનિયા).
विश्वजित् (વિશ્વ, જિ=જિતવું) વિશ્વને જિતનારો.

૯. तु, म, અને मन् કે તેનો म એ ક્રિયા, ક્રિયાનું ફળ કર્મ. સ્થળ, વગેરે અનેક અર્થ દેખાડે છેઃ—જેમકે,

तंतु, (તન્=તાણવું), તાણવાથી જે થાય છે તે. (ફળ).
धर्म (ધૃ=ધારણ કરવું), જે ધારણ કરેલું છે તે. (કર્મ),
धाम (ધા=ધારણ કરવું), ધારણ કરવાનું ઠેકાણું. (સ્થળ).
मर्मन्-मर्म (મૃ=મરવું), મરવાનું ઠેકાણું, તેવું અંગ.

કેટલાક વિવિધાર્થ પ્રત્યયોનું પુનરાવર્ત્તન.

પ્રત્યયોના અર્થ વિવિધ તો થાય છેજ, પણ જેના અર્થ બહુજ વિધવિધના થાય છે તેની સામટી પુનરાવર્ત્તનને માટે અહીંઆં એક નોંધ આપી છે.

अ=ક્રિયા; જેમકે, તોલ, લાભ, સંતોષ, ખેદ.
,,=કરનાર; જેમકે, દીપ, કર (કરનાર, હાથ), ચર.
,,=પણું; જેમકે, શૌચ (પવિત્રપણું), મૌન.
,,=વાળો; જેમકે, સાર્વભૌમ (સઘળી ભૂમિ-દેશવાળો).
,,=તે ઉપરથી ઉત્પન્ન થએલું; પાર્થિવ (પૃથ્વી-માટીનું બનેલું).

य=ક્રિયા; જેમકે બ્રહ્મચર્ય (બ્રહ્મ=વિદ્યા. વિદ્યા તરફ જવું).
,,=કરનાર; જેમકે, છાદ્ય-છાજ (ઢાંકનાર).
,,=પણું; જેમકે, સામાન્ય (સમાનપણું).
,,=સાધન; જેમકે, શય્યા (શી=સૂવું. સૂવાનું સાધન).
,,=યોગ્ય; જેમકે, ભાર્યા (ભરણપોષણ કરવા યોગ્ય).
,,=વાળો; જેમકે, અંત્ય (છેડવાળો, છેડા ઉપરનો).

ય=તે ઉપરથી ઉત્પન્ન થએલું; જેમકે, **આદિત્ય** (અદિતિ ઉપરથી ઉત્પન્ન થએલા દેવો, સૂર્ય)

સંસ્કૃત આદ્યય.

અ, (ગ્રી A) નહિઃ-**અચળ** (હાલે નહિ તે), **અયોગ્ય, અન્યાય, અખંડ, અકાળ, અપક્ષપાત, અપૂર્ણાંક અકસ્માત્**, વગેરે.

*अन् (પા) अण, (ગ્રી. An. લા. In. ઈં Un.) **નહિઃ-અનંત**, (જેનો અંત નહિ તે), **અનાદિ, અનેક, અનાચાર, અનુપમ, અનાદર, અનાવૃષ્ટિ**, વગેરે.

*સ્વરથી શરૂ થતા શબ્દની પહેલાં अ આવે ત્યારે તે अनो अन् થાય છે, અને વ્યંજનથી શરૂ થતા શબ્દની પહેલાં अ આવે તો अ, अ રૂપેજ રહે છે, એ ઉપલાં ઉદાહરણો ઉપરથી સમજાશે. अन् ઉપરથી પ્રાકૃતમાં अण પ્રત્યય થયો છે તેમાં કાંઈ આવો ભેદ નથી;—જેમકે અણજાણ્યું, અણદીઠું, અણહદ, અણઘડ, વગેરે.

वि, (ફા. બે) ૧. વધારે ૨. વિના—૧—**વિભાગ** (વધારે ભાગ, ભાગના ભાગ), **વિજ્ઞાન, વ્યુત્પત્તિ**, વગેરે. ૨—**વિધવા** (વિ=વિના+ધવ=ધણી+આ, નારીજાતિનો પ્રત્યય=ધણી વિનાની). **વિદેહી, વ્યર્થ**, વગેરે.

अंतर्, (લા. Inter. ફા. અંદર) **માંહે. વચમાંઃ— અંતઃકરણ** (માંહેથી કરવાનું સાધન). **અંતઃપટ** (અંતર્= વચમાં+પટ=લૂગડું=વચમાં ધરેલું લૂગડું, અંતર્પટ), **અંતર્ગાળ, અંતઃપુર** (જનાનો) વગેરે.

सु, (પ્રા.) स, (ગ્રી, Su.); **સારૂં, ઘણું:—સુવાસ** (સારી વાસ), **સ્વલ્પ** (સુ+અલ્પ=ઘણુંજ થોડું). **સપૂત** (સારો છોકરો). **સુકોમળ** (ઘણું કોમળ) વગેરે.

कु, (પ્રા.) क; **નઠારૂં:—કુકર્મ** (નઠારૂં કામ), **કપૂત** (નઠારો છોકરો), **કુતર્ક, કુમાર્ગ, કપાત્ર, કવેળા, કઢંગુ**, વગેરે.

दुस (ગ્રી. Dys. Dus.). ૧. **મુશ્કેલાઇથી.**

૨. નઠારૂંઃ—૧.—દુઃસહ (મુશ્કેલાઇથી ખમી શકાય તે); દુર્ગ (દુસ્+ગમ્+અ=સ્થળે) મુશ્કેલાઇથી જઈ શકાય તેવું સ્થળ, પહાડી કિલ્લો; દુસ્તર, (દુસ+તૃ, તરવું+અ. મુશ્કેલાઈથી તરી શકાય તે; વગેરે)—૨.—દુરાચરણ, (નઠારૂં આચરણ); દુષ્કાળ (નઠારો કાળ); વગેરે.

નિસ્. ૧ નહિ. ૨. બહારઃ—૧—નિઃસંશય (જેમાં સંશય નહિ તે); નિરંકુશ (જેની ઉપર અંકુશ નથી તે); નિષ્કપટી. ૨.—નિઃશ્રેણી—નીસરણી (બહાર જવાનું સાધંન). નિરીક્ષા, નિર્ધાર, નિર્ણય, વગેરે.

સ, સહ. સાથે સરખુંઃ—સવિસ્તર (વિસ્તાર સાથે), સવર્ણ (સરખી જાતના અક્ષર), સરસ, સજાતીય, સટીક સાર્થક, વગેરેઃ—સહ. સહવાસ (સાથે વસવું), સહધર્મી (સરખા ધર્મવાળા), સહકુટુંબ, સહગમન, સહ-વર્ત્તમાન, વગેરે.

સમ્, (ગ્રી. Syn. લા. Con. Cum Co.) ૧. સાથે. ૨. સુંદર રીતે. ૩. બિલકુલઃ—૧. *સંગમ, (સાથે જવું, મળવું), સંવાદ, સંસાર, વગેરેઃ-૨-સંસ્કાર, (સું-દર રીતે કરવું, સુધારવું, કેળવવું), સંસ્કૃત (સુધારેલી ભાષા), સંખ્યા, સમર્પણ, વગેરે.—૩—સંરક્ષણ (બિલકુલ ર-ક્ષણ), સંહાર, સંન્યાસ, સમસ્ત, વગેરે.

સમ્ ની સાથે કોઈપણ વ્યંજન આવ્યાથી એ ગૂજરાતીમાં સં લખાય છે, સમ્ ની સાથે કૃ ધાતુનું કોઈ રૂપ આવવાથી વચમાં સ વધે છેઃ—જેમકે સમ્+કાર=સમ્+સ્+કાર=સંસ્કાર.

ઉપ, (ઈ. Up. ગ્રી. Hypo. Hupe.) ૧. પાસે, ૨. ઉતરતા દરજ્જાનુંઃ—૧—ઉપસર્ગ (ધાતુની પાસે આવ-નાર), ઉપયોગ, ઉપમા, ઉપકાર, વગેરે. ૨—ઉપગ્રહ (હલકા દરજ્જાનો ગ્રહ) ઉપશિક્ષક, ઉપવન, ઉપા-ખ્યાન, વગેરે.

अति. **પેલી** તરફ:—અતીંદ્રિય (ઇંદ્રિયોની પેલી તર્ફ, ઇંદ્રિયોથી જેનું જ્ઞાન મળી શકે નહિ એવો વિષય), **અત્યંત અતિશય, અતિસાર, અતીત**, વગેરે.

ટીપ:—બહુજ એવો अति નો અર્થ થાય છે તે માત્ર લાક્ષણિક અને ગૂજરાતીમાંજ ચાલી શકે:—જેમકે, અતિનિદ્રા, અતિલોભ, **અતિસ્નેહ**, અતિદુ:ખ વગેરે.

अधि, (લા. Ad.) ઉપર:—**અધિરાજ** (ઉપર પ્રકાશનાર, રાજા), **અધિકાર, અધિપતિ, અધ્યક્ષ** (ઉપર નજર રાખનાર).

अनु, (લા. Ana) **પાછળ**, તે **પ્રમાણે, સાથે**:—**અનુચર** (પાછળ ચાલનાર, ચાકર), **અનુસરવું** (કોઈની પાછળ પાછળ ચાલવું, તે કરે તે પ્રમાણે કરવું), **અનુપાન** (વૈદ્ય ઔષધની સાથે ક્વાથ વગેરે કાંઈ પીવાનું કહે છે તે), **અનુષ્ઠાન, અનુક્રમ, અનુપ્રાસ**, વગેરે.

अप. (લા, Ab. ગ્રી. Apo. ઇ. Off) ખોટું, ઉલટું:-**અપકાર** (ખોટું કરવું), **અપરાધ** (રાજી કરવાથી ઉલટું, ગુનોહ), **અપકીર્તિ, અપભ્રંશ, અપમાન**, વગેરે.

अभि (ગ્રી. Amphi. લા. Am. ઇ. by.) **પાસે, તરફ, ઘણું**:—**અભ્યાગત** (પાસે આવેલો પરૂણો), **અભિષેક** (તર્ફ છાંટવું), **અભ્યંતર** (ઘણું અંદરનું), **અભિલાષા, અભિમાન**, વગેરે.

अव **૧. નીચે ૨. નઠારૂં : અવતાર** (નીચે ઉતરવું), **અવદશા** (નઠારી અવસ્થા), **અવલોકન, અવગુણ**, વગેરે.

आ. **મર્યાદા:-આકાર** (મર્યાદા કરનાર, હદ બતાવનાર). **વ્યાકરણ** (ભાષાની વધારે મર્યાદા કરનાર), **આગ્રહ, આચરણ, આવાસ, આરંભ, આલય**, વગેરે.

अपि (ગ્રી. Epi લા. Od. ઇ U Be.) **ઉપર**:—**અપિધાન** (શરીર ઉપર ધારણ કરવાનું લૂગડું), **અપિનદ્ધ** (પહેરેલું) अ ઊડી જઈ **પિધાન** અને **પિનદ્ધ** શબ્દો પણ થાય છે.

उत्. (ઇં. Out.) ૧ ઉંચે, બહાર; ૨ ઉલટું:-૧— જેમકે ઉત્કંઠા (ડોકી ઊંચી થવી, આતુરતા), ઉત્પત્તિ (બહાર પડવું, પેદા થવું) વ્યુત્પત્તિ, ઉત્સવ, ઉત્સાહ, ઉત્સુક, ઉદાહરણ, ઉન્મત્ત, ઉત્કર્ષ, ઉદય, વગેરે. ૨. ઉત્થાપન, (સ્થાપવાથી ઉલટું, ઉઠાડવું).

नि. ૧. માંહે, પાછળ; ૨. વિનાઃ—નિવાસ (જેમાં વસે તે, રહેઠાણ), નિદાન (પાછળથી-છેવટથી આપવું. રોગની બધી પરીક્ષા કર્યા પછી તે વિષે જે અભિપ્રાય આપવો તે), નપાન—નિવાણ, નિગમ, નિગ્રહ, નિજ, નિબંધ, નિમજ્જન, નિમેષ, નિયમ, નિમિત્ત. ૨. નિકંદન (મૂળ વિનાનું કરવું).

परा. ૧ પાછું, ૨ મોટું, ૩. ઉલટું:—પરાવર્ત્તન (પાછું વળવું) પરાક્રમ (મોટાં ડગલાં ભરવાં, બહાદુરી કરવી), પરાજય (જયથી ઉલટું), પરાભવ, પરાકાષ્ટા, વગેરે.

परि (ગ્રી. Peri. લા. Per.) ચોતર્ફ, ૨ ઘણું:- પરીક્ષા (ચોતર્ફથી જોવું), પરિશ્રમ (ઘણી મહેનત), પરિમિતિ, પરિમાણ, પરિપૂર્ણ, પરિપકવ, વગેરે.

प्र. (ગ્રી. Pro. લા. Pro.) આગળ શ્રેષ્ટ—પ્રચાર (આગળ ચાલવું, ચાલ), પ્રભુ (શ્રેષ્ઠ રીતે હોનાર, ધણી, પરમેશ્વર), પ્રદેશ, પ્રભાત, પ્રખ્યાતિ, પ્રબળ, વગેરે.

प्रति. (ગ્રી. Pros. લા. Re.) ૧. સામું, પાછું. ૨. દરેકઃ—જેમકે, ૧. પ્રતિપક્ષી (સામા પક્ષવાળો), પ્રત્યાઘાત (પાછો આઘાત થાય તે, પ્રતિસ્પર્ધી, પ્રતિવાદી, પ્રત્યુત્તર, પ્રતિબિંબ, ૨. પ્રતિદિન (દરરોજ) પ્રતિવર્ષ, પ્રત્યેક, વગેરે.

ભાગ ૨ જો.

બહુ વપરાતા સંસ્કૃત ધાતુ.

ગૂજરાતી શબ્દોનો મોટો ભાગ આટલાજ ધાતુ ઉપરથી ઉત્પન્ન થએલો છે, માટે પ્રત્યેક ધાતુના શાખાગ્રણી શબ્દો અત્રે તમામ આપ્યા છે. તેની વ્યુત્પત્તિ વિશેષ કાળજીથી તૈયાર કરવી. વિદ્યાર્થીને એમ કરવું સુગમ પડે તે માટે એ શબ્દો પ્રત્યયવાર ગોઠવ્યા છે, એટલે પ્રથમ બાળબોધ અક્ષરે પ્રત્યય લખ્યો છે, પછી માત્ર ધાતુ સાથે તે મળીને જે શબ્દ થયો તે મોટે અક્ષરે દેખાડયો છે, અને જો તે ગૂજરાતીમાં નહિ વપરાતો હોય તો તેની આસપાસ આવો કૌંષ [ ] મૂકયો છે. પછી આદ્યયાદિકના સંયોગે થનારા શાખાગ્રણી શબ્દો તો તમામ લખ્યા છે. એ આદ્યયાદિક પણ જરૂર જણાઈ ત્યાં શબ્દની પૂર્વે લખી બતાવ્યા છે. અપભ્રંશ શબ્દો, જે ઉપરથી તે ઉત્પન્ન થયા હોય તેની જોડે, નાના કૌંસમાં આપ્યા છે.

૧. इ (अय्).—(લા. Eo.)—જવું:—

अ.—[અય]; અનુ, [૧]અન્વય; અપ, [૨]અપાય; ઉપ, ઉપાય; ઉત્, [૩]ઉદય; અભિ+ઉત, [૪]અભ્યુદય; પ્રતિ, પ્રત્યય; વિ. [૫]વ્યય; [૬]અવ્યય; સમ્, સમય; સહ, સહાય-**[આય]** અંતર, અંતરાય; નિ, ન્યાય; પરિ, પર્યાય; સમ્+ઉત, **સમુદાય—अन.—અનય;** ઉત્તર, [૭]ઉત્તરાયણ; દક્ષિણ, [૭]દક્ષિણાયન; પાર, પારાયણ; રસ, રસાયન (રસાયણ, રસાણી); રામ, [૮]રામાયણ; પરા, પરાયણ—પલાયન—त—**[ઇત]**; ગુણ+અતિ, [૯]ગુણાતીત, ઉત્ ઉદિત; વિ+પરિ, [૧૦]વિપરીત. **अधि+इ** (મૂળ ધાતુ તો હમેશાં કહેવોજ, કૌંષનું રૂપ અમુક દાખલામાં લાગતું હોય, તો તે પણ ત્યાં બોલવું)= **ભણવું:—अ—અધ્યાય** (અધ્યેય), [૧૧]અનધ્યાય, સ્વાધ્યાય; [૧૨]ઉપાધ્યાય (ઉપાધ્યો),—अन.—**અધ્યયન.** અધ્યાયન—**अक—અધ્યાપક**, ઉપાધ્યાપક—त—**અધીત.**

૧. એકની પછાડી એક આવે તે, અનુક્રમ, પદ્યના શબ્દો ગદ્યને અનુક્રમે ગોઠવવા.—૨. અડચણ, દુઃખ —૩. બહાર આવવું, ઉગવું,—૪. ઘણો ઉદય, આબાદી,—૫ ખર્ચ —૬. જેને ખર્ચ એટલે ફેરફાર થતો નથી તે શબ્દ.—૭. સૂર્યનું ઉત્તર તર્ફ આવવા માંડવું તે ઉત્તરાયણ, અને દક્ષિણ તરફ જવા માંડવું તે દક્ષિણાયન.—૮ રામનું વનવાસ

જવું, તે વિષેનું સંસ્કૃતમાં કાવ્ય છે તે—૯ ગુણની પેલી પાર ગએલો, નિર્ગુણ.—૧૦ ચોતરફથી ઉલટું ગએલું, પ્રતિકૂલ—૧૧. ન ભણાવવાનો દિવસ—૧૨. હલકા દરજ્જાનો ભણાવનાર; ઉપશિક્ષક, અને તેથી કેટલાક બ્રાહ્મણોના કુળનું નામ.

૨ ईक्ष्——જોવું:——

અ+આ—[ઇક્ષા]: અપ, ૧અપેક્ષા; ઉત્+પ્ર, ઉત્પ્રેક્ષા. ઉપ, ૨ઉપેક્ષાઃ નિઃ, ૩નિરીક્ષા (૪નીરખ); પરિ; પરીક્ષા.—અક—૫પરીક્ષક (પરીખ, પારેખ).

ગૂ. ધા.—૧ પરખવું (परीक्ष) ૨ પેખવું (प्रे).

૧. પોતામાં ખોટું—ખામી હોય—તે જાણવું; ખામી, ઈચ્છા, કેમકે પોતાની ખામી જાણ્યાથી તે ટાળવાનું મન થાય છે.—૨. બે પરવાહી—૩. દૂરબીનમાંથી તારા વગેરે જોવા, તપાસવું.—૪. તપાસ કરી સરકારે જે ભાવ ઠેરવ્યો હોય તે—૫. ચોતરફ જોનાર, તપાસનાર.

૩. काम्——ચાહાવું, ઇચ્છવું.——

અ—કામ: કામીઃ કામિનીઃ ૧કામધેનુ; નિઃ, ૨નિષ્કામ; સઃ, સકામ.-अन-[કામન] (કામણ), કામના; (આ);-મનઃકામના.—त—૩કાંત (કંત-કંથ); કાંતા (આ.)—ति—૪—કાંતિ.

૧ આપણે ચાહીએ તે આપનારી કલ્પિત ગાય.—૨. ભક્તિ બે પ્રકારની ગણાય છેઃ—જેમાં ફળની ઇચ્છા તે સકામ; અને નહિ તે નિષ્કામ—૩ ચાહેલો, વહાલો, ધણી,—૪, ચાહાવાપણું; ખૂબસુરતી.

૪. कृ—(લા. Creo.)—કરવું:—

અ—૧કર; કિં (શું, કાંઈપણ), ૨કિંકર; શ (કલ્યાણ) + અમ્ (દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય), શંકર; સુખકર; સમ્, ૩સંકર,-[કાર]; લોહ = લોઢું, લોહકાર (લુહાર); અહં=હું, ૪અહંકાર; અંધકાર; સત્કાર; ૫અધિકાર; ૬આકાર, પ્રકાર.—અન.—કારક; આશ્ચર્યકારક—तृ નો ता—કર્ત્તા (કિરતાર, કરતાર); જગત્કર્ત્તા—अन—કરણ; સુખકરણ. ૭અધિકરણ; ૮અનુકરણ; પ્રકરણ (પગરણ); वि + आ, વ્યાકરણ; સમ્ = બરાબર + ई (બે શબ્દ સાંધનારો પ્રત્યય). ૯સમીકરણ, કરણી; કારણ—मन्—કર્મ (કરમ); કર્મક; અકર્મક; સક-

મેંક; અકર્મી (અક્રર્મી), કર્મણિ (इ સપ્તમી વિભક્તિનો પ્રત્યય)—य.—કાર્ય (કારજ, કાજ) અકાર્ય (અકારજ); ક્રિયા; ક્રિયાપદ; પ્રક્રિયા;–ति–કૃતિ, આકૃતિ; પ્રકૃતિ; પ્રકૃતિ + અ = પ્રાકૃત; અહંકૃતિ.—त,—કૃત; કૃતાર્થ; [૧૦]કૃતઘ્ન; [૧૧]કૃતજ્ઞ; સુકૃત–त्य–કૃત્ય; દુષ્કૃત્ય.—तव्य.—કર્ત્તવ્ય.—मान.—ક્રિયમાણ.

अप+कृ=ખોટું કરવું:—અપકાર; અપકારક; અપકૃત.

उप+कृ=ભલું કરવું:—ઉપકાર, ઉપકારક, પરોપકાર.

वि+कृ=ફેરફાર કરવો, બગડવું:—વિકાર, વિકૃતિ, વિક્રિયા.

सम्+कृ=સુંદર કરવું:—સંસ્કાર (સ્ વચમાં વધે છે), સંસ્કારી, સંસ્કૃત.

अलं+कृ=શણગારવું:—અલંકાર, અલંકૃતિ, સાલંકૃત.

स्व+कृ=પોતાનું કરવું, કબૂલ રાખવું:—સ્વીકાર; સ્વીકૃત.

ગૂ. ધા.—સ્વીકારવું, સિકારવું, સકારવું.

૧, કરનાર, હાથ—૨. કાંઇ પણ કહ્યું હોય તે કરનાર. ચાકર.—૩ ભેળા થવું; મિશ્રણ, એક જાતની સ્ત્રી અને બીજી જાતના પુરૂષથી ઉત્પન્ન થએલો, વર્ણસંકર (હાફ કાસ્ટ)—૪ હું હું કરવું, અભિમાન—૫. ઉપર રહીને કરવું, ઉપરીપણું; અમલ—૬. મર્યાદા કરનાર—દેખાડનાર, કેમકે આકારથી કોઈ પણ પદાર્થની મર્યાદા જણાય છે.—૭. જે ઉપર—જે સ્થળે–કાંઈ ક્રિયા થાય છે તે સ્થળ.–૮. કોઈની પ્રમાણે કરવું, નકલ આવા-જની નકલ.–૯. ગણિતનાં બે પદને બરાબર કરવાં.—૧૦ (હ-ન્+અ=ઘ્ન=નાશ કરનાર). બીજાના કરેલા (ઉપકાર) નો નાશ કરનારનો,—ભૂલી જનારો, ઉલટો અવગુણ કરનારો.—૧૧. (જ્ઞા+અ=જ્ઞ=જાણનાર) બીજાના ઉપકાર જાણનારો.

૫. क्रम्—પગલું ભરવું:—

अ.—ક્રમ; અક્રમ; [૧]ઉપક્રમ, [૨]પરાક્રમ; પરિક્રમા (પર-કમ્મા; પડકમ્મા,) [૩]વિક્રમ; વિ + ઉત્, વ્યુત્ક્રમ; (ધાતુ બેવડાવાથી) ચક્ર (ચાક), अन.—ક્રમણ; પરિક્રમણ.—ति—ક્રાંતિ; ક્રાંતિવૃત્ત; [૪]સંક્રાંતિ.

પગલાં ભરવાં, બહાદુરીનાં કામ–૩. વિશેષ પગલાં ભરવાં, બહાદુરી, બહાદુરી કરનારા એક બહાદુર રાજાનું નામ. ૪. સાથે જવું, સૂર્યનું કોઇ રાશિમાં આવવું; મકરરાશિમાં આવવું.

૬. खड् (खंड्)—ભાગવું, નાશ કરવો.

अ—ખંડ (ખાંડ, ખાંડું)-अन-**ખંડન;** [ખંડનક] (क=લઘુ. પ્ર.) (ખાંડણિયો); [ખંડની] (ખંડણી—ખાણ્ણી-ખાંયણી)-ईय.—**ખંડનીય**—इत. **ખંડિત** (ખંડિયો); અખંડિત.—ग-[1]ખડ્ગ (ખડગ).

ગૂ. ધા.—ખંડવું. ખાંડવું—ગૂ. શ.—ખંડણી (खंडनीय કે खंडनी ?) ખંડેર—ખંડિયેર; ખડી (?).

૧. નાશ કરનારૂં હથીઆર; એક જાતની તરવાર.

૭. ख्या.—કહેવું, વખાણવું, પ્રસિદ્ધ કરવું:—

अ+आ.—[ખ્યા]; વિ+આ; [1]વ્યાખ્યા.—अन.

આખ્યાન; [2]રૂપાખ્યાન; [3]રૂપાખ્યાપન; વ્યાખ્યાન; (વિખાણ, વખાણ).—त.—[**ખ્યાત**]; પ્રખ્યાત. અપ્રખ્યાત; વિખ્યાત ति—**ખ્યાતિ** (ખ્યાત); પ્રખ્યાતિ; વિખ્યાતિ. —इका—[4]**આખ્યાયિકા.**

सम+ख्या=ગણવું, ગણીને એટલે બરાબર વિચારીને કહેવું:—(अ+आ) **સંખ્યા,** [5]અસંખ્ય; [6]સાંખ્ય.—त.—[7]**અસંખ્યાત.**

ગૂ. ધા.—વિખાણવું—વખાણવું.

૧. વિશેષ મર્યાદા બતાવીને કહેવું.—૨. શબ્દનાં રૂપ કહેવાં.—૩. શબ્દનાં રૂપ કહેવડાવવાં.—૪. નાની વાર્તા; ઉપકથા.—૫. જેની સંખ્યા નથી તે, અગણિત.—૬. ગણીને—સંપૂર્ણ વિચાર કરીને કહેનાર, સિદ્ધાંત બતાવનાર, દર્શન અથવા શાસ્ત્ર, એક અમુક દર્શન; આપણામાં ધર્માનુકૂલ છ દર્શનો ગણાય છે.—બે મીમાંસા (જૈમિનિકૃત પૂર્વમીમાંસા અને બાદરાયણ વ્યાસકૃત ઉત્તરમીમાંસા અથવા વેદાંત); બે ન્યાય (ગૌતમકૃત અને કણાદકૃત); તથા બે સાંખ્ય (કપિલકૃત અને પતંજલિકૃત, છેલ્લું યોગશાસ્ત્ર એ નામથી પણ ઓળખાય છે)—૭. નહિ ગણેલું.

૮. गण्—ગણવું.

अ– ગણ, [1]ગણેશ (ईश), ગણિકા (ગુણિકા).—अन—ગણના—અવગણના.—इत—ગણિત, અંકગણિત, અક્ષરગણિત, મિશ્રગણિત, અગણિત.

ગૂ. ધા. ગણવું.

૧. શિવના જે ગણ-ટોળાં કહેવાય છે તેનો ઉપરી-સેનાપતિ, મનુષ્યનાં ટોળાંનો એટલે તમામ જગતનો ઉપરી, પરમેશ્વર.

૯. गम्—જવું.

अ.—[ગમ]. પ્લવ=કૂદકારો, [1]પ્લવંગમ; વિહ=આકાશ, [2]વિહંગમ; [3]નિગમ; સંગમ; (ધાતુ બેવડાયો) [4]જંગમ—[ગ], ખ=આકાશ; [5]ખગ:—ન=નહિ, [6]નગ; [7]નાગ (નગ+(अ): નગર (નગ+ર); નગર+अ=[8]નાગર; પદ્=પગ,+ન=નહિ; [9]પન્નગ; ભુજ=વાંકું વળવું, [10]ભુજંગ; [11]દુર્ગ; [12]દુર્ગા; (आ); સંગ; સંગી (સગાં); (ધાતુ બેવડાયો) ગંગા (आ—अन—ગમન, નિર્ગમન.–इन्—[ગામી], [13]ગરૂડગામી; [14]ગજગામિની (इनी);—य—ગમ્ય, અગમ્ય; સુગમ્ય (સુગમ); સુગમતા (ता);—त्र.—[15]ગાત્ર;—त.—ગત (ગયો); ગત+આગત= ગતાગત; અવગત (અવગતિયું);—ति—ગતિ; દુર્ગતિ; નિર્ગતિ (નિર્ગત); સંગતિ (સંગત);—त्—(ધાતુ બેવડાયો) [16]જગત્; જગદીશ (ઇશ), જગન્નાથ.

आ+गम्=આવવું:—अ—[17]આગમ;—अन—આગમન:—त—[આગત]; અભિ, [18]અભ્યાગત; [19]આગતાસ્વાગતા (आगता+सु+आगताः).

ગૂ. ધા. ગમવું, ગમ પડવી, નિર્ગમવું.

૧. કૂદકારો મારીને ચાલનાર, વાંદરો. એક જાતનો છંદ, કેમકે તેની ચાલ એ રીતે કૂદકારો મારતી છે—૨. આકાશમાં ચાલનાર, પક્ષી—૩ માંહેનું જ્ઞાન, આત્મામાંથી ઉપજેલું જ્ઞાન; વેદ,—૪. ચાલ ચાલ કરનાર, જે પદાર્થ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે અથવા લઇ જઈ શકાય છે તે.—૫. આકાશમાં ચાલનાર, પક્ષી.—૬ ન ચાલનાર, ચાલી ન શકે તે; પર્વત, ઝાડ—૭. પર્વતમાં ઉત્પન્ન થએલા, સર્પ, હાથી.—૮. નગરમાં રહેનાર. શહેરી, એક જાતના બ્રહ્મણ, કેમકે તેમનું મૂળ વતન વડનગર (વૃદ્ધનગર) ગૂજરાતમાં પહેલવહેલું

નગર હોય એમ સંભવે છે.—૯ પગે નહિ (પેટ ઘસડીને) ચાલનાર, સર્પ.—૧૦. વાંકો વાંકો ચાલનાર, સર્પ—૧૧. જ્યાં આવું અઘરૂં છે તે સ્થળ, પહાડી કિલ્લો.—૧૨ પહાડી કિલ્લા અથવા પહાડમાં રહેનારી (દેવી), પાર્વતી.—૧૩. ગરૂડપર બેસીને જનાર, વિષ્ણુ.—૧૪ હાથીની પેઠે (મલપતી ચાલે) ચાલનાર સ્ત્રી—૧૫. ચાલવાનું સાધન, શરીરના સાંધા, શરીર.—૧૬ ચાલી જવું, નાશવંત, આ આ દુનિયા—૧૭. આવનાર, (ઈશ્વર–શિવ તરફથી) આવેલું જ્ઞાન, તંત્રના ગ્રંથો મંત્રના ગ્રંથો નિગમ કહેવાય છે.—૧૮. આપણી તરફ (આપણે ત્યાં) આવેલો. પરોણો, અતિથિ.—૧૯. "આવ્યા તે ભલે આવ્યા" એમ કહી અતિથિનો આદરસત્કાર કરવો તે.

૧૦. गृह्, ग्रह् (લા. grex) લેવું, ઝાલવું:

અ.—ગૃહ (ઘ), [1]ગૃહસ્થ (સ્થ=રહેનાર), ગૃહિણી (ઘરૂણી); ગ્રહ, ઉપગ્રહ, અનુગ્રહ; આગ્રહ; પ્રતિગ્રહ; [2]વિગ્રહ; (વિઘરો, વઘરો); સંગ્રહ; સંગ્રહણી (इन्+ई) (સંગ્રહણી);—(એના વૈદિકરૂપ ગૃભ ઉપરથી (ગર્ભ ગાભ, ગાભો); ગર્ભિત (इत), સગર્ભા.—ગ્રાહ–इन–[ગ્રાહી]; ગુણગ્રાહી, પલ્લવ; ગ્રાહી–अन–ગ્રહણ (ઘરણ); પાણિ=હાથ, [3]પાણિગ્રહણ; अक.—ગ્રાહક (ઘરાક);—य.—[4]ગ્રાહ્ય;—इत—ગ્રહિત.

ગૂ. ધા. ગ્રહેવું, ઘેરવું (?) ગ્રહણ કરવું. ગૂ. શ. ઘેર, ઘેરૈયો.

૧. (બ્રહ્મચર્ય-વિદ્યાભ્યાસ પૂરો કરી) ઘરમાં રહેનાર, પરણેલો, ઘરબારી. સંસારી. બધાં ખરચ કરી શકે એવો, પૈસાવાળો, આબરૂદાર, દક્ષિણા ન લેનારો બ્રાહ્મણ—૨. (કોઇથી) ઉલટું પકડી રાખવું, લડવું. —૩ હાથ પકડવો, પરણવું.—૪. લેવા યોગ્ય, લઈ (સમજાઈ) શકે એવું,

૧૧. चर्.—૧ જવું, ચાલવું, ફરવું. ૨ ચરવું:–

અ.—ચર; [1]ખેચર; [2]ગોચર; [2]અગોચર; જલચર; ભૂચર; [3]વનચર; [4]અનુચર; [5]સચર + [6]અચર = [7]સચરાચર; [8]સહચરી. (ई).—[ચાર] આચાર; સત્, સદાચાર; અન્, અનાચાર; ઉત્ [9]ઉચ્ચાર; ઉપચાર; દુરાચાર; પ્રચાર; વિચાર; વિ + અભિ, વ્યભિચાર; સંચાર; સમ્ + આ, સમાચાર—अन.—[10]ચરણ, ચરણારવિંદ (અરવિંદ=કમળ); ચરણામૃત; આચરણ; સત્,

સદાચરણ; મંગળ, મંગળાચરણ—ચારણ—**अक**,—**પ્રચારક.**—**इन**–[**ચારી**]; બ્રહ્મચારી; બ્રહ્મચારિણી; દુરાચારી; વ્યભિચારી, વ્યભિચારિણી; અવિચારી.—**य**—[**ચર્ય**]; [૧૧]બ્રહ્મચર્ય; મુખચર્યા; (**आ**); આ, આશ્ચર્ય.–[**ચાર્ય**]; આચાર્ય (આચારજ, આચારી) ધર્માચાર્ય,—**इत्र**—**ચરિત્ર**–**इत**–**ચરિત.**—**मन**—**ચર્મ**, (ચામ, ચામડું); ચર્મકાર, (ચમાર).

ગૂ. ધા.–ચરવું; ઉચરવું; ઓચરવું; વિચરવું; વિચારવું; સંચરવું; સાંચરવું.

૧. આકાશમાં ચાલનાર, પક્ષી, ગાંધર્વ.—૨. ગાયો વગેરેને ચરવાની જમીન; ગો એટલે ઇંદ્રિયો જેમાં જઈ શકે—જે જાણી શકે—તે; જેમકે દૃષ્ટિગોચર, નહિ જાણી શકાય—છૂપું-તે અગોચર.—૩. વનમાં ફરનાર, જંગલી, પશુ,—૪. પછાડી પછાડી ચાલનાર, હજુરી, ચાકર.—૫ ચાલવાપણા સહિત, જીવવાળા.—૬. જેનામાં ચાલવાપણું નથી તે, જીવ વગરના—૭. જીવવાળા અને જીવ વગરના તમામ પદાર્થોમાં જે વ્યાપી રહેલો છે તે, પરમેશ્વર—૮. સાથે ફરનારી, બહેનપણી.—૯. (મોંમાંથી) બહાર કાઢવું—૧૦. ચાલનાર, પગ, છંદનો એક ચતુર્થાંશ. વેદ ભણનારાઓની શાખા (School).—૧૧. બ્રહ્મ એટલે વેદ—કુંવારાજ રહેવું જોઇએ એવો ડહાપણભરેલો વિચાર વેદ કાળમાં હતો.

૧૨. **चल्**—હાલવું; ચાલવું:—

अ.—[**ચલ**]; [૧]અચલ; હિમ, હિમાચલ; નિશ્ચલ; અવિચલ; (ધાતુ બેવડાયા.) [૨]ચંચલ, [૩]ચંચલા, ચંચળતા, ચાંચલ્ય—ચાલ—**अन**—**ચલન** (ચલણ); [**ચાલન**]; (ચાળણ); ઉત્, ઉચ્ચાલન; [ચાલની] ચાળણી,—**ईय.**—**ચલનીય** [ચલણી]–**इत.**–**ચલિત,** પ્રચલિત, વિચલિત.

ગૂ. ધા.—ચાલવું, ચળવું, ચાળવું:—

૧. હાલી ચાલી શકે નહિ તે, સ્થિર, દૃઢ, પર્વત, કેમકે તે હાલતો ચલતો નથી.—૨. હાલ હાલ કર્યા કરનાર; બુદ્ધિની

ગતિવાળો, હોશીઆર; જેનું મન જલદીથી ખસી જાય તે.-૩. લક્ષ્મી, કેમકે તે જેની પાસે હોય ત્યાંથી જલદી ખસી જાય છે.

૧૩. ચિ.—એકઠું કરવું; ઢગલો કરવો:—

अ.—[**चय**]; नि, નિશ્ચય (નિશ્ચે); ૧પરિચય; સંચય (સંચે) (સંચો ?); સમ્ + ઉત્, સમુચ્ચય.—त—[**चित**] ૨ચિતા (आ); નિશ્ચિત; સંચિત.

ગૂ. ધા—સંચવું; સાંચવું; સંચય કરવો; નિશ્ચય કરવો.

૧. ઘણું એકઠા થવું-મળવું, ઓળખાણ, મહાવરો.—૨. ઢગલો કરેલો, મુડદાંને બાળવા સારૂ લાકડાંનો ઢગલો કર્યો હોય તે.

૧૪. चित्.—જાણવું; વિચારવું;—

क्विप्.—(આ પ્રત્યય નામનોજ છે. ધાતુ હોય તેવોને તેવોજ રહે, પણ કર્ત્તા ક્રિયા વગેરેના અર્થો તેમાં વધે.)

ચિત્; ચિદાનંદ; ચિદ્ઘન; ચિન્મય; સત્ = હમેશાં જે છે તે, સચ્ચિદાનંદ.—अ—[**चेत**]; અચેત; સચેત.—अन.—**ચેતન**; ચેતના; ચૈતન્ય (य); સચેતન.—त.—**ચિત્ત**.—र.—**ચિત્ર**; ચિત્રકાર (ચીતારો); ચિત્રા; ચૈત્ર (अ) વિચિત્ર; વૈચિત્ર્ય.

ગૂ. ધા.—ચેતવું; ચીતવવું (?) ચીતરવું.

૧૫. चिंत्.—વિચારવું; ફિકર કરવી:—

अ.—**ચિંતા**—अन.—**ચિંતન**—त.—[**ચિંત**]; નિશ્ચિંત. (નચિંત, નચીન).—इत—**ચિંતિત**, (અચિંતિઓ, અચિંત્યો, ઓચિંતો).

૧૬. छद्.—ઢાંકવું; સંતાડવું:—

अन—આ + છાદન = ૧આચ્છાદન.—इत—આ + છાદિ = આચ્છાદિત.—न—[**छन्न**] (છાનું)—य. છાદ્ય—(છાજ). त्र.—૨**छत्र** (છત્તર); છત્રી. (ई)—ली—૩**छल्ली** (છાલ).

ગૂ. ધા—છાહવું, છાંદવું-ગૂ. શ.-છજું, છત, છાજલી.

૧. ઢાંકણુ—૨ વર્ષાદ અથવા તાપથી શરીર ઢાંકવાનું સાધન.—૩. ઝાડ અથવા ફળ ઉપરનું ઢાંકણુ.

૧૭. छिद्—(લા. scindo)-કાપવું; ભાગ કરવા:—

अ—છેદ; સમ=બરાબર, સમચ્છેદ; ઉત્, ઉચ્છેદ; પરિચ્છેદ.

—इत.—ઉચ્છેદિત. (ઉછેદિયો).—त —છિન્ન, [1]અવિછિન્ન ધારા;—अन.—છેદન, છેદનબિંદુ; છેદન લીટી.—अक.—છેદક, ઉચ્છેદક.—र.—છિદ્ર (છીંડું).

ગૂ. ધા.—છેદવું, છીનવું.—ગૂ. શ.—છીની.—છીણી.

૧૮. जन्.-(લા. Gigno, Geno.) **પેદા કરવું; પેદા થવું:-**

અ.—**જન,** દૂર+ર્=દૂરના, દૂરીજન; મહાજન; સજ્જન; સર્વજન. સાર્વજનિક; દુર્જન; નિર્જન; પરિજન; સુજન; સુજનતા; સૌજન્ય.—[જ]; અંડ=ઈંડું, [1]અંડજ;–તનુ=શરીર, તનુજ (તનુ) તન; દ્વિ=બેવાર, [2]દ્વિજ; પંક=કાદવ, [3]પંકજ; પુર્વજ; મનઃ; [4]મનોજ; વંશજ; [5]અજ; ઉત્+ભિદ્; ઉદ્ભિજ્જ; [6]સહજ (સહેજ); [7]અનુજ, રામાનુજ; પ્રજા—अन—જનક; દુઃખજનક—अक. **જનન;** જનની (જનુની)—तृ.—જનિતા, જનિત્રી (જનિતા, જનેતા). इत.—જનિત.—त.—જાત (જાયો). અજાત શત્રુ—ति. **જાતિ** (જાત), ईय, વિજાતીય, સ્વજાતીય; સુજાતિ (સજાત)-य. **જન્ય;** [8]જનયા (આ).—मन्—જન્મ; જન્માંતર-उ.-જંતુ.

ગૂ. ધા.—જણવું જન્મવું, જન્મવું. જન્મ આપવો.

૧. ઇંડામાંથી જન્મનાર પ્રાણીઓઃ—૨. બે વાર જન્મનાર, જે વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રી ને વૈશ્ય) ને જનોઈ દેવાય છે તે, કેમકે યજ્ઞોવિપત એટલે વિદ્યાસંસ્કારથી માણસનો બીજીવાર જન્મ થયો એમ કહેવાય છે. ૩. કાદવમાં ઉત્પન્ન થનાર, કમળ.—૪. મનમાં ઉત્પન્ન થનાર, કામદેવ—૫. જેને જન્મ નથી તે બ્રહ્મા, ઈશ્વર, રામના પિતામહ—૬. સાથે જન્મનાર, જન્મગુણ, સ્વાભાવિક થોડી મહેનતે થઇ શકે એવું, સહેજ—૭. પછીથી જન્મનાર, નાનો ભાઈ. —૮. જણનારી, સ્ત્રી, રાણી.

૧૯. जि—જીતવું:—

અ.—**જય** (જે); [1]ધનંજય; [2]પરાજય; વિજય. દિક્=દિશા, [3]દિગ્વિજય; [4]વિજયાદશમી—न—[5]**જિન;**

[૬]જૈન (अ).—त—જિત; જિતેંદ્રિય; અજિત; વિક્રમાજિત.
—इ—જિત્, [૭]ઇંદ્રજિત.

ગૂ. ધા.—જીતવું.

૧. ધનને જીતનાર, ઇંદ્ર.—૨. જયથી ઉલટું હારવું.—૩, દિશાઓને એટલે ચોતરફના દેશોને જીતવા.—૪. વિજય કરવાની દશેમ, દશેરા, ચોમાસામાં બંધ પડેલી લડાઈઓ પાછી ચલાવવા આ દિવસે અસલ રાજાઓ કુચ કરતા હતા.—૫. ઇંદ્રિયોને જીતનાર, જૈનમાર્ગ પ્રથમ ચલાવનારા સાધુઓ.—૬. જિન સાધુએ ચલાવેલો માર્ગ, તે માર્ગને માનનારા શ્રાવક.—૭. ઇંદ્રને જીતનાર, રાવણનો પાટવી કુંવર.

૨૦. जीव्-(લા. Vivo.) જીવવું:-

अ.—જીવ; નિર્જીવ; સજીવ.—इन.—[જીવી]; [૧]અનુજીવી; [૨]ચિરંજીવી.—अन—જીવન (જીવણ); સજીવન; સંજીવન; મૃત=મુએલું, [૩]મૃતસંજીવિની (इन्) त्-[જીવત]; જીવતિક્રિયા.—इका.—જીવિકા; આજીવિકા; ઉપજીવિકા—इत.—જીવિત.

ગૂ. ધા—જીવવું—ગૂ. શ.—જીવડું. જીવાત.

૧.—એકની પછાડી જે બીજા લોકોનું જીવન ચાલે છે તે ચાકરો વિગેરે, આશ્રિત વર્ગ.—૨. લાંબું જીવનાર; (આશીર્વચને) પુત્ર કદી મરતા જ નથી એમ માનેલા જે સાત જણા છે તે:—બળિરાજા, પરશુરામ, વિભીષણ, હનુમાન, વ્યાસ, અશ્વત્થામા અને કૃપાચાર્ય.—૩. મુએલાંને જીવતાં કરે એવી કલ્પિત ઔષધિ કે વિદ્યા.

૨૧. तप् (લા Tepeo). તપવું.

अ—તાપ (તાવ); તાપી (ई); પશ્ચાત્=પછાડીથી, [૧]પશ્ચાત્તાપ (પસ્તાવો) પરિતાપ. પ્રતાપ; સંતાપ—अस-[તપસ્] (તપ); તપોધન (તપોદન; તપશ્ચર્યા; [૨]તાપસ अ); તપસ્વી (विन्); તપસ્વિની (विन्+ई).—त.—તપ્ત (તાતો); સંતપ્ત.

ગૂ. ધા.—તપવું, તાપવું, તાવવું. પસ્તાવું.—ગૂ. શ. તાપેલું—તપેલું—પાતેલું; તાવેતો; તવેતો; તાવી—તવી; તાવડી; તાવણી, તપત.

૧. નઠારૂં કામ કર્યાં પછી જીવમાં જે બળાપો થાય છે તે.—૨. તપ કરનારો તપસ્વી.

૨૨. तुल्-(લા. Tollo) તોળવું. બરાબરી કરવી.

अ—તોલ (તોલો, તોલું); [૧]અતુલ; (અતોલ); [૨]તુલા (તોળા) [સંતોલ] (સંતોલો);-अन.-**તોલન,** તુલના (તોલાના); य.—**તુલ્ય;** અતુલ્ય.

ગૂ. ધા—તોળવું.—ગૂ. શ. તોળાટ.

૧. જેનો મુકાબલો નથી તે.—કાંટો એ આકારની એક રાશિ. તોળવું, મુકાબલો કરવો, માણસની સામા અન્ન, સુવર્ણ, વગેરે પદાર્થોને તોળી દાનમાં આપી દે છે તે.

૨૩. तुष्.—સંતોષ પામવું:—

अ—તોષ; સંતોષ (સંતોખ, સંતોક); અસંતોષ; અસંતોષી (इन);—त—**તુષ્ટ** (તૂઠો, તૂઠ્યો, ત્રૂઠ્યો); સંતુષ્ટ.—ति —**તુષ્ટિ,** તુષ્ટિદાન.—मान—**તુષ્યમાણ** (તુષ્ટમાન).

ગૂ. ધા-તૂઠવું-ત્રૂઠવું; સંતોખવું; સંતોષ પામવું:-

૨૪. तॄ.—(લા. Terminus.)**-તરવું ઓળંગવું, ઉછળવું, ફૂટી નીકળવું:**

अ.—[**તર**]; [૧]તરંગ (તુરંગ); [૨]તરંગિણી; દુસ્તર; [૩]તરી;-**તીર.—તાર;** [૪]અવતાર ([૫]ઓવારો, આરો); નિસ્તાર;—

अन.—તરણ; અવતરણચિહ્ન;—**તારણ—તૃણ** (તરણું)

अक—તારક ([૬]તારો): तृ—**ત્રાતા**—उ—[૭]**તરૂ.—य.** [**ઉત્તાર્ય**] (ઉતાર)—थ.-**તીર્થ** (તીરથ); તીર્થંકર—अनि.-[૮]**તરણ;** [૯]તરણિજા.

ગૂ. ધા. તરવું; તારવું; અવતરવું; ઉતરવું.

૧. ઉછળીને ચાલનાર, પાણીનાં મોજાં, પવનની લહેરે, મનના બુટ્ટા-કલ્પના—૨. મોજાંવાળી, નદી.—૩. હોડી, હોડીનો રસ્તો; જળમાર્ગ.—૪. નીચે આવવું, ઉતરવું, સ્વર્ગમાંથી ઉતરીને આ લોકમાં દેવતા જે જન્મ ધરે તે, આત્મા એક દેહ છોડી બીજા દેહમાં જાય તે—૫ નદીમાં ઉતરવાનું ઠેકાણું—૬ તારનારો તરવામાં ઘણો હોશિયાર, આકાશમાં જે તારા દેખાય છે, તેની આ વ્યુત્પત્તિ સમજવી નહિ. અગર [જો સંસ્કૃતમાં

એને પણ "તારક"જ કહે છે. ઇંગ્રેજી star વગેરે અન્ય ભાષાના એ અર્થનાજ શબ્દો સાથે મુકાબલો કરતાં એમ સાબિત થયું છે કે એની વ્યુત્પત્તિ स्त ધાતુમાંથી છે.—૭. ફણગો ફુટીને નીકળનાર, ફણગો, છોડ, ઝાડ.—૮. દૃષ્ટિમર્યાદા ઓળંગી જનાર, સૂર્ય.—૯. સૂર્યથી ઉત્પન્ન થએલી, યમુના નદી, કેમકે તે સૂર્યની પુત્રી છે.

૨૫ दा, दद्.—(લા. Do.) આપવું:—

अ – [દ]; દુઃખદ; સુખદ; નર્મ = આનંદ, નર્મદા.—अन— દાન (દાણ, દેણ); અપ+આ, અપાદાન; નિદાન; સંપ્રદાન [દાપન] (દાપું);—अक.—દાયક; સુખદાયક—त.—દત્ત, દત્તક (ક=લઘુ. પ્ર). ઉત્+આ+દત્તમાંથી દનો લોપ, [1]ઉદાત્ત; અન્; અનુદાત્ત;—य—[2]દાય;-વિદાય; સંપ્રદાય.—इन्.— દાયી (દાઈ).

ગૂ. ધા—દેવું; દાન કરવું.

૧.—ઊંચેથી આપેલો, જે સ્વર ઉપર બહુ ભાર મૂકવામાં આવે છે તે. ભારને હિસાબે માણસના ઉચ્ચારણમાં ત્રણ સ્વર (Accents) આવે છે:—ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત. ઊંચેથી બોલાય તે ઉદાત્ત. નીચે બોલાય તે અનુદાત્ત, અને મધ્યમ રીતે બોલાય તે સ્વરિત; એ ભેદ હજી વેદ ભણવામાં કાયમ રહેલો છે.–૨. આપવાનું. વારસો.

૨૬. दिव्.—પ્રકાશવું. ૨. રમવું.

अ.–દેવ; દેવાલય (દેવલ); દેવગૃહ (દહેરૂં); દેવી; દેવતા; દેવત્વ; દૈવ; (अ); દૈવત્વ (દૈવત); દૈવ; (इन्)— य—દિવ્ય—न—દિન; [1]દિનકર; [2]દિનમાન; દૈનિક—अस् [દિવસ્). [1]દિવાકર દિવસ (अ).—त— દ્યૂત (જૂઉ). દ્યૂતકારી (कृ+इन्) (જૂગારી).

૧. દહાડો કરનાર. સૂર્ય–૨. દહાડાનું માપ, કેટલી ઘડીનો અમુક દહાડો છે તે.

૨૭ दिश–(લા. Dico.) જોવું, દેખાડવું, હુકમ કરવો:-

क्विप्.—દિક્ (દિશ્‌નું પ્રથમાંત રૂપ), [1]દિગંત (અંત);

[2]દિગંબર (અંબર); દિક્‌પાળ (દિગપાળ), દિગ્વિજય, દિઙ્-મૂઢ; દિશા (દિશ); [3]ઉપદિશા. અ,—દેશ; દેશાંતર (અંતર=બીજો); [4]આદેશ; ઉત્. ઉદ્દેશ; ઉપદેશ; ઉપદેશક (અક); નિર્દેશાલંકાર; [5]વિદેશ; પ્રદેશ; [6]સંદેશ (સંદેશો)—ય.—દેશ,—ઈય—દેશીય (દેશાઈ).

ગૂ. ધા—દીસવું.

૧ ચારે દિશાનો અંત જે ગોળવૃત્તમાં થતો દેખાય છે તે. દૃષ્ટિમર્યાદા-૨. દિશાજ જેનાં વસ્ત્રો છે તે; નાગો બાવો; જૈન માર્ગના અમુક પંથના સાધુઓ.—૩. હલકા દરજ્જાની દિશાઓ:-વાયવ્ય, ઇશાન, અગ્નિ અને નૈઋત્ય કોણ-૪. રાજા કે યોગીની આજ્ઞા-૫. દેશથી ઉલટું. પરદેશ.-૬. સારી રીતે કહી દેખાડવું, કહેણ.

૨૮. દીપ્—બળવું, પ્રકાશવું:—

અ—દીપ (દીવો); દીપાલી (અલી=હાર) (દિવાળી); દીપતૈલ (દીવેલ); દીપમાળા (દીપમાળ); દીપવર્ત્તિ (દીવટ, દીવેટ),—અન-દીપન, [1]ઉદ્દીપન.—અક-દીપક (દીવડો), દીપિકા (દીવી).—તિ—[2]દીપ્તિ—ત.—[દીપ્ત]; [3]પ્રદીપ્ત; —માન —(ધાતુ બેવડાયો) [4]દેદીપ્યમાન.

ગૂ. ધા. દીપવું.

૧. વધારે પ્રકાશિત કરનાર, રસમાં વધારો કરનાર—૨. પ્રકાશવાપણું, દીપવું. શોભા—૩. વધારે પ્રકાશેલું, જાગૃત.—૪. અતિશય પ્રકાશતું; ઝળાંઝળાં થઇ રહેલું

૨૯. દૃશ્.—જોવું:—

ક્વિપ્.—[દૃશ્] તત્=તે, [1]તાદૃશ્; [2]સદૃશ્; [3]સાદૃશ્ય-અ.—આદર્શ (આરસો, આરસી)—અન—દર્શન, પ્રદર્શન, સુદર્શન—અક—દર્શક; દુરદર્શક; સૂક્ષ્મદર્શક—ય— દૃશ્ય, અદૃશ્ય—અનીય—દર્શનીય (દરશણીક)—ત— દૃષ્ટ (દીઠો); [4]અદૃષ્ટ (અદીઠો); દૃષ્ટાંત.—તિ.—દૃષ્ટિ; કુદૃષ્ટિ, દૃષ્ટિમર્યાદા. —તૃ.—દ્રષ્ટા.

ગૂ. ધા. દેખવું.

૧. તેવું.—૨ સરખું—૩. સરખાપણું.—૪. નહિ દીઠેલું નસીબ.

૨૦. धा, धि.—ધારણ કરવું.

क्विप—[धि]. અવધિ (અવધ);—[1]આધિ, [2]ઉપાધિ, [3]વ્યાધિ, સમાધિ (સમાધ)—[4]નિધિ, [5]પ્રતિનિધિ; સંનિધિ; સાંનિધ્ય (य);–સંધિ. [6]સંધ્યા (य+आ); અપ્=પાણી, [7]અબ્ધિ; ઉદ=પાણી, [8]ઉદધિ (દધિ); [7]જલધિ; પયસ્=પાણી, [8]પયોધિ; ઓષ=ઉષ્ણતા, [9]ઓષધિ; ઔષધ (अ)—अ.—[ध]. સંધ (સાંધો); સ+અવ, સાવધ. [10]સુધા (आ); વસુ=દ્રવ્ય, [11]વસુધા. —अन.—[धान]; અભિધાન, અંતર્ધાન,—અવધાન (ઓધાન); અષ્ટાવધાની (इन्); શતાવધાની (इन्); વ્યવધાનઃસ, સાવધાન,–આધાન; ગર્ભાધાન; સમ્, સમાધાન; પ્રધાન; પ્રાધાન્ય. (य)—નિધાન; સંનિધાન; પરિધાન (પહેરણુ); વિધાન; સંધાન (સાંધણુ); [12]અનુસંધાન;—ઉર્ધ્વ=ઉપર, ઉર્ધ્વધાની (ઊઢણી); રાજધાની.—म—ધામ.—तृ. ધાતા; ધાત્રી; વિધાતા; વિધાત્રી—त.—હિત; પુરસ્=આગળ, [13]પુરોહિત (પરો'ત); વિહિત; [14]સંહિતા (आ).

ગૂ. ધા. પહેરવું; સાંધવું:–

૧. મનનું દુઃખ—૨ પાસેથી–આસપાસથી આવી પડેલું દુઃખ—૩. મનના દુઃખથી ઉલટું. શરીરનું દુઃખ, રોગ–૪. માંહે ધારણ કરનાર, ખજાનો—૫. સામાની–બીજાની તરફથી અધિકાર પોતામાં ધારણ કરનાર—૬. જોડનારી, રાત દિવસને જોડનારી વેળા, સવાર કે સાંજ ગમે તે; સાંજ; સાંજ સવાર ને ઝળઝળીઉં દેખાય છે તે; સાંજે, સવારે, તથા બપોરે જે ધર્મક્રિયા દ્વિજોને કરવાની કહી છે તે છેલ્લા અર્થમાં એ શબ્દનું મૂળ 'ધ્યૈ=ધ્યાન કરવું" એ ધાતુ ઉપરથી પણ હોય—૭ પાણીને ધારણ કરનાર, સમુદ્ર.—૮. પાણીને ધારણ કરનાર. સમુદ્ર; વાદળું—૯. ઉષ્ણતા ધારણ કરનાર, વનસ્પતિ. આ ઉપરથી જણાય છે કે પ્રાચીન આર્યો જાણતા હતા કે વનસ્પતિને ઊગવાને સારૂ ગરમી અવશ્યની છે.—૧૦. અમૃત—૧૧. દ્રવ્યો એટલે નાના પ્રકારની ખનિજ પદાર્થને ધારણ કરનારી, પૃથ્વી.—૧૨. એકની સાથે બીજાનું સંધાવું, લાગેલાગ મેળવવો અથવા મળવો, સંબંધ મેળવી દેવો.—૧૩. યજ્ઞાદિ ધર્મકર્મમાં જેને આગળ એટલે પ્રમુખ ઠેરવ્યો છે તે, ગોર ક્ષત્રિય વગેરે કેટલીક નાતના ગોરને હાલ પરોત કહે છે.—૧૪. સાથે ધારણ કરેલું, ગોઠવીને સંગ્રહ કરેલો, વેદની સહિતા કહેવાય છે, કેમકે તેના મંત્રો છૂટા છૂટા ચાલતા હતા, તેને વેદવ્યાસે અનુક્રમે ગોઠવી હાલના આકારમાં સંગ્રહ કર્યો છે.

૩૧. ધૃ, ધાર્, ધુર્.—ઝાલી રાખવું.

અ—[ધર]; [1]ગંગાધર; જલંધર (જળંદર); પયસ્, [2]પયોધર; [3]ભૂધર; વસુ, [4]વસુંધરા.—[ધાર]; સૂત્ર=દોરી, [5]સૂત્રધાર (સુતાર), નિર્ધાર; ધારા (આ)–[ધાર]; આધાર; જગત; જગદાધાર; વિશ્વાધાર; દુગ્ધ=દૂધ, દુગ્ધાધારી (દૂધાધારી) (इन्); નિ; નિરાધાર.—ધીર (ધીરો); ધીરા; ધૈર્ય (य) (ધીરજ); અધીર (અધીરો).—ધુર; ધુરંધર; ધૌરેય (ईय) (ધોરી); ધુરી (ધરી),—अन. ધારણ; સ+આ, સાધારણ, સુધારણ; ધારણા; —ધરણ; ધરણી, ધરણીધર.—तृ.—ધર્ત્તા; ધરિત્રી (ધરતી) —अक—ધારક, સુધારક.—मन्—ધર્મ. ધર્મી, ધાર્મિક—इन्—[ધારી]; વેષધારી, નામધારી; [ધારિણી]; વિશ્વધારિણી.—त. [ધૃત]; [6]ધૃતરાષ્ટ્ર; વિ, વૈધૃત (અ).

ગૂ. ધા-ધરવું; ધારવું; નિર્ધારવું; સુધારવું.

૧ ગંગાને ધારણ કરનાર; મહાદેવ, કેમકે ભગીરથ રાજા જ્યારે સ્વર્ગમાંથી ગંગા લાવ્યો. ત્યારે ઉપરથી પડતાં મહાદેવે પોતાના માથા ઉપર તેને ઝાલી લીધી હતી—૨. પાણીને ધારણ કરનાર, વાદળું. દૂધને ધારણ કરનાર, સ્તન—૩ પૃથ્વીને ધારણ કરનાર, પરમેશ્વર. પૃથ્વીએ જેને ધારણ કરેલા છે તે, પર્વત (આ બીજો અર્થ ગુજરાતીમાં ચાલતો નથી)—૪. દ્રવ્યને ધારણ કરનારી, પૃથ્વી—૫. દોરીને ઝાલી રાખનારો; પૂતળાં નચાવનારો, નાટક મંડળીનો ઉપરી; સૂતાર, કેમકે તે માપવા સારૂ હમેશાં દોરી હાથમાં લઈને ફરે છે.–૬. રાષ્ટ્ર એટલે દેશ જેણે (જુલમથી) ઝાલી રાખ્યો છે તે, રાજ્ય પચાવી પડનાર, કૌરવોનો બાપ.

૩૨. નમ્—નમવું.

અ—[નામ]; [1]પરિણામ; પ્રણામ—असू.—નમઃ નમોનમઃ (નમઃ+નમઃ); નમસ્કારઃ [2]શ્રીગણેશાયનમઃ—अन. નમન (નમણું)—त—[નત]; [3]નતાંશ; ઉત્, [4]ઉન્નત; [5]ઉન્નતાંશ; અણુત.—र—નમ્ર (નરમ): નમ્રતા.—ति.—[નતિ]; ઉત્, [6]ઉન્નતિ; વિનતિ (વિનંતી).

ગૂ. ધા.—નમવું; નામવું; પ્રણમવું. ગૂ. શ.—નમનતાઇ.

૧.—ચોતરફથી નમીને જ્યાં જાય તે, છેવટ ફળ, અસર.—૨. શ્રી ગણેશને નમસ્કાર "ગણેશાય" ચતુર્થી એકવચનનું રૂપ છે.—૩. કોઇ આકાશી પદાર્થ વિષુવવૃત્તથી જેટલા અંશ નમેલો-દૂર-હોય તે.—૪. નમેલાથી ઉલટું, અક્કડ, મગરૂર.—૫. કોઈ આકાશી પદાર્થ ક્ષિતિજથી જેટલા અંશ ઊંચો હોય તે.—૬. ઊંચે આવવું, ચઢતી.

૩૩. नश् (લા. noceo)=જતા રહેવું; નાશ પામવો:—

अ.—**નાશ;** વિનાશ; વિનાશી (इन्);અવિનાશ; અવિનાશી.—अक.—**નાશક;** વિનાશક—त.—**नष्ट** (નાઠો, નઠારો ?)

ગૂ. ધા.—નાસવું; નાશ પામવો; વણસવું:—

૩૪. ની—દોરી જવું, પમાડવું:—

अ—[૧]**નય;** [૨]વિનય; [૩]નિર્ણય; [૪]પરિણય—अन.—[૫]**નયન** (નયણ, નેણ, નેન); કમળનયની; [૬]ઉપનયન—अक.—[૭]**નાયક;** [૮]વિનાયક; નાયિકા (आ)—त्र.—**નેત્ર;** [૯]ઉપનેત્ર—त. નવ=નવું, [૧૦]**નવનીત.**—ति—**નીતિ;** રાજનીતિ, અનીતિ.

ગૂ. ધા.—આણવું (आनय); પરણવું (परिणय).

૧. સુખને પહોંચાડનાર, નીતિ, ડહાપણ.—૨. વિશેષ કરીને સુખને પહોંચાડનાર, નમ્રતા, સભ્યતા.-બહાર દોરી જવું, વિચારોને બહાર એક નિશ્ચય રૂપે કાઢવા.—૪. પરણવું, લગ્ન.—૫. હરવાફરવામાં દોરી લઈ જનાર, આંખ.—૬. હલકા દરજ્જાની આંખ વિદ્યાગુરુ પાસે બાળકને દોરી લઈ જવો; શાળામાં મોકલવો; વિદ્યાર્થી અવસ્થાનાં ચિહ્ન દાખલ હાલ જેમ ઇંગ્રેજી પાઠશાળાઓમાં અમુક પોશાક પહેરાવે છે તેમ તે સમે તે બાળકને ઘાલતા હતા તે, જનોઈ, જનોઈ દેવાની ક્રિયા. એમ કહેવાય છે કે અસલ આર્ય વિદ્યાર્થીઓ પ્રતિ વર્ષે છૂટીને વખતે પાછા ઘેર આવતા ત્યારે જનોઈ ત્યાં મૂકીને આવતા અને પાછા જતા ત્યારે તે પાછું ત્યાં ધારણ કરતા હતા, અને એ બંને પ્રસંગે અમુક ક્રિયા કરતા. એ બંને ક્રિયા હાલ બ્રાહ્મણો શ્રાવણી (બળેવ)ને દિવસે ભેગીજ કરે છે. પરંતુ પહેલા ઉપાકર્મ (જનોઈ પાછું પહેરવાનું કર્મ) કેટલાક વખતને આંતરેજ કરવામાં આવતું.—૭. દોરી

લઈ જનાર; આગેવાન; ભવાયાની ટોળીનો ઉપરી; સિપાઇઓનો ઉપરી; કાવ્યાદિમાં જે પુરુષનું મુખ્યત્વે વર્ણન કર્યું હોય તે; રસશાસ્ત્રમાં રસને મૂર્તિમાન્ કરનારાં જે જે પાત્ર વિવિધ પ્રકારનાં થઇ શકે છે તે.—૮. વિશેષ કરીને—મોટો—ઉપરી; ગણપતિ—૯ ચશ્મા —૧૦. નવું ખેંચી કાઢેલું, માખણ.

૩૫. पच्—(લા. coquo. ગ્રી. Puso.) **રાંધવું, પકવવું:—**

અ. **પાક;** પાકશાળા; પાકશાસ્ત્ર;—अन.—**પાચન**.—व. (ભૂતકૃદંતના અર્થમાં)—**પક્વ** (પકડું, પાકું); પક્વાન્ન (અન્ન); પરિપક્વ; પરિપક્વતા.

ગૂ. ધા. પાકવું; પકવવું; પચવું-ગૂ. શ. અપચો.

૩૬. पत्—પડવું:—

અ. [[1]**પત;**] [2]પતંગ (પતંગીઓ)—[3]**પાત;** અશ્રુપાત; પક્ષપાત; ઉત્પાત; નિપાત; વિ+અતિ, વ્યતિપાત, (વતિપાત) સંનિપાત (સનેપાત). अन.—**પતન;** પતન કોણ (कोण= ખૂણો); પ્ર+નિ, પ્રણિપતન.–अक.—**પાતક,** ઉત્પાતક (ઉત્પાતીઓ)—र. —[4]**પત્ર;** પત્રાલી; પત્રાવલિ; [5]પતિ, પત્રિકા– इत.—[6]**પતિત.**

ગૂ. ધા.—પડવું; પાડવું; ઉત્પતવું:—

૧.—પડવું.—૨. પડતો પડતો ચાલનાર; પતંગીઓ; એક જાતનો કનકવો.— ૩. પાડનાર, પાપ —૪. પડનાર, પાંદડું; પુસ્તકનું પાનું; લખવાના કાગળ; લખેલો કાગળ —૫. ચીઠી —૬ ધર્મમાંથી પડેલો, ભ્રષ્ટ, પાપી.

૩૭. पद्—(લા. Pedis, ગ્રી. Pates.)**—૧. ડગલું ભરવું. ૨. મેળવવું.**

क्विप्–[[1]**પદ પત**]; પત્ર; [3]પદ્ધતિ (हति=હણવાપણું); આપત્ (ફા. આફત); આપદા (आ); વિપત્; સંપત્.— ति.—[**પત્તિ**]; આપત્તિ; ઉત્પત્તિ (ઉત્પત્ત). વિ, વ્યુત્પત્તિ; વિપત્તિ (વિપત્ત; સંપત્તિ (સંપત).—अ.—[4]**પદ,** [5]**અષ્ટપદી,** પટ્પદી (છપઈ, છપય, છપ્પો); પદ + અતિ = ચાલનાર, પદાતિ (પ્યાદું); પદાર્થ; [6]પદવી. (व+ई); પાદ. (પાયો, પા); [7]સપાદ (સવા); પાદુકા (उ + क + आ); પાદુકી

(પાવડી)—अन—ઉત્પાદન; પ્રતિપાદન. સંપાદન.—अक—ઉત્પાદક;—પ્રતિપાદક; સંપાદક;–य–પદ્ય, પાદ્ય, પ્રતિ પાદ્ય—न (ભૂ. કૃ)-[પન્નઃ] ઉત્પન્ન, વ્યુત્પન્ન; સંપન્ન.—म.—[૮]પદ્મ; [૯]પદ્મનાભ; [૧૦]પદ્મા; પદ્મિની (પદ્મણી).

ગુ. ધા.-ઉપજવું (उत्पद्यते) સંપજવું (सपद्यते?); સાંપડવું, સંપાદવું.

૧. પગ.—૨. પદાંત 'द्' નો "त्" થઈ જાય છે. પગ-૩. પગવડે હણનાર; પગ પડ્યાથી પડેલો માર્ગ, પગથી-શેરડો; માર્ગ; ચાલુ રીત.—૪. પગ; શબ્દ; ગાવાની કવિતા.-૫. જયદેવકૃત ગીત ગોવિંદનાં ગાયન—૬ ડગલાં ભરવાનું ઠેકાણું. રસ્તો, પગથીઆં; દરજ્જો ૭ પદિ એટલે પા (ચતુર્થાંશ) સહિત.-૮, કમળ. ૯. જેના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા તે, વિષ્ણુ.-૧૦ લક્ષ્મી.

૩૮. पा——પાળવું:—

अ.—[પ]; [૧]ગોપ; ગોપી; ગોપિકા; નૃ=માણસ, [૨]નૃપ; [૩]ભૂપ મંડ=શોભા, મંડપ. (માંડવો); મહી=પૃથ્વી, [૩]મહીપ. त—પિતૃ; પિતા; પ્રપિતા; પિતામહ; પૈતૃક (પિત્રાઈ)-ति.—[૪]પતિ; પત્ની. [૫]સપત્ની; નૃપતિ.

૧.—ગાયોને પાળનાર, ગોવાળિયો -૨ માણસને પાળનાર,-રક્ષણ કરનાર, રાજા.-૩ પૃથ્વીને પાળનાર, રાજા.-૪. પાળનાર (અહીંઆં ति નો અર્થ કરનાર થાય છે). ધણી. ૫. પોતા જેવી બીજી પણ જે ધણીયાણી હોય તે, શોક્ય.

૩૯. पा, पी.—પીવું:—

अ.—[પ]; [૧]દ્વિપ; દ્વિપક (દીપડો), મધુ=મધ, [૨]મધુપ. अस्—[[૩]પયસ્] (પય); [૪]પયોદ; પયોધર—अन.—પાન; [૫]અનુપાન; નિપાન (નવાણ).—ईय.—[૬]પાનીય (પાણી)—य—[૬]પેય.—त्र.—[૭]પાત્ર.—क्विप्.—મદ્યપી, સુરાપી.

ગુ. ધા. પાવું; પીવું:—

૧.—બે રીતે (સૂંઢ ને મોંથી) પીનાર, હાથી—૨. મધ પીનાર, મધમાખી, ભ્રમર, ભમરો.—૩. પીવાનું, પાણી, દુધ. —૪. પાણી આપનાર; વાદળું—૫. વૈદ્યની માત્રા સાથે બીજું

કાંઈ પીવાનું કે ખાવાનું ઓસડ કહ્યું હોય તે.—૬. પીવા યોગ્ય, પીવાનો પદાર્થ—૭. પીવાનું સાધન, આબખોરો (ફારશીમાં એનો અર્થ પાણી પીવાનું વાસણ એમજ થય છે); ગમે તે વાસણ (એ ઠેકાણે પા નો પાળવું એ અર્થ લેવો વધારે ઉચિત છે.

૪૦ पाल्:—પાળવું:—

अ.—[પાલ] (પાળો, વાળો પ્રત્યય); ક્ષેત્રપાલ (ખેતરપાળ); ગોપાલ (ગોવાળ, ગોવાળીઓ); ગોપાલિની (ગોવાળણી, ગોવાળણ); દિક્પાલ (દિગપાળ); રક્ષપાલ (રખવાળ), (રખેવાળ), ભૂપાલ; સુખપાલ, પ્રતિપાલ; [પાલી] (પાળી, પાળ, પાર-પાર્ય).—अक—પાલક (પાલખ, પાળીઓ); પાલકી (પાલખી ?) પ્રતિપાલક—अन—પાલન (પાલણ, પારણું—પાણું—પાયણું); પ્રતિપાલન.

ગૂ. ધા.—પાળવું, પળવું;—

૪૧. पू.—ચોખ્ખું કરવું; પવિત્ર કરવું:—

अन—[૧]પવન; પાવન; [૨]પતિતપાવન—अक.—[૩]પાવક—त्र—પુત્ર (પુત્ર); રાજપુત્ર (રજપૂત); પૌત્ર (अ); પ્રપૌત્ર; પુત્રી; પ્રપૌત્રી—इत्र.—[૪]પવિત્ર (પવિત્રું) [૫]પવિત્રી.—इत. [૬]પુનિત.

ગૂ. ધા.—ઉપણવું (उत्पवन).

૧. ચોખ્ખું કરનાર, પવન—૨. પાપીને પવિત્ર કરનાર, પરમેશ્વર.—૩. ચોખ્ખું કરનાર; અગ્નિ, કેમકે તેમાં નાખીને તપાવ્યાથી ધાતુઓ ચોખ્ખી થાય છે.—૪. પવિત્ર કરવાનું સાધન, જનોઈ.—૬. પવિત્ર.

૪૨. पृ, पूर्, पर्व्. ભરવું:—

अ,—પુર (પુરૂં); પુરી, પૂર—अस—[૧]પુરઃ; [૨]પુરઃસર [૩]પુરશ્ચરણ; [૪]પુરા, [૫]પુરાણ—अन—પર્વ; સુપર્વ (સપરવો, સપરમો); [૬]પર્વણી (ई); પર્વત—अन—પૂરણ, પૂરણી—न. (ભૂ. કૃ) પૂર્ણ (પૂરણ); પૂર્ણાંક; અપૂર્ણ; અપૂર્ણાંક; [[૭]પૂર્ણમા]—પૂર્ણિમા (પૂનમ, પૂનેમ) પરિપૂર્ણ; સંપૂર્ણ.

ગૂ. ધા. પૂરવું, પૂર્ણ કરવું.

૧. આગળ.—૨. આગળ જનાર, વિધિપુરઃસર એટલે વિધિ જેમાં આગળ જનાર છે તે, વિધિ પ્રમાણે, યથાવિધિ—૩ આગળ ચાલવું, તૈયારી કરવી,—૪. પહેલાં, પૂર્વે—૫. પહેલાંનું, જૂનું.—૬. અમાસ, પુનેમ, કેમકે એ દિવસે દરિયામાં પાણી બહુ ભરાય છે.—ભરતી આવે છે.—૭. દાક્તર બેનફાઇ ધારે છે કે "પૂર્ણ માસ"નું આ બગડેલું રૂપ હશે પૂર્ણ-પૂરો. માસ=ચન્દ્રવાળી તિથિ. માસ=મહિને; અસલ પૂનેમે મહિનો પૂરો થતો હતો.

૪૩. બધ્ બંધ્—(ઇં. Bind)—બાંધવું:—

અ—બંધ (બાંધો); [બંધક] [બંધિગો]; અનુબંધ નિબંધ; પ્રતિબંધ; પ્રબંધ; સંબંધ; (સંબંધ; સમંધ);—અન.—બંધન (બાંધણુ); [બંધની] (બાંધણી)—ઉ—[1]બંધુ; બાંધવ. (અ)—ત બદ્ધ (બાધો, બધો); બદ્ધકોષ્ટ (બંધકોષ).-इर.—બધિર (બહેરો).

ગૂ. ધા.—બાંધવું—ગૂ. શ. બંધી, પગડબંધ—ફા. શ. બંદ, બદીવાન.

૧. સગાઇથી બંધાએલાં પરગોત્રી; મામાફોઇના કે માસીમાસીનાં છોકરાં, ગમે તે રીતનાં સગાં; ભાઈ.

૪૪. બુધ્. (ઇં. Bode)-જાણવું:—

અ.—[1]બુધ; કુબુધ [2]વિબુધ, સુબુધ—બોધ; પ્રતિબોધ; પ્રબોધ; સુબોધ; સુબોધિની (इनी)—અન—બોધન; પ્રબોધન; સંબોધન—त—[3]બુદ્ધ. બૌદ્ધ, (अ.)-ति-બુદ્ધિ, સુબુદ્ધિ (સુબુધ)—अ—બોધક; પ્રબોધક.

ગ. ધા.—બૂઝવું (बुध्यते), બોધવું. સંબોધવું, પ્રબોધવું.

૧ જાણનાર. વિદ્વાન; એ નામનો ગ્રહ; ગ્રહના નામનો વાર—૨. વિશેષ જાણનાર, દેવ—૩. પૂર્ણ જ્ઞાન પામેલાં, શાકયમુનિ

૪૫. भज्. ભજવું:—

અ.—[1]ભગ; ભગવત્; ભગવદ્ગીતા, [2]ભાગવત (अ) ભગવતી;-ભગવંત, ભગવાન; ભગિની (બહેન), સુભગ-[ભાગ] ભાગ્ય: સુભાગ; સુભગિની (સુહાગણી, [3]સુહાગણ), દુર્ભાગિણી ([4]દુહાગણ); સુભગ + ય = ય = [5]સૌભાગ્ય (સોભાગ, સોહાગ);

સૌભાગ્યવતી (સૌભાગ્યવંતી) અભાગી (इन्); અભાગિની (અભાગણી, અભાગણ, અભાગીએણ)—अन.—**ભજન; ભજનિક** (ભજનિયો)—इय—**ભજનીય**.-त-**ભક્ત** (ભગત)—ति—**ભક્તિ** (ભગતી)

ગૂ. ધા.—ભજવું, ભજન કરવું ગૂ. શ. અભાગિયો.

૧. ઇશ્વરી શક્તિ; સૌંદર્ય; ધર્મ.—૨. ભગવત્ સંબંધી, એ નામનું પુરાણ.—૩ સારા ભાગ્યવાળી. રાજાની માનીતી સ્ત્રી.—૪. નઠારા ભાગ્યવાળી, રાજાની અણમાનીતી સ્ત્રી.—૫. સારૂં ભાગ્ય, ધણીની હયાતી, હેતાવણ.

૪૬. भज्, भंज् ભાગવું:—

અ.—**ભાગ**; ભાગી (ભાગિયો); ભાગાકાર, વિભાગ; વિભાગી; સમભાગી,—**ભંગ**; ભંગા (ભાંગ); [૧]અભંગ—अन—**ભંજન**; ભંજની (ભાંજણી).—अक.—**ભાજક**; દૃઢભાજક—उर.—**ભંગુર**. ક્ષણભંગુર.-त-[૨]**ભક્ત** (ભાત); [૩]વિભક્તિ, અવિભક્ત —ति.—[૪]**વિભક્તિ** —न.—**ભગ્ન**; આશાભગ્ન—य.—**ભાજ્ય**; અવિભાજ્ય.

ગૂ. ધા —ભાંજવું, ભાગવું, દુભાગવું-ગૂ. શ. ભગંદર, ભંગાણ, ભંગાર, ભાગિયો.

૧. જેમાં ભંગ પડતો નથી તે; એક જાતનો છંદ.—૨. ભાગેલી (ડાંગેર). ચોખા.—૩. ભાઇઓ વગેરે ભેગા રહેતા હોય તે અવિભક્ત, અને છૂટા પડયા હોય તે વિભક્ત કહેવાય છે.—૪. વિશેષ કરીને ભાગ પાડવાપણું. નામ વગેરેના અંગ ને પ્રત્યય છૂટા કરી દેખાડવા, એવા પ્રત્યય અથવા તેથી જે અંગમાં અર્થના વધારો થાય છે તે.

૪૭. भाष् બોલવું:—

અ **ભાષા**; [૧]બાલભાષા; [૨]પરિભાષા;—अन.—**ભાષણ**; ભાષણકર્ત્તા; મૃદુભાષિણી; સંભાષણ—इत.—[૩]**સુભાષિત**.—य.—[૪]**ભાષ્ય**.

ગૂ. ધા.-ભાખવું:-ગૂ. શ. દુભાષિયો (द्विभाषीक)

૧. માગધી ભાષા; કેમકે જેમ બાળક બોલતાં ભાષાને અપભ્રંશ કરી ને બોલે છે તેમ એ સંસ્કૃતમાંથી થએલી છે,—૨. અમુક શાસ્ત્રના સાંકેતિક બોલ.—૩. રસાલંકૃત છૂટક કવિતા.—૪. એક પુસ્તક વિષે બોલવાનું જે બધું હોય તે, સંપૂર્ણ ટીકા.

૪૮. भिद्. (લા. Findo. ઇ. Bite) **પેસવું, ભાગ પાડવા—ભીંજવું:—**

अ.—**ભેદ;** જ્ઞાતિભેદ; અભેદ; ભેદાભેદ; [1]ઉપભેદ—**अन.—ભેદન.—अक.—ભેદક.—उ.—**[2]**ભેદુ. य.—ભેદ્ય** (ભેજ) અભેદ્યતા; નિર્ભેદ્યતા.—न.—[3]**ભિન્ન** (ભીનું); અભિન્ન; ભિન્નાભિન્ન; ભિન્નતા–તિ.—[**ભિત્તિ**] (ભીત, ભીંત.)

ગૂ. ધા—ભેદવું, ભીજવું—ભીંજવું.

૧ ભેદનો ભેદ, પેટાવર્ગ.—૨. પેસી જઇને ખબર લાવનાર છાની વાત જાણનારો, તે કહી દેનારો.—૩. ભાગ પડેલું. જૂદું ભીંજેલું.

૪૯. भुज्.—વાંકુ વળવું:—

अ.—**ભુજ;** ચતુર્ભુજ (ચત્રભુજ); ચતુર્ભુજા; [1]ભુજંગ, ભુજંગમ, ભુજંગ (ભુયગ, ભોરગ), [2]ભુજંગપ્રયાત, ભુજંગી इन्.—[3]**ભોગી.**

૧. વાંકું વાંકું ચાલનાર. સર્પ—૨. સર્પની પેઠે ચાલનાર, એ નામનો એક છંદ, કેમકે તેની ચાલ એ રીતની છે.—૩. વાંકું વાંકું ચાલવાવાળો;સપ (જુઓ એજ શબ્દનો બીજો અર્થ નીચલાધાતુની નોંધમાં)

૫૦. भुज्–ખાવું; ભોગવવું:—

अ—**ભોજ-ભોગ;** [1]ભોગી; ઉપભોગ; વિભોગ; **વૈભોગ;** સંભોગ **अय.—**[2]**ભોજ્ય;** અભોજ્ય; ભોજ્યાભોજ્ય; [3]ભોગ્ય; અભોગ્ય. अन—**ભોજન—अक—**[4]**ભોજક.—तृ—ભોક્તા.** ति—[5]**ભુક્તિ.** पूर्+आ—(ધાતુ બેવડાઇને) **બુભુક્ષા** (ભૂખ).

ગૂ. ધા. ભોગવવું. (?) ભુજવું.

૧. ખાનાર, ભોગવનાર, વૈભવી—૨. ખાવા યોગ્ય—૩. "જ" "ગ" થઇને ભોગવવા યોગ્ય, ભોગવવાનું.—૪. ખાનાર, એ નામના જૈન માર્ગના આશ્રિતો, કેમકે એમ કહેવાય છે કે તેઓ મૂળે બ્રાહ્મણ હતા. પણ એક વખત છ મહીના સુધી પાટણમાં શ્રાવકોની નોકારશી (જમણવાર) ચાલી ત્યારે તેઓ લલચાઈને વટલી ગયા, અને "શીરા સારૂ શ્રાવક થાય" એ કહેવત તે વખતથી નિકળી.

૫૧. भू. (ઇ Be. લા. Fio.)– **હોવું:—**

क्विप—[**ભુ**]; પ્રભુ (પરભુ); વિભુ; શંભુ; સ્વયંભુ; સ્વ-

યંભૂ—**ભૂ**; ભૂધર; ભૂપ; ભૂમિતિ. **अ.**—[1]**ભવ**; ભવાની (આની); [2]અનુભવ; પરાભવ; વિભવ; [3]વૈભવ; [4]સંભવ; સંભવિત—**ભાવ**; ભાવિક. [5]પ્રાદુર્ભાવ; અભાવ (અભાવો); અનુભાવ; મહાનુભાવ (માનુભાવ); પ્રભાવ; વિભાવઃ—સ્વભાવ; સ્વાભાવિક.—**अन.**—**ભવન**; [6]બાષ્પભવન; [7]વક્રીભવન.—**ભુવન** (ભોવન); ત્રિભુવન (ત્રિભોપન).—**ભાવન**; ભાવન, સંભાવના—**त.**—**ભૂત** (હુઓ, હવો): પંચ મહાભૂત. **य.**—[8]**ભવ્ય**; ભવિષ્ય; સંભાવ્ય—**म+इ**—**ભૂમિ** (ભોમી—ભોમ, ભોંઈ, ભૂંઈ, ભોંય—ભોં, ભાંય); ભૂમિકા (क+आ), ભૌમ (ભોમ); [**ભામિક**] (ભોમિયો, ભૂમિયો)-**ति.** **વિભૂતિ** (ભભૂતિ-ભભૂત)—**इन्**—**ભાવી.**

ગૂ. ધા.—હોવું; ભાવવું; અનુભવવું; નિભાવવું; સંભવવું.

૧.—હોવું, જિંદગી;—હોનાર, હમેશાં રહેનાર, મહાદેવ—૨ કોઈ વસ્તુની પછાડી પછાડી હોવું—જવું, મંડી રહેવું, મહાવરો—૩. વિશેષ કરીને માત્ર પેટ ભરવા કરતાં—વધારે હોવું; મોજશોખ—૪ સાથે હોવું, એક બીનાની સાથે બીજી બનવીજ જોઈએ એમ જે આપણે ધારી શકીએ છીએ તે—૫. પ્રકટ હોવું, ઉદય થવો.—૬. વરાળ થવાની ક્રિયા.—૭. કીરણોનું વાંકું થવું—જવું—૮. હોવા યોગ્ય, મોટું.

૫૨. भृ-(ગ્રી Phero. લા. Fero ઈં Bear)- **ભરવું**:-

अ.—[**ભર**]; વિશ્વંભર; અભર; સભર (સભ્ભર)—**ભાર** (ભારો); ભારી (**इन्**) (ભારે); સંભાર-**अन.**—**ભરણ**; ભરણી, આભરણ (આભ્રણ);—ભારણ—**तृ**—[1]**ભર્તૃ**—ભર્ત્તા (ભર્ત્તાર, ભરથાર); ભ્રાતૃ (ભ્રાત, ભાઈ); ભ્રાત્રીય (**ईय**); (ભત્રીજો).—**य**—[2]**ભાર્યા** (ભાર્જા); કુભાર્યા (કુભાર્જા) **त्य.**—**ભૃત્ય**—**त**—**ભરત**; ભરતખંડ; ભારત; ભારતવર્ષ, [3]—ભારતી.

ગૂ. ધા.—ભરવું, ભારવું:—ગૂ. શ. ભરતી; ભરતર; ભરતીઉં; અભરાભરણ.

૧. ભરનાર, ભરણપોષણ કરનાર, ધણી.—૨. ભરણપોષણ કરવા

યે ગ્ય.—સ્ત્રી.—૩. ભરતખંડમાં ઉત્પન્ન થએલી, તેનું રક્ષણ કરનારી દેવી, સરસ્વતી.

૫૩. भ्रम्—ભમવું:—

अ.—[1]भ्रम (ભરમ) [2]भ्रंग—अन.—भ्रमण; भ्रमणा—इत.—भ्रमति (ભમિઓ—ભમીઓ—ભમ્યો.)—ति भ्रांति (ભ્રાંત)—अर—भ्रमर (ભમર, ભમરો); [3]भ्रमरी (ભમરી); [भ्रमरद्वारी] (ભમરબારી).

ગૂ. ધા. ભમવું:—

૧. ભમવું, હોય તે કરતાં જૂદું સમજવું—૨. ભમતો ભમતો ચાલનાર, ભમરો.—૩. ભમ ભમ કરનારી, ભમરી, પાણીના વમળ.

૫૪. मद्—ગાંડા થવું, મસ્ત થવું:—

अ.—मद, उत्; उन्मद वायु; प्रमत्तदन; प्रमदा; [माद]; [1]उन्मादः (ઉદ્‌માત—ઉધ્માત); [2]प्रमाद.—त —मत्त (માતો); उन्मत्त, मदोन्मत्त.—अन—[3]मदन—अक.—[4]मादक—इर+आ—[5]मदिरा; मदिराक्षी (અક્ષી=આંખવાળી); मदिरेक्षणी (ईक्षणी=આંખવાળી).—य.—[5]मद्य, મદ્યપી.

૧.—ગાંડાઈ, તોફાન—૨. બેપરવાહી, ગફલત—૩. ગાંડા કરનાર, કામદેવ.—૪. કેફી પદાર્થ.—૫. ગાંડા કરનાર, દારૂ.

૫૫. मन्.—ઇચ્છવું; વિચારવું:—

अस्—[मनस्] (મન); मनोयत्न; मनोहर (મનહર); मनोज; मानसिक (इक); [1]मनस्वी (विन्); मनसा.—अन.—मनन.—उ.—[2]मनु; [3]मानव; (अ); [3]मनुष्य.—इ.—[4]मुनि; मौन (अ);—मौन्य (य)—त-मत, [5]मतंग (માતંગ); अनुमत; संमत;—ति.—मति (મત); अनुमति; कुमति; दुर्मति; सुमति; संमति.—त्र—[6]मंत्र (એ ઉપરથી મંત્ર ધાતુ ઉત્પન્ન થાય છે, અને મંત્રવું, મંત્રણા, મંત્રી, આમંત્રિત વગેરે બીજાં ઉદાહરણ તે ધાતુનાં છે.)

ગૂ. ધા.—મનન કરવું; મંત્રવું; મંતરવું:—

૧. ઈચ્છાવાળો, સ્વચ્છંદી;—વિચારશક્તિવાળો—૨. વિચાર

કરી શકનાર, એ નામનો માણસ જાતનો મૂળ પુરૂષ, કેમકે સઘળાં પ્રાણીઓમાં માણસજ વિચાર કરનાર છે.—૩. મનુથી ઉત્પન્ન થએલું.—૪. વિચાર કરનાર, ચૂપ રહેનાર, ધ્યાન ધરનાર, જોગી. —૫. ઇચ્છા પ્રમાણે ચાલનાર, હાથી.—૬. વિચાર કરવાનું—ધ્યાન ધરવાનું સાધન;—છાનો વિચાર અથવા મસલત.

૫૬. मान्.—માન આપવું:—

अ. **માન;** સન્માન, માની (इन्); [१]માનિની, (માનની, માનુની); અભિમાન; સ્વાભિમાન—દેશાભિમાન.—इत—**માનિત** (માનીતો)—य. **માન્ય.**

ગૂ ધા. માનવું:—

૧. માન (એટલે રીસવાળી અથવા રીસાએલી સ્ત્રી;) સ્ત્રી.

૫૭. मा. (ગ્રી. Meton ઇ. Mete)—માવું; **માપવું:—**

अ—[म]; [१]સમ; સમાંતર; સમીકરણ; સમતા; શામ્ય; [२]વિષમ (વસમું). [३]**ઉપમા** (आ); [४]અનુપમ (अ)—अन.—**અનુપ, અનોપ.—પ્રતિમા;** અપ્રતિમ (अ)—अन—[५]**માન** (માણ, મણ, માણું, માણી); દિનમાન; [६]અનુમાન; [३]ઉપમાન; નિર્માણ; પરિમાણ—[६]પ્રમાણ; પ્રામાણિક;—પ્રમાણિક; અપ્રમાણ; સપ્રમાણ;—[७]વિમાન; [८]સમાન; સામાન્ય; માપન (માપણી)—य.—[३]ઉપમેય तृ—[१०]**માતૃ-માતા** (માઈ-માય-મા-માત); [११]માતામહ, માતામહી, પ્રમાતામહ; [१२]માતુલ (अ વધી અનિયમિત રૂપ); માતુલિ; માતુલી—त्र—**માત્ર;** [१३]માત્ર, માત્રિક-त.-મિત. (કેટલાક પ્રત્યયની પૂર્વે मा ને ઠેકાણે मि આદેશ થાય છે); [१४]મિતાક્ષરા; [१५]મિતાહાર; અમિત; નિમિત્ત (નિમિત-નિમત); નિર્મિત (નિર્મ્યું-નીર્મ્યું); પ્રમિતાક્ષરા (પ્રમિત=ઉત્કૃષ્ટ રીતે માપેલા+અક્ષર=અક્ષરવાળી કવિતા).—ति.—[१६]**મિતિ;** ભૂમિતિ; [६]અનુમિતિ; પરિમિતિ.

ગૂ. ધા. માવું, સમાવું, માપવું, નિર્મવું—નિમવું.

૧. સરખું માપ જેનું છે તે. સપાટ, બરાબર—૨ સમથી

ઉલટું, વાંકુંચુંકું, ઉલટું.—૩. પાસે મૂકીને માપવું, મુકાબલો કરવો:- એ નામનો અલંકાર "એ રાજાનું મન સમુદ્રના જેવું ગંભીર હતું" એમાં મન અને સમુદ્રનો જે મુકાબલો છે તે ઉપમાલંકાર. મન ઉપમેય (મુકાબલો કરવાનું) અને સમુદ્ર એ ઉપમાન (મુકાબલો કરનાર—જેની સાથે મુકાબલો થાય છે તે) કહેવાય છે —૪. ઉપમા-મુકાબલા વિનાનું. બેનમુન-૫. માપ, તોલ—૬. ઉત્કૃષ્ટ માપ, જ્ઞાન મેળવવાનાં સાધન, ન્યાયશાસ્ત્રમાં તે ચાર ગણ્યાં છે:-પ્રત્યક્ષ, અનુમાન. ઉપમાન ને શબ્દ અનુમાન=એક બિનાની પછાડી હમેશાં આવનારી બીજી બિના જાણવી તે. એમ કરવાની ક્રિયા તે અનુમિતિ—૭. તેલ—ભાર વિનાનું. હવામાં ઉડી શકે તે—૮. સરખા માપવાળું, બરાબર, સરખું.—૯. સરખાપણું; સાધારણ.—૧૦. (પેટમાં) મનાડનારી, મા.—૧૧ માનો બાપ—૧૨. મામો—૧૩. માપવાનું સાધન, પિંગળમાં જે વડે છંદ મપાય છે તે—ઓસડનું લેવા યોગ્ય માપ; માપીનેજ લેવા જોગ ઓસડો, રસાયન—૧૪. માપેલા અક્ષરવાળી, એ નામની યાજ્ઞવલ્કય સ્મૃતિ ઉપર જ્ઞાનેશ્વરે મહાપ્રસિદ્ધ ટીકા કરી છે તે—૧૫. માપેલો આહાર, તંદુરસ્તીના નિયમ પ્રમાણે ખાવું તે—૧૬. જમીનનું માપ, એ નામની વિદ્યા, કેમકે પ્રથમ તે મિસર દેશમાં નીકળી ત્યારે જમીન માપવાને અર્થેજ હતી, આકારશાસ્ત્ર.

૫૮. મુચ્—છેડાવું; છોડવવું; છૂટવું:—

અન —[1]મોચન વિમોચન-ત.—[2]મુક્ત; [3]મુક્તા (? મોતી, નારીજાતિનો ઈ પ્રત્યય ધારતાં); મુક્તા+આ વલિ=હાર અથવા માળા મુક્તાવલિ; (? મુક્તાફળ) મૌક્તિક (? મોતીઓ)-अ.—[4]મોક્ષ-उ.—[5]મુમુક્ષુ (મુમુક્ષુ-ति—મુક્તિ (મુગાત).

ગૂ. ધા. મૂકવું; મોચાવું ? મોકલવું.

૧. છોડવનાર, દુઃખ ભાગનાર.—૨. છૂટેલો.—૩. છૂટેલી કાળું માછલીની પાડેલી સીપો, તેમાંથી નીકળેલાં—મોતી.—૪. છૂટવાની ઈચ્છા, છૂટવું.—૫. (ભવબંધનમાંથી) છૂટવાની ઈચ્છા રાખનાર.

૫૯. મુહ—બેભાન થવું; બેભાન કરવું:—

અ —[1]મોહ; મોહિત —अन.—[2]મોહન, મોહના; મોહની. —त.—મૂઢ (મૂંઢ)—[3]મુગ્ધ; મુગ્ધ બોધિની; મુગ્ધા.

ગૂ. ધા.—મોહવું, મોહ પામવું, મૂઝાવું (મુહ્ય ति) ગૂ. શ. — મૂઝવું, મુઝારો (? मुह्यकार)

૧. બેભાનાવસ્થા; ભૂલાવો; અત્યંત પ્રેમ—૨ બેભાન કરનાર

અત્યંત પ્રેમ ઉપજાવનાર—૩. બેભાન થએલો. અજ્ઞાન બાળક.

૬૦ मृ (લા. Mors) મરવું:—

अ.—[1]અમર; અજરામર (अजर ઘરડો ન થાય એવો) અમરલોક; અમરાપુરી; અમરાવતી.—[2]માર; [3]મહામારી; (मृનો મૂળ અર્થ "નબળા હોવું" છે તે ઉપરથી) કુમાર; (કુંવર, કુંવારો), કુમારી (કુંવારી–કુઅરી–કુવરી–કૂંરી–કૂર–કોર); કુમારિકા; (કુંવારિકા—કુવારકા).—अन.—મરણ, (મરણું); મારણ;—अक.—મારક (મારો) उ.—[4]મુમુર્ષુ (મમરસુ)—त.—મૃત (મૂઓ—મુવો, મડું; મૃતક (મડદું, મુડદું);–त-(અહીંઆં કર્ત્તાના અર્થમાં લેવો) અમૃત; ચરણામૃત; પંચામૃત—मन्.—મર્મ (મરમ)–त्.—[5]મરુત. [6]મારુતિ (इ)–त्यु–મૃત્યુ (મોત).

ગૂ. ધા—મરવું, મારવું, મરણ—મૃત્યુ પામવું, ગૂ. શ. મરકી,—મારકણો, મરાણુઓ.

૧. ન મરનાર, દેવતા.—૨. મારી નાખનાર, કામદેવ.—૩. મોટી મારી નાખનારી મરકી.—૪. મરવાની ઈચ્છા રાખનારો, મરવા જેવો દેખીતોજ બળ કે ઉત્સાહ વિનાનો.—૫. નહિ મરનાર, જે પીધાથી માણસ મરેજ નહિ એવી કલ્પિત ઔષધિ.—૬.—મરુત=વાયુ મરુતથી ઉત્પન્ન થયેલો તે, હનુમાન.

૬૧. मृग्—ખોળવું, શિકાર કરવો:—

अ.—[1]મૃગ; [2]મૃગરાજ; [3]મૃગાંગ (મયંક); [4]મૃગજલ; મૃગતૃષ્ણા; [5]મૃગશિર; [6]માર્ગશિર્ષ (માગસર–માઘસર); મૃગલોચના; મૃગાક્ષી; મૃગી;—મૃગયા (य આગમ+अ+आ); માર્ગ (મારગ, માગ–મગ); માર્ગી (इन्); વામમાર્ગી એકમાર્ગી.

ગૂ. ધા—(?) માગવું:—

૧. શિકાર કરવાનું પશુ કોઇ પણ પશુ:—હરણ. ૨. પશુઓનો રાજા, સિંહ ૩. પશુના (સસલાના) ચિહ્નવાળો, ચંદ્ર—૪. બપોરે રણોમાં દૂરથી પાણી હોય એમ મિથ્યા દેખાય છે. તેને મૃગજળ કહે છે કેમકે પશુઓ પાણી સમજી તે પીવા દોડે છે, ઝાંઝવાં-૫ એ આકારનું એક નક્ષત્ર-૬. જે માસમાં પૂનમે મૃગશિર નક્ષત્ર આવે છે તે (દરેક માસનું નામ પૂનેમે આવતા નક્ષત્ર ઉપરથી પડયું છે.)

૬૨. યજ્-પૂજવું; બળીદાન આપવું:—

અ.—યાગ (જાગ); પ્રયાગ.-અન—યજન—ન.-યજ્ઞ (જગ્ન, જગન); યજ્ઞોપવીત (ઉપવીત=જનોઈ, યજ્ઞોપવીત-યજ્ઞવડે સંસ્કારી કરેલું જનોઈ.) (જનાઇ); યાજ્ઞિક (જાની)-માન.-યજમાન (જજમાન).—ઉસ—યજુર્વેદ (જજુરવેદ)-તિ. (યજ્ નો ઇષ્ થઈ જઈને) ઇષ્ટિ ક્વિપ્—[૧]ઋત્વિજ્ ઋતુ= યોગ્ય વખત+યજમાં ય ની ઇ થઇ ગઈ.

ગૂ. ધા. યગ્ન-જગ્ન કરવો, (કોઈ કવિતામાં) યજવું.

૧. હંમેશાં ઘરમાં યજ્ઞાદિક કર્મ બરાબર વખતે કરવાને સારૂ રાખેલો બ્રાહ્મણ, ગોર.

૬૩. યમ્—અટકાવવું:—

અ.—[૧]યમ (જમ), યમક (ઝમક); ઉદ્યમ (ઉજમ); નિયમ (નીમ-નેમ); નિયામત;—[૨]યામ (જામ); યામિની (જામિની-જામની)—તૃ.—નિયંતા; ત્ર—યંત્ર (જંત્ર-જંતર); યંત્રી (ઇન્) (જંત્રી; યાંત્રક)—તિ—[૩]યતિ (જતિ).-ય.—[૪][યામ્ય]; યામ્યોત્તર વૃત્ત.—ઇન્.—[૫]અંતર્યામી (અંતરજામી). (આ આગમ થવાથી) [૬]યામાતૃ (જામાત, જમાઇ).

ગૂ. ધા.—નીમવું.

૧. અટકાવનાર, મુઆ પછી સજા કરનાર.—ધર્મરાજા, કેમકે તેની સજાને ભયે માણસો પાપ કરતાં અટકે છે.—૨. પહોર.—૩. અટકવું છંદમાં અટકવાનાં સ્થળ;-(પોતાની ઇંદ્રિયોને) અટકાવનાર, યોગી; જૈન સાધુ—૪. અટકાવનાર, દક્ષિણ દિશા—૫. માંહેથી અટકાવનાર, પાપ પૂણ્ય સૂઝાડનાર, પરમાત્મા, પરમેશ્વર.—૬. (યામિ=દીકરી+તૃ)=જમાઈ.

૬૪. યા.—જવું:—

અન.—[[૧]યાન] (જાન); પ્રયાણ; [૨]ઉદ્યાન; [ઉદ્યાની] (ઉજાણી); ઉદ્યાપન.—ત્ર+આ [૩]યાત્રા (જાત્રા).—ઇન્—[૪]અનુયાયી.

ગૂ. ધા.—જાવું—જવું.

૧. જવું, કૂચ કરવી;—વરની સાથે પરગામ જનાર માણસોનું ટોળું.—૨. (ગામની બહાર) મઝાને સારૂ જવાનું ઠેકાણું; વાડી.—૩. જવું, ગમન, દેવ નિમિત્ત અમુક ઉત્સવ જેમકે રથયાત્રા વગેરે.—૪. સાથે—પાછળ જનાર, અનુચર, દાસ.

૬૫. (युज्—લા. Jungo ઇં. yoke)—જોડવું:—

અ.—[1]યુગ (જુગ); યુગલ (ल) (જુગલ)—[2]**યોગ** (જોગ); યોગી (જોગી); યોગિની (જોગણી, જોગણ);—[3]ઉદ્યોગ; ઉપયોગ; નિયોગ; પ્રયોગ; વિયોગ (વિજોગ); સંયોગ.—अन **યોજન** (જોજન); પ્રયોજન; યોજના.—अक.—**યોજક**, પ્રયોજક, સંયોજક.—त—**યુક્ત** (જુગ્ત, જુગતુ); ઉપયુક્ત; સંયુક્ત.—ति—**યુક્તિ** (જુગતી-જુગત), પ્રયુક્તિ —य.— **યોગ્ય** (જોગ); યોગ્યતા; પ્રયોજ્ય; स, [4]સાયુજ્ય, म.— **યુગ્મ** (જુગ્મ).

ગૂ. ધા.—**યોજવું.**

૧. જોડનાર, જોડકું.—સત્ય અથવા કૃત. ત્રેતા, દ્વાપર અને કળિ એવા જે ચાર યુગ ગણાય છે તે.—૨. જોડાઈ જવું;—બ્રહ્મ સાથે જોડાઇ જવું, તેમ કરવાની વિદ્યા;—કોઇ બે કારણનું એકઠું થવું, તેમ થવાનો સમય—સંભવ —૩. (મનનું) બહાર—પદાર્થો સાથે જોડાવું, પ્રવૃત્તિ કામ.—૪. (ઈશ્વર) સાથે જોડાઈ જવું, એ નામની સૌથી મોટી મુક્તિ.

૬૬. रंज्-રંગવું, ઉશ્કેરવું; રાજી થવું-કરવું; ચહાવું:-

અ.—**રગ**; રગકાર (રંગારો)—[1]**રાગ**; [2]રાગી (इन्) રાગિણી (રાગણી); [3]અનુરાગ;—[4]વિરાગ; વૈરાગી (इन्); (વેરાગી); વૈરાગિણી (વેરાગણ); [4]વૈરાગ્ય—त.—[5]**રક્ત** (રાતું). [6]વિરક્ત (વરક્ત).—अन.-**રંજન**, રંજની, રજનિ, રજની (રયણી-રેણી-રેણ-રેન).—इत—**રંજિત**—अक.—**રંજક.**

ગૂ. ધા.—રંગવું, રંજન કરવું.—ગૂ. શ.—**અણુરાગ**, રાગડો, રાગોટો.

૧. રાજી કરનાર ગાયનનો એક પ્રકાર.—૨. શોખી.—૩ કોઈની સાથે રાજી થવું, પ્રીતિ રાખવી, પ્રીતિ.—૪. (સંસાર ઉપર) પ્રીતિ ન રાખવી—ન રાખવાપણું.—૫. રંગાએલું, લાલ રંગનું;—લોહી. કેમકે તે લાલ છે. રાજી થએલો; પ્રેમ ભરેલો.—૬. (સંસાર ઉપર) પ્રેમ વિનાનો, બધું છોડી બેઠેલો.—

૬૭. रभ्-(લા. Labor) શરૂ કરવું; આનંદ આપવો:-

અ. [**રંભ**]; [1]રંભા; આરંભ; પ્રારંભ; સમારંભ. त-

²પ્રારબ્ધ (પ્રાલબ્ધ) માન.—આરભ્યમાણ—ઇ—સુરભિ (સોરભ, સોરમ, સોડમ, સો'ડ).

ગૂ. ધા.—આરંભવું; સોડવું.

૧. આનંદ આપનારી, મુખ્ય અપ્સરાનું નામ—૨. શરૂ કરેલું (કર્મ). નસીબ, કર્મ ત્રણ પ્રકારનાં કહ્યાં છે:—પ્રારબ્ધ એટલે જેનું ફળ આ જન્મમાં ભોગવવા માંડયું છે તે, ક્રિયમાણ એટલે જે આ જન્મમાં કરાતું અને કેટલુંક ભોગવાતું જાય છે તે, અને સંચિત એટલે આવતા ભવમાં ભોગવવા સારૂ જે સંચી રખાય છે તે—૩. આનંદ આપનારી, ગાય, પૃથ્વી, સુગંધ.

૬૮. રમ્.—રમવું,—પ્રસન્ન થવું,—કરવું, શોભવું:—

અ.—રમા (આ);—રામ, ¹અભિરામ; વિરામ.—અન. રમણ, રમણી, રમણિક.—ઈય.—રમણીય—ય.—રમ્ય— ત,—રત.—તિ. ²રતિ. ³વિરતિ.—ત્ન=કરનાર, રત્ન (રતન), ⁴રત્નાકર (રતનાગર).

ગૂ. ધા. રમવું, રમણ કરવું.—ગૂ. શ. રમત, રમકડું.

૧. ઘણું પ્રસન્ન કરનાર, સુંદર—૨. પ્રીતિ. પ્રીતિની દેવી. કામદેવની સ્ત્રી. ૩. વિશેષે કરીને શોભનાપણું. પિંગળની યતિ—૪. રત્ન=મોતી+આકર=ઢગલો=મોતી નીકળવાનું ઠેકાણું, સમુદ્ર.

૬૯. રસ્—સ્વાદ લેવો:—

અ.—રસ (રસો); રસિક (રસિયો, રસિલો); આરસિક; રસમય; રસવતી (રસોઈ); રસજ્ઞ; રસાયન (રસાયણ, રસાણ); —નિ; નિરસ (નરસ, નરસું); વિરસ, સરસ, સુરસ; ઉર્ધ્વ= ઊંચે, ઉર્ધ્વરસ (ઉધરસ); ગોરસ, (ગોરસું)—¹રાસ; (¹રાસો); ¹રાસમાળા; રાસક (²રાસડો)—અન+આ.—³રસના.—આલ— રસાલ (રસાળું). રસુન—(લસણ).

ગૂ. ધા.—૧–રસ લેવો; ૨ રસવું.—ગૂ. શ. રસોઇઓ, રસોડું, રસી, રમણીઓ, રસોળી.

૧. રસવાળું. એક જાતનું નાટક;—ઇતિહાસ અથવા ઇતિહાસની વાત રસાલંકૃત શૈલિમાં લખેલી હોય તે, પ્રાકૃતમાં તેને રાસો કહે છે. જેમકે ચંદનો રાસો; આવા ઘણા રાસાનું તાત્પર્ય ફાર્બસ સાહેબે

ગૂજરાતનો ઇતિહાસ રચ્યો છે તેમાં આવવાથી તેનું નામ રાસમાળા પાડયું છે—૨—ચાલુ બનાવવા વર્ણનનો ગરબો.—૩ સ્વાદ લેનારી, જીભ.

૭૦. रक्ष्—રક્ષણ કરવું:—

અ આ.—[1]રક્ષા (રખ્યા, રાખ)—अस्+अ—[2]રાક્ષસ (રાખસ); રાક્ષસી (રાખસી).—अक—રક્ષક (રખો); રક્ષિકા (રાખડી) अन રક્ષણ; સંરક્ષણ—इय.—રક્ષણીય.

ગૂ. ધા.—રાખવું, રક્ષણ કરવું—ગૂ. શ. અંગરખો(अंगरक्षक); પગરખું; રખવાળ, રખેવાળ (रक्षपाल); રખોપું; રખોડી; રખોડો.

૧. રક્ષણ કરનારી, રાખડી. બળતાં જેનું રક્ષણ થાય છે તે. રાખ. ૨—રાક્ષસનું રક્ષણ કરનાર એવું નામ તેની પ્રસન્નતાર્થે અથવા અમંગળ શબ્દ દૂર રાખવાને માટે પાડયું હશે. હવિ એટલે બળિદાનનું જેનાથી રક્ષણ કરવું જોઇએ તે.

૭૧. राज्—(લા. Rego)—પ્રકાશવું:—

अन्—રાજન્—રાજા (રાજે–રાજ, રાય, રાવ); રાજ્ઞી (રાણી); રાજધાની; રાજપુત્ર (રજપૂત); [1]રાજસૂય; અધિરાજ, રાજાધિરાજ; મહારાજ [2]યુવરાજ.—इत—વિરાજિત—य રાજ્ય, વિરાજમાન (બિરાજમાન); સમ્, [3]સામ્રાજ્ય. त्र.—[4]રાષ્ટ્ર, મહારાષ્ટ્ર, માહારાષ્ટ્ર (મરહઠ્ઠા–મરેઠા–મરાઠા)

ગૂ. ધા.—રાજવું, વિરાજવું–બિરાજવું—ગૂ. શ. રજવાડો (राजपट्ट); રાવણુ; (?) રાવળીયા; રાવણું; રાજવી.

૧. નવું રાજ્ય મેળવનાર રાજા બીજા રાજાઓને બોલાવી યજ્ઞ કરતા હતા તે બીજા રાજાઓ જો નહિં આવે, તો તેનું રાજપદ મંજુર ન થયું એમ સમજાય.—૨ જુવાન રાજા, જેનો એક રાજા પછી ગાદીએ બેસવાનો હક્ક હોય અથવા જેને તે મુજબ કબુલ રાખવાની ક્રિયા કરી હોય તે—૩. ચક્રવર્તિ રાજ્ય, શાહેનશાહત—૪. (રાજાને) પ્રકાશવાનું સાધન મુલક દેશ.

૭૨. रुध्.—રોકવું:—

अ. રોધ; અવરોધ; વિરોધ; વિરોધી (इन्)—[3]न. રોધન (રૂંધણુ)—क—રોધક; અવરોધ વિરોધક.—त. [રૂદ્ધ]; અ+નિ [1]અનિરુદ્ધ; વિરુદ્ધ.

ગૂ. ધા.—રૂંધવું; રૂંધાવું.

૧. નહિ અટકાવાએલો, કૃષ્ણનો પૌત્ર-ઓખાને વર્યો હતો તે.

૭૩. रूप्—ગડવું; દેખાડવું:—

अ.—રૂપ; [1]રૂપાવલિ; રૂપી (इन्); બહુરૂપી; તત્ [2]તદ્રૂપ; અરૂપ; અનુરૂપ; કરૂપ (કરૂપ, કરૂપો–કદરૂપો); વિરૂપ (વરૂઓ–વરવો); સ. સારૂપ્ય (य); સુરૂપ; સ્વરૂપ—अक.—રૂપક (રૂપિયો); [3]નિરૂપક.—य.—[રૂપ્ય] (રૂપું); [રૂપ્યક] (य+क) રૂપૈયો–રૂપીઓ); [3]નિરૂપ્ય,-अन-[3]નિરૂપણ.

૧. વ્યાકરણનાં રૂપોની હાર,-કોષ્ટક.-૨. તેના જેવું તલ્લીન. ——(મનમાંથી કાઢી) બહાર સ્પષ્ટ દેખાડવું, બરાબર વર્ણન કરવું; નિશ્ચય કરી બતાવવો તે निरूपण, એવું વર્ણન કરવાની વસ્તુ તે निरूप्य, અને વર્ણન કરનાર તે निरूपक.

૭૪. लक्ष्—ચિહ્ન કરવું, તાકવું, ધ્યાન આપીને જોવું:—

अ.—લક્ષ (લાખ); લક્ષી (इन्); [1]લક્ષ-લાક્ષા (લાખ); [લાક્ષિક] (લાખીઓ),—अन—લક્ષણ; અવલક્ષણ (અપલક્ષણ); [2]વિલક્ષણ; સુલક્ષણ (સલખણો–સખણો); લક્ષણા; [3]લાક્ષણિક. —य.—લક્ષ્ય; અલક્ષ્ય; દુર્લક્ષ્ય;-मन्.-[લક્ષ્મન્]; [4]લક્ષ્મણ (अ); લક્ષ્મી (લખમી-લછમી-લાછ).

ગૂ. ધા.—ઓળખવું (अवलक्ष), (?) લેખવું, લેખવવું. ગૂ. શા. લખેશરી (લક્ષશ્રી).

૧. ચિહ્ન કરનારી રંગ આપનારી, લાખ.—૨. વિશેષ લક્ષણ—ગુણ—વાળો; ૩. લક્ષણાથી-કાંઇ સંકેત ચિહ્નથી ઉત્પન્ન થએલો અર્થ; શબ્દના વાચ્ય અર્થથી જે જૂદો અર્થ થાય તે.—૪. ચિહ્નવાળો, મુખ્ય; રામનો ભાઈ.

૭૫. लोक्,— लोच्—જોવું:—

अ.—લોક; અમરલોક, ગોલોક; [1]લોકાયત (आ+यम्+त); [2]લોકાલોક.—લૌકિક (લોકિક); અલૌકિક.—अन.—[3]લોચન; [3]ત્રિલોચન; [3]ત્રૈલોચન (अ); સુલોચના;—[4]અવલોકન; [5]વિલોપકન.

ગૂ. ધા.—અવલોકવું, વિલોકવું.

૧. જોવામાં-પ્રત્યક્ષમાંજ-જેનું જ્ઞાન રોકાઇ રહેલું છે તે ચાર્વાકાદિક નાસ્તિક મતે—૨. જેના વડે દેખવું ન દેખવું થાય છે તે, જેની પછાડી સૂર્ય જાય ત્યારે રાત અને આગળ સૂર્ય આવે ત્યારે દહાડો થાય છે એવો એક કલ્પિત પર્વત—૩ ત્રણ આંખવાળો, મહાદેવ—૪. નીચે ધ્યાન આપીને જોવું, ખોળવું કેમકે માણસ કાંઇ ખોળતું હોય ત્યારે ધ્યાન આપીને જુએ છે.-તપાસી તપાસીને જોવું.—૫ વિશેષ કરી જોવું.

૭૬. वच्—(લા. Voco) બોલવું:—

क्विप्.—વાચ્ (વાચ); વાગ્દાન; વાચા; વાચિક.—अ.—
૧ચક્રવાક (ચકવો)—अन—વચન (વયણ-વેણ)—अक—
૨વાચક, ભાવવાચક. અવાચક—तृ—વક્તા, વક્તૃત્વ—त्र.—
૩વક્ત્ર—ईय.—વચનીય; નિર્વચનીય; ૪અનિર્વચનીય.—य.—
વાક્ય (વાએક); પંચવાક્યા (વાએકા); વાચ્ય.—त.—૫ઉક્ત;
વેદોક્ત, શાસ્ત્રોક્ત.—ति—૬ઉક્તિ; અતિશયોક્તિ; પુનરુક્તિ;
૭સ્વભાવોક્તિ, आल.—વાચાલ; વાચાલતા.

ગૂ. ધા. (?) વાંચવું.

૧. ચકવાં—વારાફરતી—એક આ કાંઠેથી અને બીજું બીજે કાંઠેથી રાત્રે બોલનારાં પક્ષી.—૨. કહેનાર, દેખાડનાર.—૩. બોલવાનું સાધન, મોઢું—૪. નિશ્ચય કરીને કહી શકાય નહિ તે.—૫. કહેલું—૬. કહેવું—૭. (માણસનો) સ્વભાવ કહેવો, ગુણ ચિત્ર, અલંકાર શાસ્ત્રમાં ગમે તે પ્રાણીનો સ્વભાવ કહેવો તે.

૭૭. वद्—બોલવું:—

अ.—વાદ; વિવાદ; નિર્વિવાદ; સંવાદ; ૧અપવાદ—વાદી
(इन्); પ્રતિવાદી; अन. ૨વદન—य—૩વાદ્ય (વાજું)—इत्र.
૪વાદિત્ર (વાજિત્ર—વાજિંત્ર).

ગૂ. ધા.—વદવું:—વાદ કરવો.

૧. એક નિયમથી ઉલટું હોય તે કહેવું, ઉલટા દાખલા આપવા, ઉલટું, કોઇની વિરુદ્ધ કહેવું; તોહોમત મૂકવું—૨ બોલનાર બોલવાનું સાધન, મોઢું.—૨ બોલવાનું—અવાજ કરવાનું સાધન, વાજું.

૭૮. वस्—(લા. Vestis) રહેવું; ઢાંકવું; હોવું:—

अ.—૧વાસ. (વાસો), વાસી (इन्); પ્રતિવાસી (પાડોશી);

[1]મહીવાસ (મે'વાસ); [2]મહીવાસી (મે'વાસી); આવાસ (અવાસ); [3]ઉપવાસ (અપવાસ–અપ્પાસ); નિવાસ; સહવાસ (સે'વાસ); સુવાસ; [4]સુવાસિની (ઈની) (સોવાસણ–સોભાસણ–સોહાસણ)— **अन—[5]वसन; [वासन]** (વાસણ); વાસના.—**उ—वसु;** વસુધા; વસુંધરા; વસુદેવ, [6]વાસુદેવ (अ), [7]**વાસવ** (अ)–**तु—** [8]**વસ્તુ** (વસ્ત–વસ); વસ્તુતઃ; વાસ્તવિક; [9]વાસ્તુ પૂજન.—**त.** —[10]**ઉદ્વસ્ત—ति—वसति** (વસ્તી)—અમા=સાથે, પાસે, જે દિવસે સૂર્ય અને ચંદ્ર સાથે હોય તે **અમાવાસ્યા** (અમાસ)—**त्र.—[5]वस्त्र—तव्य—[वास्तव्य]** [11](વસવાયાં).

૧. રહેવું, રહેવાનું ઠેકાણું;—શરીરને ઢાંકનાર, લુગડાં;—ગંધ.—**મે'વાસી એટલે મહી નદી ઉપર રહેનારા,** કોળી:—લુટારા, **કેમકે તે અસલ લૂટવાનોજ** ધંધો કરતા હતા, અને તે ઉપરથી કોઈ **પણ લૂટારા મુલકને મે'વાસ** કહેવાય છે.—૩. હલકી રીતે—ફલાહાર **કરીને,—**ખાધા વિના રહેવું.—૪. સારા વસ્ત્રવાળી, જેનો ધણી જીવતો છે તે—૫. લૂગડાં. ૬. વસુદેવથી ઉત્પન્ન થયેલો કૃષ્ણ. ૭. વસુવાળો, ઇંદ્ર—૮. હોનાર, ખરેખરૂં હોય **તે—**ચીજ, **દ્રવ્ય,** પદાર્થ, સત્ય પદાર્થ. નાટક વગેરેનો વિષય **(પ્લૉટ)—**૯. વાસ્તુ એટલે ઘરનું પૂજન, નવું ઘર બાંધ્યા **પછી જે કર્મ કરવામાં** આવે છે તે.—૧૦. વસવાથી ઉલટું—ઉજડ **કરેલું. ૧૧.—**વસાવવા યોગ્ય. ગામ વસાવતી વેળા ખેડુતોની સાથે અમુક કારીગરો વગેરેને વસાવવાનું મનુસ્મૃતિમાં કહ્યું છે તે.

૭૯. वह्—(લા. Veho)—લઈ જવું; **વહેવું:**—

अ—[વહ–વાહ] (વોહ); નિર્વાહ; પ્રવાહ; પ્રવાહી (ईन); **વિવાહ** (વી'વા–વે'વા); વૈવાહિક (વે'વાઇ)—**अन—વહન** (વે'ન–વેણ); વાહન (વા'ણ–વહાણ); [1]આવાહન—**अक. વાહક;** ઉષ્ણતાવાહક; મંદવાહક—**त**—[ઊઢ] પ્રૌઢ; [2]નવોઢા, **इन+इ—** પૂર્વવાહિની—**नि—[3]वह्नि.**

ગૂ. **ધા.**—વહેવું. ગૂ. શ.–વહીતરૂં–વેતરૂં (वहित्र); વે'લ, વે'ળો.

૧. દેવને મર્યાદામાં અમુક સ્થળે—લઈ જવું તેમાં વસાવવાં. ૨. નવી વહન કરેલી—પરણેલી સ્ત્રી. ૩. હોમેલું લઈ જનાર દેવતાને પહોંચાડનાર, અગ્નિ.

૮૦. विद्—(લા. Video ઇ. Wit)—જાણવું;—મેળવવું;—હોવું:—

અ.—[विद]; કો=બોલનાર, કહેનાર, [૧]કોવિદ;—વેદ; [૨]આયુર્વેદ; [૩]ધનુર્વેદ; [૪]વેદાંગ; વેદાંત; વૈદિક (વેદિયો); દ્વિવેદી (દવે); ત્રિવેદી (ત્રવાડી); ચતુર્વેદી; ઉપદેદ—अन, **વેદના** (આ); [૫]નિવેદન—उर—**विदु.**—तृ.—**વેત્તા;** ખગોળવેત્તા; તત્ત્વવેત્તા; બ્રહ્મવેત્તા—त.—[૬]**वित्त**—इत.—[૭]**વિદિત;** નિવેદિત.—मान. —[૮]**વિદ્યમાન.**—य—**વિદ્યા** (આ); વિદ્યાર્થી; વિદ્યાલય; વૈદ્ય (વૈદ); વૈદ્યનાથ (વૈજનાથ); નૈવેદ્ય—**वत्**—**विद्वत्;** વિદ્વજ્જન; વિદ્વત્તા,—वान्.—**विद्वन्;** (વિદ્વાન).

૧. વિદ એટલે પવિત્ર જ્ઞાન કહેનાર. પંડિત—૨. વૈદ્યકશાસ્ત્ર. —૩. ધનુઃ=ધનુષ્યની વિદ્યા.—૪. વેદનાં અંગ, તે બરાબર શીખવાને માટે તેના પેટામાં જે છ શાસ્ત્રો છે તે;—શિક્ષા (જેમાં ઉચ્ચાર અને સ્વરની સમજ આપી છે તે) કલ્પ (વેદોક્ત કર્મ કરવાની સમજુતી) વ્યાકરણ (પાણિનિકૃત અષ્ટાધ્યાયી); છંદ (પિંગળકૃત છંદશાસ્ત્ર); જ્યોતિષ (વેદોક્ત કર્મ અમુક કાળે કરવાનાં છે તેથી કાળ નિર્ણય કરનારૂં શાસ્ત્ર); અને નિરુક્ત (જેમાં અઘરા વૈદિક શબ્દોની સમજુતી તથા વ્યુત્પત્તિ આપી છે તે).—૫. જણાવવું, જાહેર કરવું.—૬. જાણેલું, માલમ—૮. હયાત.

૮૧. विश्—પેસવું, વ્યાપવું:—

અ.—**વેશ;** આવેશ; સમાવેશ; પ્રવેશ,—अक.—**પ્રવેશક** —नु—[૧]**વિષ્ણુ;** વૈષ્ણવ (અ). क्किप्.–[[૨]**विश्**]; [૨]**વૈશ્ય** (य) —(त).—[विष्ट] (બેઠો).

ગૂ. ધા.—પેસવું;-બેસવું:—

૧. વ્યાપક—૨. બહુ ફેલાયલા લોક, એ નામની ત્રીજી વર્ણ.

૮૨. वृ ઢાંકવું; રક્ષણ કરવું; પસંદ કરવું.

અ—[૧]**વર;** [૨]વરિષ્ટ; [૩]મુનિવર; સ્વયંવર; સરસ=તળાવ, સરોવર; [૪]પ્રવર;-પારાવાર; વિવાર સંવાર;-વીન; વૈર (વેર); —अन.—**આવરણ.**—[૫]વાતાવરણ.—[૬]વારણ; નિવારણ.

—ઉણ.—[7]વરુણ; વરુણિ; વારુણી.—ય. વીર્ય (બીજ, ■બી); નિવાર્ય—ઇ.—[8]વારિ (વાર).

ગૂ. ધા.—વરવું:—વારવું—નિવારવું.

૧. પસંદ કરનાર, સ્ત્રીનો ધણી;—પસંદ થનાર, ઉત્તમ; પસંદ કરીને માગેલી વસ્તુ.—૨. સર્વોત્તમ મોટામાં મોટી (કોટિ).—૩. મુનિઓમાં ઉત્તમ.—૪. ગોત્રમાં ત્રણ કે પાંચ જે ઉત્તમ-અતિ પ્રસિદ્ધ-પુરૂષો થઈ ગયા હોય તેનાં નામ.—૫. વાત=વાયુનું આવરણ; ઢાંકણ.—૬. હાથી. ૭. પૃથ્વીને ઢાંકનાર, પાણી, સમુદ્ર, સમુદ્રનો દેવ; યજ્ઞને માટે બ્રાહ્મણની પસંદગી.—૮. પાણી.

૮૩.—વૃત્—(લા. Verto) વળવું;—વર્તવું,—રહેવું.

અ.—આર્ય + આ [1]આર્યાવર્ત્ત; વાર્ત્તા (આ)—અન.—[2]વૃત્તન (વતન); આવર્ત્તન; પરા. પરાવર્ત્તન—ત.—વૃત્ત; વૃત્તાંત; નિવૃત્ત; પ્રવૃત્ત—તિ.—વૃત્તિ; અનુવૃત્તિ; આવૃત્તિ; [3]નિવૃત્તિ; [3]પ્રવૃત્તિ.—માન—વર્ત્તમાન.—મન્—[4][વર્ત્મ]. (વાટ)—ઉલ—વર્તુલ—વર્ત્તુળક.

ગૂ. ધા.—વર્ત્તવું:—(?) વરતવું ગૂ. શ. વર્ત્તણિયો. (વર્ત્તનક ?); (વર્ત્તારો—વર્ત્તાળો.)

૧. આર્ય લોકોને રહેવાનું ઠેકાણું,—૨. રહેવું; રહેવાનું ઠેકાણું. રહેવાનું સાધન, ઉચાઇ, પગાર—૩. આત્માનું માંહે-પોતાના તરફ જ-વળવું તે નિવૃત્તિ, અને બહાર—સંસારી વિષયો તરફ વળવું તે પ્રવૃત્તિ.—૪. માર્ગ.

૮૪. વૃધ્.—વધવું.

અન.—વર્દ્ધન; [1]ગોવર્દ્ધન—અક,—વર્દ્ધક; વિવર્દ્ધક.—ત.—વૃદ્ધ (બુઢ્ઢો)—ઇત.—વિ. વિવર્દ્ધિત.—તિ.—વૃદ્ધિ; વૃદ્ધિ સૂતક—માન.—વર્દ્ધમાન (વઢવાણ).

ગૂ. ધા.—વાધવું—વધવું.

૧. ગાયને (પુષ્કળ ચારો પૂરા પાડી) વધારનારો પર્વત, એ નામની એક ગોકુલ પાસે ડુંગરી છે તે.

૮૫. શક્—ખમવું; શક્તિમાન્ હોવું:—

અ.—[1]શાક; [2]શકારિ; [3]શાક (અ); [4]શાક; [4]શાકંભરી-

इन् + ई,—**શાકિની** (શાકણી, શાકણ).—य—**શક્ય**; શાક્ય. મુનિ. ૨.—[5]**શક**—त—**શક્ત** (શકતો—સકતો), અશક્ત—ति.—**શક્તિ**; શાક્ત (અ).—उन.—**શકુન** (શુકન); શકુનાવલિ (શુકનાવલિ)—उन्त.—[6]**શકુન્ત**; [7]શકુન્તલા (ल + आ)—ट—**શકટ** (છકડો); **શકટી** (શગડી); શકટિકા; મૃદ્ = માટી, [8]મૃચ્છકટિક.

ગૂ. ધા.—**શકવું.**

૧. શક્તિમાન હોનાર એ નામના એક લોક. સ્કુથી અથવા સિથિયન—૨. શકનો શત્રુ, તેમને હરાવી કાઢનાર, વિક્રમાદિત્ય.—૩. શક સંબંધી, એ નામનું વર્ષ.—૪. શક્તિમાન્ કરનાર, વનસ્પતિ, વનસ્પતિ ભરનાર—પુષ્કળ ઉગાડનાર દેવી તે શાકંભરી, રજપૂતોની ઈષ્ટ.—૫. શક્તિમાન્ હોનાર, ઇંદ્ર—૬. એ નામનું પક્ષી —૭. શકુન્ત પક્ષીએ ઉછેરેલી, કણ્વ ઋષિની પાળકપુત્રી; એ નામનું નાટક.—૮. માટીની ગાડી સંબંધી, એ નામનું એક નાટક.

૮૬. શી—સૂવું.—

અ.—[શય]; અતિશય; [1]આશય; [2]જલાશય; સંશય—અન.—**શયન** (શેન—સેન)—य+आ શય્યા (સજ્જા—સેજા—સેજ)—इन्—[3]**શેષશાયી.**

૧. કહેવાનો મુદ્દો.—૨. પાણીનો આશય, પાણીને રહેવાનું ઠેકાણું.—૩. શેષનાગ ઉપર સૂનાર નારાયણ.

૮૭. શુધ્—શોધવું—શુદ્ધ કરવું:—

અ.—**શોધ.** અન.—**શોધન**—अक. **શોધક**; શોધક બુદ્ધિ.—त.—[1]**શુદ્ધ**; અશુદ્ધ; વિશુદ્ધ—ति.—**શુદ્ધિ** (શુદ્ધ).

ગૂ. ધા.—શોધવું—ગૂ. શ. **બેશુદ્ધ; અણીશુદ્ધ.**

૧. શોધેલું ભેળ વગરનું.—૨. ઘણું શુદ્ધ.

૮૮. શ્રમ્—મહેનત લેવી, થાકી જવું—

અ.—શ્રમ; [1]આશ્રમ; ચતુર્થાશ્રમ; પરિશ્રમ;—**વિશ્રામ** (વિસામો)—क्त.—શ્રમિત; વિશ્રમિત, (વિસરયું)—ति—**વિશ્રાંતિ.**

ગૂ. ધા.—શ્રમ લેવો:—વીસમવું.

૧. શ્રમ તપશ્ચર્યા કરવાનું સ્થળ, ઋષિમુનિઓને રહેવાની જગ્યા, માણસની જીંદગીના તમામ ઉદ્યોગના ચાર ભાગ પાડ્યા છે તે; બ્રહ્મચર્યાશ્રમ (વિદ્યાર્થી અવસ્થા); ગૃહસ્થાશ્રમ (ઘર માંડીને રહેવું); વાનપ્રસ્થાશ્રમ (વનમાં જઈ એટલે કામધંધો છોડી પરમાર્થના કામમાં વખત ગાળવો તે); સંન્યસ્તશ્રમ (સઘળું છોડી પરલોકના ચિંતનમાંજ રહેવું).—૨. મહેનતથી છુટવું, વિશ્રામો.

૮૯. શ્રિ શ્ર્—જવું:—

અ—[૧]આશ્રય (આશરો)—અન—શરણ (શરણું); શરણાગત (આગત) (શરણાંગત); અશરણશરણ.—ક્ત આશ્રિત; ઉચ્છ્રિત (ઉછર્યો)—નિ—[૨]શ્રેણિ (શ્રેઢિ); [૩]નિઃશ્રેણિ (નીસરણી).

ગૂ. ધા.—ઉછરવું; નિસરવું.

૧. કોઈની મર્યાદામાં-હદમાં જવું, મદદ માગવી, મદદ—૨. જવાનું—ચઢવા ઉતરવાનું સાધન; પગથીઆં પગથીઆવાર આંકડા.—૩ બહાર જવા આવવાનાં સાધન, પગથીઆં, સીઢી.

૯૦. શ્રુ—સાંભળવું:—

અન—[૧]શ્રવણ; [૨]શ્રાવણ (મ)—અક [૩]શ્રાવક (શાવક-સાવક)—તૃ. શ્રોતા—ત્ર—[૪]શ્રોત્ર, [૫]શ્રવક;—ત શ્રુત; બહુશ્રુત—તિ—[૬] શ્રુતિ; [૭]શ્રૌતકર્મ.

ગૂ. ધા.—શ્રવણ કરવું; શૂણવું—સૂણવું.

૧. સાંભળવું; સાંભળનાર, કાન; એ નામનું નક્ષત્ર; એ નામનો પુરૂષ-૨ પૂનમે શ્રવણ નક્ષત્રવાળો મહિનો-૩ સાંભળનારઃ જૈન-માર્ગના સંસારી લોકો. તેઓને સાંભળનારજ કહેવાનું કારણ એ છે કે એ માર્ગને મતે ખરેખરો જૈન તો સંસાર છોડે તેનેજ કહેવાય.—૪. સાંભળવાનું સાધન, કાન; વેદ.—૫. વેદ પ્રમાણે ચલાવનારો—૬. સાંભળવાપણું-પરંપરાથી સંભળાતું આવેલું જ્ઞાન, વેદ.—૭. શ્રુતિમાં-વેદમાં કહેલાં કર્મ.

૯૧. શ્વસ્-શ્વાસ લેવો:—

અ.—શ્વાસ (સાસ); ઉચ્છ્વાસ (ઉસાસ); શ્વાસોચ્છ્વાસ (સાસોસાસ-શ્વાસોશ્વાસ); નિશ્વાસ (નિસાસો); વિશ્વાસ; અવિશ્વાસ (અવિશ્વાસુ) [૧]વિશ્વાસુ (ઉ); [૨]વિશ્વાસી (ઇન્).

ગૂ. ધા.—શ્વાસ—સાસ લેવો:—

૧. વિશ્વાસ રાખવા જોગ.—૨. વિશ્વાસ રાખનાર, પ્રીસ્તી.

૯૨. सह्.—ખમવું; સહન કરવું:—

अ.—ઉત્સાહ (ઉચ્છાહ), દુ:સહ—**अस्**—[**સહસ્.**]
[1]સહસા (आ=તૃતીયાનો પ્રત્યય);—[2]સાહસ (अ); સાહસિક.—
अन—સહન; સહનશીલ—**य—સહ્ય;** અસહ્ય.

ગૂ. ધા.—**સહેવું.**

૧. ઉતાવળે, અવિચારે. ૨.—અતિશય હિંમત.

૯૩. साध्—(ઇં. Send)—મેળવવું:—

अन.—સાધન; સાધના—**अक**-**સાધક;** [1]સિદ્ધસાધક.
क्त.—સાધિત.—य—સાધ્ય; અસાધ્ય; સુસાધ્ય.—**उ.**
—[2]**સાધુ** (સાહુ); સાધવી (ई); [**શાધુકાર**] (સાહુકાર).

ગૂ. ધા.—**સાધવું.**

૧. ઢોંગી. સિદ્ધ. અને તેના મદદનીશો—૨. મેળવનાર પ્રમાણિક (કેમકે પ્રમાણિકપણું એજ ફતેહ મેળવવાનો ખરો માર્ગ છે).

૯૪. सिध्—પાર પડવું.

अ—[1]નિષેધ; પ્રતિષેધ-**अक**-**નિષેધક—त—[2]સિદ્ધ.**
(સિધ્ધું, સીધું; અસિદ્ધ; સિદ્ધાંત, (इन) સિદ્ધાંતી; સિદ્ધતા;
[3]નિષિદ્ધ (નિષિધ-નષિદ્ધ), [4]પ્રસિદ્ધ—ति—**સિદ્ધિ,** પ્રસિદ્ધિ.

ગૂ. ધા.—સીધવું;—સીઝવું. (सिद्धय) સિદ્ધ કરવું; (?) સીધાવવું.

૧. नि આદ્યય લાગ્યાથી सिध् ધાતુનો અર્થ "મના કરવી" એવો થઈ જાય છે, મનાઈ—૨ પાર પડેલું તૈયાર થએલું; સિધું-સિધ્ધું કરેલું; રાંધીને તૈયાર કરેલું; રાંધવા સારૂ તૈયાર કરેલો સામાન; યોગાભ્યાસમાં પાર પડેલો—સિદ્ધિ મેળવેલો જોગી સિદ્ધિઓ આઠ કહેવાય છે:—અણિમા (અણુ જેટલું) નાનું રૂપ ધારણ કરવાની શક્તિ; મહિમા (મોટું રૂપ ધારણ કરવાની), ગરિમા (અત્યંત ભારે થવાની); લધિમા (અત્યંત હલકા થવાની);—પ્રાપ્તિ (ચાહે તે વસ્તુ મેળવવાની);—પ્રાકામ્ય (ચાહે તે કરી શકવાની);—ઇશિત્વ (સૌના ઉપરી થવાની); વશિત્વ (સૌને વશ કરવાની); ૩ નિષેધ કરેલું, નિંદ્ય, દૂષિત, બાધિત-૪ ઉત્કૃષ્ટ રીતે પાર પડેલો, નામીચો; કેમકે પોતાના કામમાં પાર પડવું એજ નામ મેળવવાનો ખરો રસ્તો છે.

૯૫. सु—નીચોવવું; પેદા કરવું; જણવું:—

अ.-[1]**ઉત્સવ** (ઉચ્છવ-ઓચ્છવ); પ્રસવ.—**तृ**-[2]**સવિતા;**

[૩]સાવિત્રી-(सवितृ+ई)—य.—રાજસૂય—त.—સૂત; સૂતા; પ્રસૂતિકા; (પ્રસૂતકા)—સૂતક;-म.—[૪]સોમ.—ति.—પ્રસૂતિ.

ગૂ. ધા.—પ્રસવવું.

૧. મનના આનંદનું કૃતિરૂપે બહાર નીકળવું.—૨. પેદા કરનાર, પરમેશ્વર.-સૂર્ય.-૩. સૂર્યની સ્ત્રી.-૪. ચંદ્ર, સોમવલ્લી, સોમરસ, અમૃત.

૯૬. सृ (લા. Salio)—વહેવું; જવું:—

अ.—સર (સેર); અગ્ર=અગાડી. [૧]અગ્રેસર; ઉપાગ્રેસર; અપ=પાણી, [૨]અપ્સરા (આ) (અપછરા);—સાર (સારૂં); અતિસાર; અનુસાર (અણસારે—અણુસારો); પ્રસાર; સંસાર; સંસારિક; સંસારી (इन्)—अस्—[૩][સરસૂ] [૪]સારસ (अ); સરોવર (સરવર); [૫]સરોજ; સરસ્વતી; [૬]સારસ્વત (अ)—अन.—અનુસરણ; પ્રસારણ; સંપ્રસારણ—अक.—[સરક] (સડક); પ્રસારક —इत + आ—[૭]સરિતા (સલિતા).

ગૂ. ધા.—સરવું-સરી જવું; અનુસરવું; ઉસરવું (उत्सर) ઓસરવું (अवसर); નીસરવું (निःसर) પ્રસરવું—પ્રસરવું.—ગૂ. શ.—સોંસરૂં (संसर).

૧. આગળ જનાર, આગેવાન;—આગળ જનારી રકમ—૨. પાણીમાંથી,-સમુદ્રમાંથી નીકળેલી.—૩. તળાવ.—૪. તળાવમાં ઉત્પન્ન થએલું તેની પાસે રહેનારૂં પક્ષી.—૫. તળાવમાં ઉત્પન્ન થએલું, કમળ.—૬ —સરસ્વતી (પંજાબમાંની) નદીને કિનારે ઉત્પન્ન થએલા, એ નામના બ્રાહ્મણ.—૬. વહેતી નદી.

૯૭. सृज्.—બહાર કાઢવું; પેદા કરવું:—

अ.—સર્ગ; ઉત્સર્ગ; [૧]ઉપસર્ગ; [૨]વિસર્ગ; સંસર્ગ.—अन.—સર્જન, [૪]વિસર્જન—त.—सृष्ट—ति. સૃષ્ટિ (સ્ત્રષ્ટિ); तृ—[૫]સૃષ્ટા (સ્ત્રષ્ટા).

ગૂ. ધા. — સરજવું.—ગૂ. શ.—સરજનહાર, સર્જિત (सृजित).

૧. ક્રિયાપદની પાસે જનાર.—૨. વિશેષ કરીને (શ્વાસ)

આધાર કાઢવો.—૩. સાથે જવું, સંગ કરવો.—૪. પેદા કરવાથી ઉલટું, દૂર કરવું, વિદાય કરવું.—૫. પેદા કરનાર, બ્રહ્મા, ઈશ્વર.

૯૮. **સ્થા.** (લા. Sto. Stand) ઉભા રહેવું, (ગતિની નિવૃત્તિ હોવી).

અ.—[સ્થ]; ગૃહસ્થ; તટસ્થ; મધ્યસ્થ; સ્વસ્થ.—અ+આ.—[સ્થા];—અવસ્થા; વિ, વ્યવસ્થા,-અવ્યવસ્થા;-[1]આસ્થા; [2]પ્રતિષ્ઠા;—[3]નિષ્ઠા; [4]નૈષ્ઠિક. અન.—સ્થાન (થાણું); સ્થાનિક; અનુષ્ઠાન; ઉપસ્થાન (પસ્તાનું); સંસ્થાન;—સ્થાપન (થાપન-થાપણ-થાંપણ); [5]ઉત્થાપન (ઉથાપન) સ્થાપના (થાપન)—ત.—સ્થિત, ઉપસ્થિત; વિ+અવ, વ્યવસ્થિત; અવ્યવસ્થિત;-સ્થાપિત (થાપિત-થાપ્યા)—તિ.—સ્થિતિ; સ્થિતિસ્થાપક; સંસ્થિતિ.—અક.—સ્થાપક, વ્યવસ્થાપક.—ર—સ્થિર (થીર)—ઇન્.—સ્થાયી,—લ. સ્થલ (સ્થળ); સ્થાલ (થાળ); સ્થાલી (થાળી, થાળ)—વર.—[6]સ્થાવર.

ગૂ. ધા.—સ્થાપવું-થાપવું; થાબડવું; ઉઠવું (उत्तिष्ठ), ઉઠાવવું (उत्थाप), પાઠવવું (प्रस्थाप). ગૂ. શ.—થાબડી.

૧. (માનેલી વાતની) મર્યાદામાંજ રહેવું, વિશ્વાસ—૨. સારું બેસાડવું; મૂર્તિને બેસાડવી,-માન આપવું; આબરૂ.—૩ માંહે (ઠરીને) રહેવું.—૪. (ગુરૂ પાસે) ઠરીને રહેવાવાળો; હંમેશનું જેણે બ્રહ્મચર્ય લીધું છે તે—૫ સ્થાપન કરવાથી, બેસાડવાથી ઉલટું. ઉઠાડવું.—૬. હમેશાં રહે—હાલી ચાલી ન શકે—તેવું, જંગમથી ઉલટું.

૯૯. **સ્મૃ** (લા. Memor)—યાદ કરવું:—

અ.—[1] સ્મર.-અન.—સ્મરણ (સમરણ); વિસ્મરણ—અક.—[2]સ્મારક-તિ.—[3]સ્મૃતિ;—વિસ્મૃતિ—[4]સ્માર્ત;

ગૂ. ધા.—સમરવું; વીસરવું (विस्मर).

૧. યાદ કરનાર, કામદેવ—૨. યાદ કરાવનાર.—૩. યાદ રાખવું, યાદદાસ્ત; સાંભળેલું યાદ રાખવા સારૂં લખી મૂકેલું; એ નામના ધર્મશાસ્ત્રના હિંદુ કાયદાના ગ્રંથો, શ્રુતિ કરતાં સ્મૃતિનું, અને સ્મૃતિ કરતાં પુરાણનું પ્રમાણ ઉતરતું ગણાય છે.—૪. સ્મૃતિ સંબંધી; સ્મૃતિ પ્રમાણે ચાલનાર.

૧૦૦. हन्.—મારવું. મારી નાખવું:—

અ.—પરિઘ. સંઘ;—કૃતઘ્ન; [1]વિઘ્ન;—ઘન; ઘનફળ; ઘનમૂળ;—त—હત; ઉદ્ધત;—ઘાત; આઘાત; પ્રત્યાઘાત; ઉપ+ઉદ્, [2]ઉપોદ્‌ઘાત; સંઘાત (સંઘાત–સંગાથ)—अक. ઘાતક; વિશ્વાસઘાતક—ति—[હતિ]; [ઉદ્ધતિ] (ઉઝ્ઝૂત–હુઝ્ઝૂત); પદ્ પદ્ધતિ.—त्य+आ—હત્યા; [હત્યાકાર] (હત્યારો)—उ.–[[3]હનુ]; [4]હનુમાન્, (હનમાન્, હડમાન્).—नि–હાનિ.—अन.—હનન.

ગૂ. ધા.—હણવું:—

૧. વિશેષ કરીને મારનાર, હરકત કરનાર, નડતર.—૨. ગ્રંથનો પ્રવેશક ભાગ—૩ મારી નાખનાર, જડબું.—૪. મોટા જડબાંવાળો, રામચંદ્રની સેનામાંનો એક મુખ્ય વાનર.

૧૦૧. हु. હોમવું:—

અ.—હવન–य.–[1]હવ્ય–त–હુત; હુત; દ્રવ્ય; [2]હુતાશન; (અશન=ખાનાર); [3]હુતાશની.—ति.—આહુતિ–त्र.–[4][હોત્ર]; અગ્નિહોત્રી (इन).—तृ—[5]હોતા.—म—હોમ.

ગૂ. ધા.—હોમવું.

૧. હોમવા યોગ્ય, હવિ, બળીદાન.—૨. હોમેલું ખાનાર, અગ્નિ. ૩.—હોળી.—૪. હોમવાનું સાધન પાત્ર.—૫ હોમનાર.

૧૦૨. हृ. લઈ લેવું:—

અ.—હર; [1]વિઘ્નહર; પ્રહર;—હાર; [હારક] (હારડો હરાડો). [2]આહાર; અધિ+આ, અધ્યાહાર; નિરાહાર;–[3]ઉદ્ધાર (ઓદ્ધાર); પ્રતિહાર—વિહાર; વિહારી (બિહારી); વિ+અવ, વ્યવહાર; વ્યવહારિક;–વ્યવહારિક (વે'વારિયો) વ્યવહારી (इन), –સંહાર (સંઘાર);ઉપસંહાર–तृ–હર્તા–इ.હરિ–अन–આહરણ;;ઉદ્+આ, ઉદાહરણ.–इन.–[હારી]; દુઃખહારી;अक–ઉદ્ધારક; સંહારક.

ગૂ. ધા. હરવું; હારવું; ઉધરવું; ઉધારવું; સંહારવું.

૧. વિઘ્ન-હરકતો લઈ લેનાર, ગણપતિ.—૨ ભોજન, ખાણું.

આ वि अव सं વગેરે ઉપસર્ગો આવ્યાથી આ ધાતુના ખાવું, લઈ આવવું, વિહાર કરવો, હરવું, બીજે સ્થળે લઈ જવું, નાશ કરવો એવા જૂદાજ અર્થ થઈ જાય છે તે તેનાં ઉદાહરણો ઉપરથી સમજી લેવું.—૩. બહાર લઇ લેવું, બાદ કરવું; (સંસાર સમુદ્રમાંથી) બહાર કાઢવું, કલ્યાણ કરવું.

૧૦૩. क्षि.—૧. રહેવું ૨. નાશ પામવો:—

अ.—ક્ષય (ખઇ-ખે); અક્ષય (આખું)—ति. [૧]ક્ષિતિ; [૨]ક્ષિતિજ.—त्—પરિક્ષિત્.-त्र—[૩]ક્ષેત્ર (ખેતર); ક્ષેત્રજ; ક્ષેત્રજ્ઞ—न.—ક્ષીણ.—म.—ક્ષેમ. (ખેમ).

ગૂ. ધા.-ક્ષય-ખે થવો; ક્ષીણ થવું:—

૧. નાશ, પૃથ્વી, ભૂમિ.– ૨ પૃથ્વીથી પેદા થએલ ઝાડ, વૃક્ષ, પૃથ્વીની દિશાઓની હદ કરનારી લીટી—૩. રહેવાનું, જીવન, મેળવવાનું સ્થળ દેહ, અંતઃકરણ, ઇંદ્રિય, ખેતર, નાશ કરવાનું—લડાઈનું સ્થળ

૧૦૪. क्षिप्.—ફેંકવું, જલદીથી જવું:—

अ. ક્ષેપ. (ખેપ) કાળક્ષેપ (આક્ષેપ.–આખેપ-આખ્યેપ); વિક્ષેપ. સંક્ષેપ.—त.—સંક્ષિપ્ત-अक.–[૧]ક્ષેપક (ખેપીઓ). र+आ—ક્ષિપ્રા..

૧ જૂના ગ્રંથમાં બીજાએ ઉમેરી દીધેલું હોય તે. જલદીથી જનાર.

૧૦૫. ज्ञा.—(લા. Nosio) જાણવું:—

अ.—[જ્ઞ]; કૃતજ્ઞ; તત્વજ્ઞ; અજ્ઞ; અભિજ્ઞ; अन् અનભિજ્ઞ; સુજ્ઞ;—[જ્ઞા]; આજ્ઞા; (આન્યા, આણ); [૧]અવજ્ઞા; પ્રતિજ્ઞા; [૨]સંજ્ઞા; સંજ્ઞિક.—अन—જ્ઞાન; સુજ્ઞાન (સુજાણ); અજ્ઞાન (અજાણ); [૩]અભિજ્ઞાન; વિજ્ઞાન.—तृ જ્ઞાતા.-ति.–[૪]જ્ઞાતિ (ન્યાતિ–ન્યાત); [૫]વિજ્ઞપ્તિ.—य.—[૬]જ્ઞેય.

ગૂ. ધા.—જાણવું:—

૧. હલકું જાણવું; તુચ્છ ગણવું, ન ગણકારવું.—૨. સારી રીતે જાણવું; નામ, સાંકેતિક નામ —૩. ઓળખાવું, ઓળખની નિશાની. —૪. ઓળખ, ધંધો વતન વગેરે ઉપરથી ઓળખ આપવા સારૂ જે નામ પડેલાં છે તે જાતિ. જન્મ અને જ્ઞાતિધંધા વગેરેની ઉપર આધાર રાખે છે.—૫ વિશેષે કરીને જણાવવું, જાહેર ખબર.—૬. જાણવા યોગ્ય, જાણવાનું.

उत्सर्ग.

સંસ્કૃત શબ્દોને અપભ્રષ્ટ થતાં જે નિયમો લાગુ પડે છે, તેને **ઉત્સર્ગ** કહે છે, એમાંના મુખ્ય નીચે પ્રમાણે છે:—

૧. જોડાક્ષરમાંથી વખતે એક અક્ષર ઊડી જાય છે, અને ત્યારે તે જોડાક્ષરની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે:—જેમકે

સંસ્કૃત.	ગૂજરાતી.	સંસ્કૃત.	ગૂજરાતી.
अर्क	આંક (આંકડો)	**कर्म**	કામ
चक्र	ચાક	**चर्म**	ચામ
दुग्ध	દૂધ	**नक्र**	નાક
पुत्र	પૂત	**सर्प**	સાપ
धर्म	ધામ	**पट्ट**	પાટ
गल्ल	ગાલ	**मर्म**	મામ
अभ्र	આભ	**फुल्ल**	ફૂલ
भक्त	ભાત	**वल्ल**	વાલ
सप्त	સાત	**अर्प**	આપ
कज्जल	કાજળ	**अर्गली**	આગળી (નાનો આગળીઓ)

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

अष्ट	આઠ	**अद्य**	આજ
अश्रु	આંસુ	**उत्कर (क)**	ઉકરડો
वर्ण	વાન	**कर्ण**	કાન
चर्म (क)	ચામડું	**तुष्ट**	તૂઠો, તૂઠ્યો
पक्व	પાકું	**बिल्व**	બિલ્લું, બીલું
दर्भ	દાભ	**मिष्ट**	મીઠું

भल्ल	ભાલો	रुष्ट	રૂઠો, રૂઠ્યો
हस्त	હાથ	अंगुष्ट	અંગૂઠો
कक्ष	કાખ	शब्द	સાદ
सिद्ध	સીધું	कर्कटी	કાકડી
कृष्ण	કાહ્‌ન, કા'ન	कुब्ज (क)	કૂબડો
चंद्र	ચાંદો	छिद्र	છીંડું
दुर्बल	દૂબળો	नग्न	નાગો
भिन्न	ભીનું	रक्त	રાતું
शर्करा	સાકર	अग्नि	આગ
चिक्कन	ચીકણું	वत्स (क)	વાછડો
शुष्कं	સૂકું	मर्कट	માંકડો

૨. જ્યારે સંસ્કૃત અનુસ્વારનો ઉચ્ચાર મોળો પડી જઇને સ્થાનરહિત ફક્ત અનુનાસિક ઉચ્ચારણ રહે છે, ત્યારે પણ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે, કેમકે ખરેખરો એ એક જોડાક્ષરનો લોપજ છે:—

दंत	દાંત	रंक	રાંક
कंकण	કાંકણ	अंगुली	આંગળી

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ)

कंकर	કાંકરો	बंधन	બંધન,બાંધણ
कंठ	કાંઠો	वंश	વાંસ
संध्या	સાંઝ, સાંજ	वंध्या	વાંઝ(ણી)
लंघन	લાંઘણ, લાંઘણું	उंबर	ઉંબરો, ઉમરો
बिंब	બીંબું	मंडप	માંડવો

कंचुली	કાંચળી	कंबल	કાંબળો, કામળો

૩. શબ્દને છેડે अः આવે તો તેનો ओ થઈ જાય.

कंकरः	કાંકરો	उंबरः	ઊંબરો
कंठः	કાંઠો	रासः	રાસો
मल्लः	માલો	नग्नः	નાગો

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

कुक्कुटः	કૂકડો	घटः	ઘડો
पुटः	પુડો, પૂડો	दीपः	દીવો
मंडपः	માંડવો	बटुकः	બડુઓ

ગુજરાતીમાં ઓકારાંત નરજાતિના શબ્દો છે તે બધામાંજ ઘણું કરીને ओ વિસર્ગ ઉપરથી થએલો છે એમ સમજી લેવું. એ વિસર્ગ સંસ્કૃતમાં પ્રથમાના એકવચનનો છે.

૪. શબ્દને છેડે अम् આવે તો તેનું ઉં થઈ જાય.

कालम्	કાળું	गलम्	ગળું
मधुरम्	મધુરૂં	रक्तम्	રાતું
पक्कम्	પાકું	नक्कम्	નાકું

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

कपटम्	કાપડું	कदलम्	કેળું
खाद्यम्	ખાજું	गौरम्	ગોરૂં
स्थानम्	થાણું	वक्रम्	વાંકું
स्वप्नम्	સ્વપ્નું	नाण(क)म्	નાણું

ગુજરાતીમાં ઉકારાંત નાન્યતર જાતિના શબ્દો છે તે બધાના જ મૂળ સંસ્કૃતમાં अम् છે એમ સમજવું એ अम् સંસ્કૃતમાં નાન્યતર જાતિના શબ્દોને પ્રથમાના એકવચનમાં લાગે છે.

૫. લઘુતાવાચક **क** ઉપરથી ગૂજરાતીમાં **ડો, ડી, ડું;** ને **ળો, ળી, ળું** પ્રત્યયો થયા છે:—

रासक	રાસડો	**एकक**	એકલો
कच्छक	કાછડો	**अंधक**	આંધળો

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

***काकक**	કાગડો	**पुच्छक**	પૂછડું, પૂછડું
वत्सक	વાછડો	**वंशक**	વાંસડો
पंगुक	પાંગળો	**पीतक**	પીળું

*હાલ સંસ્કૃતમાં લઘુતાવાચક રૂપ નહિ બોલાતું હોય, તોપણ તે અસલ આવા શબ્દોમાં બહુ બોલાતું હતું એમ આ ઉપરથી સિદ્ધ થાય છે. તેમજ હાલ સંસ્કૃતમાં કેટલાક શબ્દ લઘુતાવાચક રૂપમાંજ બોલાય છે, તે અસલ મૂળરૂપે બોલાતા હશે એમ પણ પ્રાકૃત ભાષાના શબ્દો ઉપરથી સાબિત થાય છે—જેમકે **માથું, પોથી,** વગેરે શબ્દોને ઠેકાણે અસલ **मस्तम्, पुस्ती,** રૂપ સંસ્કૃતમાં વપરાતાં હશેજ.

૬. **य** નો **ज** થાય:—

यव	જવ	**यात्रा**	જાત્રા
यान	જાન	**याचक**	જાચક
योग	જોગ	**युद्ध**	જુદ્ધ
यू	જૂ	**भार्या**	ભાર્જા

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

अद्य	આજ	**उद्यम**	ઊજમ
यत्न	જત્ન, જતન	**खाद्य**	ખાજું

विद्युत्	વીજળી	**भ्रात्रीय**	ભત્રીજો

य त् સાથે જોડાએલો હોય ત્યારે **य** નો **च** થાય, અને **त्** ઉડી જાયઃ—**सत्य** ઉપરથી **साच**, **नृत्य** ઉપરથી **नाच** વગેરે.

૭ **न** નો **ण** થાય છેઃ—

जन	જણુ	**जमन**	જમણુ
गान	ગાણું	**स्थान**	થાણું
रंधन	રાંધણુ	**लंघन**	લાંધણુ
हीन	હીણુ	**दान**	દાણુ

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

कठिन	કઠણુ	**धमनी**	ધમણુ
फाल्गुन	ફાગણુ	**भाजन**	ભાણું
नयन	નેણુ	**वचन**	વેણુ
निपान	નવાણુ	**व्याख्यान**	વિખાણ, વખાણ.

૮. **प** નો **व** થઇ જાયઃ—

गोपाल	ગોવાળ	**ताप**	તાવ
दीपाली	દીવાળી	**कूप**	કૂવો

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

वापि	વાવ	**निपान**	નવાણુ
वाप	બાવો	**विरूप**	વરવો

૯. **व** નો **ब** થાયઃ—

वर्कर	બકરૂં	**वाल**	બાલ
वर्ति	બત્તી	**वाप**	બાપ, બાવો
द्वार	બાર	**वंशी**	બંશી, બંસી

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

व्रजवासी	બ્રિજવાસી	**बाष्प**	બાફ
विराजित	બિરાજ્યો	**विष्ट**	બેઠો
द्वि	બે	**घृतवर**	ઘેવર, ઘેબર

આ નિયમ હિંદી વગેરે ભાષાઓમાં બહુજ ચાલે છે.

૧૦. **इ** અથવા **उ** નો કવચિત્ લોપ થાય છે:—

कठिन	કઠણ	**जाति**	જાત
सुपुत्र	સપૂત	**कुदृष्टि**	કદ્રષ્ટિ

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

अक्षि	આંખ	**कृष्णदास**	કિસન-કસનદાસ
वापी	વાવ	**उज्ज्वल**	અજવાળું
गुरु	ગરૂઓ, ગરવો	**विरूप**	વરૂઓ, વરવો

૧૧. **इ** નો **ए**, અથવા **उ** નો **ओ** કોઈ વખત થાય.

पिण्ड	પેંડો	**पुस्त(क)**	પોથું
पिढि	પેઢી	**उषा**	ઓખા
चित्	ચેત	**पुत्कार**	પોકાર

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

तित्तिर	તેતર	**कुद्दाल**	કોદાળો

૧૨. **ऋ** નો **अ**, **इ**, કે **उ** થાય.

मृत	મડું	**शृंगक**	શીંગડું
शृणु	શુણુ, સુણ	**पृच्छ**	પૂછ

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ)

कृष्ण	કા'ન, કિસન	**धृष्ट**	ધાઢો, ગાઢો.
शृंखला	સાંકળ	**अमृत**	અમી

घृत	ઘી	गृध्र	ગીધ
पृष्ट	પૂઠું	वृद्ध	બુઢ્ઢો

૧૩. ऐ ને औ ને ઠેકાણે ए ને ओ થાય:—

एकैक	એકેક	गौर	ગોરૂં
भैरव	ભેરવ	कौपीन	કોપીન
वैर	વેર	गौरव	ગોરવ

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

गौरिक	ગેરૂ	यौवन	જોબન
वैदिक	વેદિઓ	गौरी	ગોરી
सैन्य	સેન	दौहित्र	દોહિતર

૧૪. क ને ઠેકાણે ग, અને ट ને ઠેકાણે ड થાય:—

काक	કાગ	वट	વડ
बक	બગ	घट	ઘડો
मूक	મૂગો	घोट	ઘોડો
सकल	સગળું, સઘળું	तट	તડ—તીડ

(બધા ઉત્સગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

कार्यकर	કાજગરો	पर्पट	પાપડ
बटुक	બડુઓ	मर्कट	માંકડો
शाटी	સાડી	वाटी	વાડી
कुर्कुट	કૂકડો	कंदुक	ગેંદ (દડો)

૧૫. ष અથવા क्ष નો ख થઈ જાય છે:—

हर्ष	હરખ	षट्	ખટ
क्षार	ખાર	गोरक्ष	ગોરખ

विष	વિખ	उषा	ઉખા, ઓખા
क्षीर	ખીર	द्राक्ष	દ્રાખ, દરાખ
लक्ष	લાખ	चोक्ष	ચોખ્ખો,ચોખો

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

वृक्ष(क)	વરખડો, રૂખડો	कक्षा	કાખ
पक्षी	પંખી	रक्षा	રાખ
लिक्षा	લીખ	अवलक्ष	ઓળખ
कुक्षि	કૂખ	प्रेक्ष	પેખ
निरीक्षा	નીરખ	तीक्ष्ण	તીખું
गवाक्षक	ગોખલો	सुलक्षण	સલખણો

૧૬. श ને ष નો પ્રાકૃતમાં स થઈ જાય છે:—

श्याल	સાળો	वंश	વાંસ
शशक	સસલો	विषम	વસમું
वर्ष	વરસ	पौष	પોસ

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

दंश	ડાંસ	पार्श्व	પાસ
श्वशुर	સસરો	शब्द	સાદ
अश्रु	આંસુ	षोडश	સોળ

૧૭. स નો પછી મૂળ પ્રાકૃતમાં ह પણ બહુ થતો:—

ऊष्ण	ઉહનું, ઉન્હું	कृष्ण	કાહ્‌ન, કા’ન
पाषाण	પાહાણ,પા’ણ	स्ना	ન્હા

૧૮. ष ને क्ष નો માગધી પ્રાકૃતમાં छ પણ બહુ થતો:—

षट्	છ	क्षुर	છરો

उत्सव	ઓછવ, ઓચ્છવ	**ऋक्ष**	રીછ, રીંછ
मत्स्य	મચ્છ	**लक्ष्मी**	લાછ
मत्स्यक	માછલું	**मनसा**	મનછા–મંછા
मत्सर	મચ્છર	**वत्सल**	વચ્છળ

૧૯ શબ્દને આરંભે ન હોય એવા મહાપ્રાણનો **ह** થઈ જાય:—

सखी	સહી	**मेघ**	મેહ
माघ	માહ	**दधी**	દહી–દહીં
अधुना	અહુણા, હમણા	**मुख**	મુહ, મો, મોં
मथित	મહી	**बधिर**	બહિરો, બહેરો
साधुकार	સાહુકાર	**आभीर**	આહીર

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

नखर	નહર, નોર	**लेखक (लेखिक)**	લહીઓ
प्राघुण	પ્રાહુણો, પરૂણો	**कथितव्य**	કહેવું
प्रथुक	પહુઆ, પુઆ	**गोधुम**	ગહું, ઘઉં
लाभन	લાહાણું	**लाभ**	લાહાવો
निभाल	નિહાળવું	**कोथ**	કોહ

૨૦. **त** વર્ગને ઠેકાણે **ट** વર્ગના અક્ષરો અનુક્રમે થાય:—

उत्थ	ઊઠ	**उत्थाप**	ઉઠાવ
एकस्थ	એકઠું	**ग्रंथी**	ગાંઠ
छिद्र	છીંડું	**पत्तन**	પાટણ
दंड	ડંડ	**वर्ति**	વાટ

(બધા ઉત્સર્ગો ભણ્યા પછી લેવાનાં ઉદાહરણ.)

दाह	ડાધ	मर्दित	મરાડયો
मृत्तिका	મટ્ટી, માટી	गर्त	ગાડવું
वृद्ध	બુડ્-ઢો, બૂઢો	सार्धपंच	સાઢાપાંચ
ऊर्ध्वाधानी	ઊઢાણી	वर्द्धमान	વઢવાણ

૨૧. ड, र, ल, ને ळ એક બીજાને ઠેકાણે થાયઃ—

तडाग	તળાવ	नाडी	નાળ
हरिद्रा	હળદર	रुक्ष, रूक्ष	લૂખું
षोडश	સોળ	गुड	ગોળ

૨૨. જોડાક્ષરમાંથી ઘણું કરીને પહેલો અક્ષર ઊડી જાય, પણ म, न, य, ल, व, તથા र એ બીજા હોય તોપણ લોપ પામેઃ—

अर्क	આક	युग्म	જૂગ
श्मशान	મસાણ	नग्न	નાગો
स्नसा	નસ	व्यतरी	વતરી
स्नेह	નેહ	रश्मि	રશી–રસી-રાસ
सप्त	સૂતો	शल्य	સાલ
फाल्गुन	ફાગણ	व्याघ्र	વાઘ
अद्य	આજ	शून्य	સૂનું
अर्प	આપ	धान्य	ધાન
खाद्य	ખાજું	चक्र	ચાક

૨૩. क, ग, च, ज, त, द, प, य, ને व એ શબ્દની વચ્ચે હોય, તો લોપ પામે, અને તે ઠેકાણે अ, બાકી રહી જાય,

તો તેની ई થાય, અને એ રીતે થએલી કે બીજી ई નો य થાય અથવા પાછલા સ્વર સાથે મળી ए પણ થાય.

सागर	સાઈ, સાયર	**नालिकेर**	નાળિયેર
वचन	વઈણુ, વયણુ-વેણુ	**भूष्टिकार**	ભઠિયારો
कातर	કાઈરિ, કાયર	**कुंभकार**	કુંભાર
गत	ગઈઓ-ગયો	**केदार**	કેઆરો-ક્યારો
रजनी	રઈણી, રયણી, રેણુ	**कोपि**	કોઈ
नागर	નઈર, નયર, નેર	**जाति**	જાઈ
खदर	ખઈર-ખેર	**सिंहपुर**	સિંહઉર, સિહોર
पाद	પાઈ, પાય	**समय**	સમઈ, સમે, સમો
कोकिल	કોઈલ, કોયલ	**मयूर**	મઉર, મોર
जातिफल	જાઈ-જાયફળ	**भूमि**	ભૂંય, ભોંય, ભાંય
यूका	જૂઆ, જૂવા	**द्यूत**	જૂઉ, જૂવું
बटुक	બડુઓ, બડવો	**लड्डुक**	લાડુઓ, લાડવો
सूचि	સુઈ, સોય	**भगिनी**	બહિન, બે'ન

૨૪. य ને व નું સંપ્રસારણ એટલે इ ને उ થઈ જાય, અને તે પાછલા સ્વર સાથે મળી ए કે ओ રૂપ ધરેઃ—

क्षय	ખઈ, ખે	**नयन**	નેણુ, નેન
भय	ભે	**स्वर्ण**	સુન્નું, સોનું
धवल	ધોળું	**रसवती**	રસોઈ
अवसर	ઓસરવું	**अवल[illegible]**	ઓળખ

कवलक	કોળિયો	**लवण**	લૂણુ

૨૫. **सकार** ઉપરથી કે કોઈપણુ રીતે આવેલા **ह्** ની પાસે **क** આવે તો **ख**, **ग** આવે તો **घ**, **च** આવે તો **छ**, **ज** આવે તો **झ**, **ट** આવે તો **ठ**, **ड** આવે તો **ढ**, **त** આવે તો **थ**, **द** આવે તો **ध**, **प** આવે તો **फ** અને **ब** કે **व** આવે તો **भ** થાય:—

स्कंध	ખાંધ	**पश्चात्**	પછી
वृश्चिक	વીછી, વીંછુ	**अष्ट**	આઠ
मिष्ट	મીઠું	**दृष्ट**	દીઠું
मुष्टि	મૂઠી	**गोष्टि**	ગોઠ
स्तंभ	થંભ	**स्तर**	થર
स्तंभक	થાંભલો	**दधिस्तर**	દહીંથરૂં
स्तोभ	થોભ	**पुस्तक**	પોથું
हस्त	હાથ	**मुस्ता**	મોથ
बाष्प	બાફ	**गुह्य**	ગૂઝું
दाह्य	દાઝ	**मुह्यति**	મૂઝાય
वंध्या	વંઝા	**संध्या**	સાંઝ, સાંજ
जिह्वा	જીભ	**ऊर्ध्व**	ઊભું

૨૬. કોઈ વખત અક્ષરોનો વ્યત્યય એટલે ઉલટપાલટ થાય:—

कलशी	કશલી	**नम्र**	નરમ
वाराणसी	બનારસ	**बिडाल**	બિલાડો
ह्रद	દહરો, ધરો	**लघु**	હળુ, હળવે

ભાગ ૩ જો.

અઘરા સંસ્કૃત ધાતુ.

અક્—ચિહ્ન કરવું—અંક—આંક—આંકો, અંકિત, આજ્ઞાંકિત, પર્યંક—પલંગ;—ગૂ આંકવું, આંકડો, આકણી.

અગ્—જવું;—અંગ—આંગ, (અંગન)-આંગણું, અંગના, અંતરંગ—અતરંગ, વ્યંગ, સાંગોપાંગ.

અચ્—જવું, વળવું—અંચળ, અર્વાચીન, ઉદીચ્ય, પ્રાચીન.

અજ્—(લા. unguo) તેલ લગાડી સુંદર કરવું; આંજવું, પ્રકાશવું—અગ્નિ, અંજન, વ્યક્ત, અવ્યક્ત, વ્યંગ્ય, નિરંજન, વ્યંજન-ગૂ. આંજવું; આંજણી.

અટ્, અત્—જવું, ફરવું:—અટન, અટવી, અતિથિ, આતિથ્ય, દેશાટન, પર્યટન, (પદાતિ) પ્યાદુ.

અણ્, અન્:—(લા. animus) ધમવું, શ્વાસ લેવો, જીવવું:—અપાન, આનન, ઉદાન, ગજાનન, પ્રાણ, પ્રાણાયામ, વ્યાન, સમાન.

અદ્:—(લા. edo; ઇં. eat) ખાવું—અન્ન, સ્વાદ, સ્વાદુ, સ્વાદિષ્ટ.

અર્ચ્—માન આપવું, પૂજવું—અર્ક, અર્ચન, અર્ચા; ગૂ. અર્ચવું.

અર્જ્—મેળવવું, કમાવું—અર્જુન, ઉપાર્જન, ઉપાર્જના, ઉપાર્જિત, સર્વોપાર્જિત.

અર્થ્—માગવું, અરજ કરવી:—અર્થ, અર્થશાસ્ત્ર; અનર્થ—અનરથ; પ્રાર્થના, સમર્થ, વ્યર્થ.

અલ્—શણગારવું—અલંકાર, અલંકૃત, અલેક, અલકા, અલિ-આલિ-આલી.

અશ્—ખાવું-અશન, પ્રાશન; હુતાશન; ગૂ. આશવું.

અસ્—(અં. is. લા. Esse, esti) **હોવું, ફેંકવું**:—અસ્તિત્વ, આસ્તિક, નાસ્તિ-નથી, નાસ્તિક, સત્. સત્ય, સત્તા, સત્વ; અભ્યાસ; અસ્ત; અસ્ત્ર, ન્યાસ, વ્યસન, ભ્યાસ, સન્યસ્ત, સમસ્યા, સમાસ, સ્વસ્તિ.

અર્પ્—**આપવું**—અર્પણ;—સમર્પણ; ગૂ. અર્પવું-આપવું.

આપ્—(લા. opto?) **મેળવવું, વ્યાપવું**—પ્રાપ્ત, પ્રાપ્તિ, પ્રાપ્ય, વ્યાપક, વ્યાપી, વ્યાપ્તિ, વ્યાપ્ય, સમાપ્ત, સમીપ—ગૂ. વ્યાપવું, પાવવું, પામવું.

આસ્-બેસવું—આસન, ઉદાસી, ઉપાસક, પ્રાસ. **ઇષ—ઇચ્છવું**—અનિષ્ટ, ઇચ્છા, ઇચ્છુ, ઇષ્ટ, ઇષ્ટરાશિ, હિતૈષી-હેતેશ્રી.

કચ્, કુંચ—પ્રકાશવું, બાંધવું—કચ, કાચ, કાંચન-, કંચન, કંચુકી, કંચુલી—કાંચળી, કાંચી.

કથ્—કહેવું—કથન, કથા, કથિત, કથ્ય;—ગૂ. કહેવું.

કન્—ચાહવું, પ્રકાશવું—કનક, કંદ, કન્યા, કાનન, કાંત, કાંતા (છેલ્લા બે શબ્દોની વ્યુત્પત્તિ **कम** ધાતુ ઉપરથી પણ થાય).

કણ્—અવાજ કરવો—કંકણ, કણિકા—કણકી.

કપ્, કંપ્—(ગ્રી. campto) **જવું, જવું; દયા કરવી**—અનુકંપા, કંપ, કંપાયમાન. કપિ.

કલ્—(લા. celer, swift) **જવું, ગણવું, ફેંકવું, શબ્દ કરવો**—કલહ, કલ્યાણ, કલા, કલિ, કલ્લોલ, કાલ, કાલિકા, નિકાલ, સંકલના, વિકલ;—ગૂ. ઉકલવું-(ઉત્કલ), ઓકળી (ઉત્કલિકા), અકળાવું.

કાશ્—દીપવું, ચળકવું—અવકાશ, આકાશ, પ્રકાશ, કાશી, કાષ્ટ.

કિત્—જાણવું, વસવું—કિતવ, કેતકી, ચિકિત્સા, નિકેત, સંકેત.

કુ, કૂ—બોલવું—કવન, કવિ, કવિત્વ, કાવ્ય, કુંજ, કૂપ-કૂવો.

કુલ્—એકઠું કરવું—આકુલ, કુલ, કુલક, કુલીન, વ્યાકુલ, વિરહવ્યાકુલ–વ્રેહેવાકુળો–બેહેબાકળો.

કુશ્—કુસ્—ભેટવું—કુશ, કુશલ.

કૃપ્,—કલૃપ્—દયા કરવી; યોજના કરવી—કલ્પ, કલ્પના, વિકલ્પ, સંકલ્પ, કૃપણ, કૃપા.

કૃષ્—ખેંચવું—આકર્ષણ, ઉત્કર્ષ, ઉત્કૃષ્ટ, કર્ષણ–કશાણું, કૃષિ, કૃષ્ણ, સંકર્ષણ.

કૃત્—વખાણવું—અપકીર્ત્તિ, કીર્ત્તન, કીર્તિ, કીર્ત્તિત, પ્રકીર્ત્તિત, કીર્ત્તિમાન્.

કિલશ્—દુઃખ દેવું—અક્લિષ્ટ, ક્લિષ્ટ, કલેશા, કેશ.

ખન્—(લા. canalis) **ખોદવું**—ખાતક—ખાડો, અખાત, ખનિજ, ખનિત્ર—ખાતરિયું, ખાત્ર–ખ્યાતર, ગૂ. (ખનિ) ખાણ.—ખણવું, ઉખેડવું—(ઉત્પાત).

ખાદ્—ખાવું—ખાદ–ખાધ, ખાદ્ય–ખાજું;-ગૂ. ખાવું.

ખિદ્—દુઃખી થવું—ખિન્ન, ખેદ;–ગૂ. ખીજવું.

ગદ્—(અં. quoth) **બોલવું**—ગદગદિત, ગદ્ય.

ગલ—ગળવું—ગલ–ગળું, ગલ્લ–ગાલ (ગલન) ગલણું, નિર્ગળ,—નિગળવું, ગળવું, ઓગળવું–(અવગળ), પિગળવું, (અપિગલ ?)

ગા–ગૈ,–ગાવું—ઉદ્‌ગીતિ, ઉપગીતિ, ગાથા–ગાહો, ગાન, ગાયત્રી, ગાયન, ગાયક, ગીત, ગીતિ, સંગીત.

ગુણ્—વધારવું, ગણવું—ગુણ, ગુણક, ગુણ્ય, ગુણાકાર, દુર્ગુણ, નિર્ગુણ, સદ્‌ગુણ, સગુણ; ગૂ. ગણવું.

ગુપ્–રક્ષણ કરવું—ગુપ્ત, ગુપ્તિ, ગોપ્ય–ગોપ, ગોપન.

ગુહ્–સંતાડવું—ગહ્વર–ગભ્બર, ગુહા–ગુફા, ગુહ્ય, ગૂઢ.

ગૃ—ખાવું; બહાર કહાડવું—ઉદ્‌ગાર; ગુરુ, ઉપગુરુ, (ગર્ગરી)—ગાગર, ગિરા.

ગ્રથ્—થવું—ગ્રંથ-ગાંઠો, ગ્રંથી-ગાંઠ-ગાંઠડી; ગૂ. ગૂંથવું, ગાંઠવું, ગંઠિઓ, ગંઠીછોડ-ઘંટિચોર.

ગ્રસ—ખાવું, લેવું—ગ્રાસ, વ્યાધિગ્રસ્ત.

ઘટ્-ઘડવું, એકઠા થવું—અઘટિત, ઘટ-ઘડો, ઘટના, ઘટિકા, ઘટિત, સંઘટ્ટન;-ગૂ. ઘડવું, ઉઘાડવું, (ઉદ્‌ઘાટ).

ઘુર—બીવાડવું, ભયંકર શબ્દ કરવો—અઘોર, ઘોર; ગૂ. ઘોરવું, ઘરઘર, ઘડઘડાટ.

ચક્ષ—જોવું, સ્પષ્ટ કહેવું—ચક્ષુ—ચક્ષ-ચખ, વિચક્ષણ.

ચત્—માગવું—ચતુર, ચાતક.

ચદ્—ચંદ્—(લા. candeo) પ્રકાશવું—ચંદ્ર, ચંદન, ચંદ્રમા, ચંદ્રિકા.

ચર્વ્-ચાવવું—ચાર્વાક, ગૂ. ચવેણું (ચર્વણ)—ચાવવું.

ચ્યુ.—જવું—અચ્યુત, ચ્યવન, પદચ્યુત.

જાગૃ—જાગવું—ઉજાગર-ઉજાગરો, જાગરણ, **જાગૃત**, જાગૃતિ, જાગ્રત્;-ગૂ. જાગવું.

જૄ—(લા. Granum) **જીર્ણ થવું**—અજર, અજીર્ણ-અજીરણ, જર્જર. જરા, જીર્ણ-જૂનું. જાર-ગૂ. જરવું, જળી, જવું, ઝૂરવું.

જ્વલ્.—ભડકો થવો, પ્રકાશવું—ઉજ્જ્વલ-ઊજળું, જ્વાલા-ઝાળ, પ્રજ્વલિત; ગૂ. જળવું, અજવાળવું, (ઉજ્જ્વલન).

તન્—(લા. tendo tenio) **ખેંચવું, તાણવું**—તનુ, તનુજ, તંતુ, તાન-તાણો, સંતાન, સંતતિ.

તર્ક્—શોધી કહાડવું, વિચારવું—અતર્ક્ય, કુતર્ક, તર્ક, વિતર્ક, ગૂ.-તાકવું.

તલ્:—જવું, રહેવું:—અતલ, તલ–તળીઉં, તલાતલ, તાલ–તાડ, તાલી, તાલુ–તાળવું. પાતાલ, ભૂતલ, મહાતલ, વિતલ, રસાતલ, સુતલ,

તિજ્—(અં. sting. લા. stigo) **અણી કરવી:**—ઉત્તેજન, ઉત્તેજક, તીક્ષ્ણ, તેજ, તેજસ્વી, તેજોમય; નિસ્તેજ; ઉટકવું (ઉત્તેજ).

તુર્—ઝપટ કરવી—આતુર, ત્વરા, તુરંગ, તરંગ. તુરંગમ;—ગૂ. તુર્ત–તરત.

તૃપ્—સંતોષ પામવું:—અતૃપ્ત, તર્પણ, તૃપ્ત, તૃપ્તિ.

ત્યજ્—તજવું, છોડવું—ત્યાગ, ત્યાગી, પરિત્યાગઃ–ગૂ. તજવું, તાજ કરવું.

દમ્—(લા. damnum, domo અં. tome) **દમવું**-દમ, દમન દમયંતી, દંડ, દંત–દાંત;–ગૂ. દમવું.

દય્—આપવું—દયા, દયાલુ, દયાવંત, દયિતા, નિર્દય.

દલ્—ભાગ કરવા, દળવું—દલ–દળ–દાળ, દિલીપ, દલન–દળણું–દયણું;–ગૂ. દળવું અવડાળવું–ઓડાળવું. (અવદાલ).

દહ્—બાળવું—દગ્ધ, દહન, દાહ, વિદગ્ધ, દાહ, (દાઝ).

દંશ્—કરડવું—દંશ–ડંસ–ડાંસ, દંષ્ટ્રા–દાઢ. દશા, દશન–દસવું–ડંસવું.

દક્ષ્—ઉતાવળ કરવી, સારી રીતે કરવું—દક્ષ, દક્ષિણ, દક્ષિણા, પ્રદક્ષિણા.

દુષ્—દૂષ્—ભૂલ કરવી—ત્રિદોષ, દુષ્ટ, દૂષણ, દોષ, નિર્દોષ, પ્રદોષ, વિદૂષક.

દુહ્—દોહવું—કામદુધા, દુહિતા, (દુગ્ધ)–દૂધ, દોહન, (દોહની)–દોહણી–દોણી, દૌહિત્ર–દોહિતરઃ—ગૂ. દોહવું.

દૃપ—અહંકાર કરવો—કંદર્પ, દર્પ, દર્પણ.

દૃહ્—વધવું—દૃઢ, દીર્ઘ.

દૃ—ફાડવું, બીવું-દારૂણુ (દેવદારનું ઝાડ), વિદારણ;-વિદારવું.

દ્યુત્, જ્યુત્—પ્રકાશવું—ઉદ્યોત, ખદ્યોત, જ્યોત્સ્ના, જ્યોતિ, દ્યુતિ, વિદ્યુત્-વીજળી.

ધન્—શબ્દ કરવો, ચલાવવું, અનાજ પેદા થવું, મારી નાખવું—ધન, ધની-ધણી, ધનુસ્, ધન્ય, ધાન્ય, નિધન, પ્રધન.

ધાવ્—ધોવું—ધાવન, દંતધાવન, ધાવક-ધોબી, ધૌતિ-ધોતીઃ-ગૂ. ધોવું.

ધૂ—ધૂજવું—અવધૂત-અબધૂત, ધવ, ધૂનિ-ધૂણિ, ધૂમ, ધૂમ્ર, (ધૂલિ)-ધૂળ,-ધૂણવું.

ધ્યૈ-વિચારવું, ચિંતન કરવું—ધ્યાતા, ધ્યાન, ધ્યેય, ધી, સંધ્યા.

ધ્મ—ધમવું—ધમન-ધમણ, ધમની;—ધમવું.

નટ્—નાચવું—નટ, નટી, નાટક, નાટ્યઃ ગૂ. નટવો.

નદ્—શબ્દ કરવો—નદ, નદી, નાદ.

નલ્—બાંધવું, ગંધ આપવી—અનલ, નલ, નાડી, નાલ-નાળવો, પ્રણાલ-પરનાળ, પ્રણાલિકા-ગૂ. નડવું.

નદ્, નંદ્—ખુશ થવું—અભિનંદન, આનંદ, નંદ, નંદન, નંદિની, નંદી, ગૂ. આનંદવું.

નાથ્—માગવું, દુઃખ દેવું—જગન્નાથ, નાથ, વિશ્વ-નાથ;—ગૂ. નાથવું.

નૃત્—નાચવું—નર્તક, નર્તકી, નર્તન, નૃત્ય, નૃત્ત, સુનૃત.

નૄ—લઈ જવું—નર, નરસિંહ, નર્મ, નારંગ, નારી.

પઠ્-શુદ્ધ બોલવું, વાંચવું-પાઠ, પાઠક, સંહિતાપાઠ; ગૂ. પઢવું.

પથ્-જવું—કુપથ્ય, પથ્ય, પંથ, (પાથેય)-ભાથું.

પલ્—જવું—ઉત્પલ, પલ, પલાયન, (પલાલ)-પરાળ, પાળી, પિપ્પળ-પીપળો. ગૂ. પળવું, પળી જવું.

પશ્—(લા. pactnm.) બાંધવું;—પશુ, પાશ ફાંસો.

પક્ષ્-લેવું-અપક્ષપાત;—પક્ષ; પક્ષી-પંખી, પ્રતિપક્ષી.

પુષ્-પોષવું, વધારવું—પુષ્કર, પુષ્કળ, પુષ્ટ, પુષ્ટિ, પુષ્પ, પોષક, પોષણ, પૌષ, ગૂ. પોષવું-પોખવું.

પૂજ્-પૂજવું—અપૂજ્ય-અપૂજ, મૂર્તિપૂજક, પૂજન, પૂજ્ય, પૂજનીય, પૂજનિક; પૂજા; પૂજિત, પૂજારી.

પૃ—કામે લગાડવું-વ્યાપાર-વેપાર, વ્યાપારી-વેપારી; ગૂ. વાપરવું-વાવરવું.

પ્રચ્છ્—(લા. precoa.) પૂછવું—પૃષ્ટ, પ્રચ્છક, પ્રચ્છા, પ્રશ્ન ગૂ. પૂછવું.

પ્રથ્, પૃથ્—ખુટલું થવું?-પૃથિવિ, (પૃથક)-પહોંક પહુંઆ, પ્રથમ, પૃથા, પ્રથા.

પ્રી—(અં. Trend) ચાહાવું-અભિપ્રાય, પ્રિય—પિયુ, પ્રિયત્તમ-પ્રિતમ, પ્રીત, પ્રિયા, પ્રીતિ, પ્રેમ.

ભક્ષ્-(લા. Tames) ખાવું-અભક્ષ્ય, ભક્ષ, ભક્ષ્ય, ભક્ષક, ભક્ષણ—ગૂ. ભખવું.

ભા—પ્રકાશવું—આભા, પ્રભા, પ્રભાકર, પ્રભાત, સભા, ભાન, ભામા, ભામિની.

ભાસ્—દેખાવું પ્રકાશવું—અભાસ, ભાસ, ભાસ્કર,

ભિક્ષ્—(અં-beg.) માગવું-ભિક્ષા, ભિક્ષુ, ભિક્ષુક-ગૂ. ભીખવું, ભીખ, ભીખારી (ભીક્ષાહારી).

ભી-બીહીવું-અભયવચન, નિર્ભય, ભય, ભયંકર, ભયાનક, ભીતિ, ભીમ, ભીરૂ, ભીષ્મ, ભેરી, ભૈરવ, ભરવી, વિભીષણ.

ભ્રશ્-પડવું-અપભ્રંશ, ઉભયભ્રષ્ટ, ભ્રષ્ટ, ભ્રંશ.

મંડ—શણગારવું—મંડન-માંડણ, મંડપ—માંડવો, મંડલ, મંડલી, મંડિત, ગૂ. માંડવું (!)

મંત્ર્—છાનો વિચાર કરવો–આમંત્રણ, નિમંત્રણ; મંત્ર, મંત્રી;—ગૂ. મંતરવું.

મલ્લ્, મલ–ધારણ કરવું–અમલ, (આમલકી) આમલી; નિર્મલ, પરિમલ, મલ. મલયાચલ, મલ, મલિન–મેલું, મલ્લિકા, માલતી, માલા.

મંજ્-શબ્દ કરવો–મંજરી—માંજર–મંજીરા, મંજુલ, મંજૂષા–મંજૂસ–મજૂસ.

મસ્–વિકાર પામવો–મસ્ત, મસ્તક.

મસ્જ્–ડૂબકી મારવી નિમગ્ન, મગ્ન–મગન, મંજન.

મહ્–(લા. mugnus) મોટા થવું–મહત્તા, મહત્વ, મહત્, મહા, મહાન્, મહિતા,–મહેતા, મહિષી, મહિલા, મહેલા, મહી, મહીપતિ.

મથ્—વલોવવું–મથન, મથુરા, મન્થન, મંથન, મંથર.

મિશ્ર્–(mix) એકઠું કરવું—મિશ્ર, મિશ્રગણિત; મિશ્રણ, મિશ્રિત.

મુડ્—ભાગવું મુંડ, મુંડન–મૂડણ, મુંડી, મુંડિત ગૂ. મૂંડિયો—મૂંડવું, મોડવું.

મુદ્—ખૂશ થવું-કુમુદ–કમોદ (?) પ્રમોદ, (મુદ્ગર) મોગરો, મુદ્રા, મુદા, મોદ, મોદક—મોદિક.

મૂર્છ્—બેભાન થવું—મૂર્છન, મૂર્છા, મૂર્છિત.

મૃજ્—શુદ્ધ કરવું—માર્જન, માર્જાર, સન્માર્જની;- ગૂ. માજવું—માંજવું.

મૃદ્–(લા. mordeo) ચરો કરવો–પીઠમર્દન, મર્દન, (મર્દશ્લોક)—માદળીઓ, મૃદંગ, મૃદુ.

યત્–મહેનત કરવી ?—પ્રયત્ન. યત્ન—જતન.

યાચ્–માગવું—અયાચિત–અજાચિત, યાચક—જાચક યાચના—જાચના;—ગૂ. જાચવું.

યુ-(લા. Juvo)ભેળા થવું; બાંધવું-અયુત-યુવાવસ્થા, (યવાસો)-જવાસો, યુત, યુપ, (ગોત્ર)-જોત્રું-જોતરૂં.

યુધ્—લડવું:—આયુધ, દુર્યોધન, યુદ્ધ, યોધ—જોધ યોદ્ધ—જોદ્ધા, યુધિષ્ઠિર, સુયોધન—ગૂ. ઝુઝવું.

રહ્-તજવું, છોડવું:—રહસ્ય, રહિત, રાહુ, વિરહ.

રાધ્-પ્રસન્ન કરવું:—અપરાધ, આરાધના, આરાધ્ય, રાધા.

રિચ્—(લા. liceo. અં. leave) ખાલી કરવું:—રેચ, રેચક, વ્યતિરેક.

રુ—બુમ પાડવી:—પુરુરવ, રવ, રાવણ, રુડ, ગૂ-રોવું.

રુચ્—(લા. luceo, lux. lumen અં. light) અભિરુચિ, ગોરોચન, રુક્મ—રૂખમયો, રુક્મિણી રુચિ, રુચિર:—ગૂ. રોક, રોકડા, રૂચવું.

રુજ્—દુઃખ થવું:—આરોગ્ય, નીરોગી, રોગ,

રૂદ્—રડવું—રૂદ્ર, રુદ્રી, રુદન=(રોદન):—ગૂ. રડવું, આરડવું: (આરોદન)

રુષ—ગુસ્સે થવું:-રુષ-રૂઠ, રોષણ-રૂષણું, ગૂ. રૂઠવું.

રુહ્—ફણગો ફુટવો:—આરૂઢ, આરોહણ, રૂઢ, રૂઢિ, રોહિણી.

લગ્—સાથે જવું:—લગ્ન—લગન—લાગો, સંલગ્ન, ગૂ. લાગવું, લગની.

લઘ-જવું, ભુખ્યા રહેવું—ઉલ્લંઘન, લંઘન—લાંઘણ, લઘુ, લાઘવી.—ગૂ લાંઘવું, લંઘાવું. ઓળંગવું (ઉલ્લંઘ).

લપ્—(લા. lopu.)—બોલવું—આલાપ, પ્રલાપ, વિલાપ;—ગૂ. લવવું, વિલપવું.

લબ્, લંબ્—(અં. limb) લબડવું:—અવલંબ ઓળંબો, અવલંબન, લંબ—લાંબું, વિલંબ; ગૂ. લંબાવવું.

લભ્ મેળવવું;—અલભ્ય, લબ્ધ, દુર્લભ, લભ્ય, લાભ-લાહવો. (લાભન)—લાહણુ—લાહણું, શૂન્યલબ્ધિ, સુલભ, વિપ્રલંભ.

લલ્—રમવું:—લલના, લલિત, લાલ, લાલન, લાલિત્ય, લાલસા—લાલચ;—ગૂ. લાડવું.

લસ્, લષ—રમવું, પ્રકાશવું:—આલસ્ય, ઉલ્લાસ, વિલાસઃ—ગૂ. લસવું, આળસવું, વિલસવું.

લિખ્ લખવું:—ઉલ્લેખ, રેખા, લેખ, લેખક–લહીઓ, લેખન, લેખની–લેખણ; ગૂ. લખવું, આલેખવું (આલિખ).

લિપ્—લીપવું, ચોપડવું:—નિર્લેપ, લેપ, લેપન—લીપણ–ગૂ. લીપવું.

લી—રહેવું, મળી જવું; ગળી જવું:—આલય, નિલય, પ્રલય, લય, લીન, તલ્લીન.

લુપ્—(લા. rumpo.) **નાશ કરવો**:—લુપ્ત, લોપ, લોલુપતા; ગૂ. લોપવું.

લુભ્—લોભ રાખવો:—નિર્લોભ, લુબ્ધ, લોભ.

વંદ્—વખાણવું—અભિવંદન, વંદન, વંદના, વંદનીય, વંદ્ય, વંદિત;—ગૂ. વંદવું.

વન્—શબ્દ કરવો, ચાહવું:—વન, વનિતા, વાનર.

વર્ણ્—રંગવું, વર્ણન કરવું:—વર્ણ, વર્ણન, વિવર્ણ, સવર્ણ, સુવર્ણ;—ગૂ. વર્ણવું.

વિચ્—છુટા પડવું:—અવિવેક, વિવેક, વિવેચન; ગૂ. વહેંચવું (?) વેચવું (?).

વિધ્,–વ્યધ્—ઘડવું:—નિર્વેધ, વિધાન, વિધિ, વિધુ, વેધ,–વેહ;–ગૂ. વિધવું.

વૃજ્ (લા. Verg) **છોડી દેવું, વર્જવું**:—અવર્ગીય. અપવર્ગ, વર્ગ; વર્જન, વર્જ્ય, વર્જિત, વિવર્જિત;—ગૂ. વર્જવું.

વૃષ્—વરસવું–અનાવૃષ્ટિ, વર્ષણ, વર્ષા વૃષ્ટિ;–ગૂ. વરસવું.

વે—(અં. Weave) વણવું;—ઉપવીત. પ્રોત—પ્રોયું, (વાન)–વાણો, (વાનકાર)–વણકર;–ગૂ. વણવું;–પ્રોવું–પરોવવું.

શપ્—બોલવું, નિંદવું, શાપવું:–અભિશાપ, શપથ, શબ્દ, શાપ.

શંક્—વહેમ આણવો—આશંકા, નિઃશંક, શંકા, શંકિત.

શમ્—શમવું:—શમ, શમન, શાંત, શાંતિ, શામ.

શાસ્—શીખવવું, હુકમ કરવો—અનુશાસન, આશિષ, આશીર્વાદ, દુઃશાસન, શાસન, શાસ્ત્ર, શિષ્ય, શિષ્ટ.

શિષ્—બાકી રહેવું:—અશેષ, ઉચ્છિષ્ટ, નિઃશેષ, વિશેષ, વિશેષણ, વિશેષ્ય વૈશેષિક, શિષ્ટ, શેષ.

શિક્ષ્–શીખવું:–શિક્ષક, શિક્ષા–શીખ, શિક્ષિત; ગૂ. શીખવું.

શુચ્–પ્રકાશવું, દીલગીર થવું, ભીના થવું:–શુક્ર, શોક, શોચના.

શુચ્—પવિત્ર થવું:—અશૌચ, શુચિ, શૌચ.

શુભ્-પ્રકાશવું:—શુભ, શુભ્ર, શોભન, શોભિત–શોભિતું, શોભા, શોભાયમાન. સુશોભિત;–ગૂ. શોભવું, સોહવું.

શુષ્—સૂકાવું:—શુષ્ક—સૂકું, શોષ—સોસ, શોષક, શોષણ;—ગૂ. સૂકાવું.

સદ્–(અં. sit લા. Sedeo.) **બેસવું; જવું**:–આસન્ન, ઉપનિષદ્, નિશાદ્, પરિષદ્, પ્રસાદ, પ્રાસાદ, પ્રસન્ન, સદન, સભાસદ.

સિચ્—છાંટવું:—અભિષેક. સેચન;—ગૂ. સિંચવું.

સેવ્-ચાકરી કરવી:—સેવક, સેવન–સેવ્ય, સેવા; સેવવું.

સ્તુભ, સ્તભ–અટકવું:–અનુષ્ટુપ્ ત્રિષ્ટુપ્, સ્તંભ–થંભ—થાંભલો, સ્તબ્ધ, સ્તંભન, સ્તોભ–થોભ, ગૂ. થંભવું, થોભવું, ઉઠાવવું, ઉથામવું (ઉત્તંભ ?)

સ્તુ-વખાણ કરવાં:-પ્રસ્તાવ, પ્રસ્તાવના, પ્રસ્તુત, સ્તવન, સ્તુતિ, સ્તુત્ય, સ્તોત્ર, (સ્તોક)-થોડું; ગૂ સ્તવવું.

સ્મિ-(અં. smile) **હસવું**:-વિસ્મય, વિસ્મિત, સ્મિત.

સ્વપ્—(લા. sopor, somnus, cupo? અં. sleep) **ઊંઘવું**:—સ્વપ્ન, સ્વપ્ન, સુષુપ્તિ;—ગૂ. સૂવું.

સ્તૃ-(અં. strew.) **પાથરવું**:-(સ્તર)-થર, (પ્રસ્તર)-પથ્થર, પ્રસ્તાર, (પ્રસ્તર)-પાથરણું. ભૂસ્તર, વિસ્તાર, વિસ્તીર્ણ;—ગૂ. પાથરવું, વિસ્તરવું.

હસ્—હસવું: અટ્ટહાસ, ઉપહાસ, હસન, હસ્ત, હસિત, હાસ્ય, હાસ, સહસ્ત્ર;—ગૂ. હસવું.

હા—છોડી દેવું:—વિહીન—વિહોણો—વોહોણો, હીન—હીણુ—હીણો, હાનિ, હેય

હિ—જવું, વધવું:—વિહિત, હેતુ, હેતુતા.

હ્લાદ્—(અં. glad) **ખુશ થવું**:—આહ્લાદ, આહ્લાદક, પ્રહ્લાદ.

ક્ષણ્—હણવું:—ક્ષણ, ક્ષત, અક્ષત, ક્ષત્રિય;—ગૂ, ખણવું.

ક્ષમ્—ખમવું:—(અક્ષમ)—અખમ, ક્ષમા—ખમા, ક્ષાંતિ:—ગૂ. ખમવું.

ક્ષર્—ખરવું, ઝરવું:—અક્ષર, (પ્રક્ષર)—પાખર, ક્ષર, ક્ષાર, ગૂ. ખરવું.

ક્ષુભ્—ગભરાવું:—વિક્ષોભ, ક્ષોભ, ક્ષોભિત.

આરબી ધાતુ.

અજબ—આશ્ચર્ય પામવુંઃ અજબ, અજાએબ, તાજુબ.

અઝમત—મોટા થવું;–આઝમ (આજમ), તાઝીમ.

અમ્ર—હુકમ કરવો:–અમીર, ઉમરા (ઉમરાવ).

અમ્લ—કરવું:–અમલહ (અમલ, અમલો), મામૂલ.

અર્ખ—લખવું:–તારીખ, તવારીખ.

અસ્ર—અસર કરવી:–અસર, તાસીર.

આદત—ટેવ પાડવી:–આદત, એદી (આદી).

ઇલ્મ—જાણવું:–આલીમ, ઓલમા (ઉલમા), ઇલ્મ-ઇલિમ, તાલીમ-તાલેમ.

ઇશ્ક—ચાહવું:–આશિક, આશક. ઇશ્ક-ઇશક, માશુક.

ઉલ્—ઊંચા થવું:–આલીજાહ, આલીશાન, અલબેલો, (અલાબઅલા).

કઝ—ઠેરવવું, માગવું:–કજિયો (કઝીય), કાઝી; તગાદો (તકઝા).

કદ્—બેસવું:–કાયદા, કવાયદ.

કદમ—આવવું:–કદમ, કદમી (કદીમ), મુકદ્દમ.

કદ્ર—મુકરર કરવું:–કુદરત, તકદીર, મગદુર (મકદુર).

કબુલ—કબુલ કરવું:–એકબાલા (ઇકબાલા), કબુલવું, કબુલસુરત, કબુલાત.

કિયામ—ઉભા રહેવું:—કયામત, કાયમ, કીંમત, મકામ-મુકામ.

કરાર—વચન આપવું:–ઇકિરાર (એકરાર), કરાર, કલેમા-કલમો, કોલકરાર.

કસ્દ—ઇરાદો રાખવો:–કાસદ, મકસદ.

કસ્ર—ટૂકું કરવું:-કસર.
કૌન—થવું:-કાયનાત, મકાન.
કૌલ—બોલવું:-કાયર (કાયલ), કાએલી, કોલ (કાઉલ).
કિબ્ર—મોટા થવું:-અકબર, અકાબર, કબીર, તકો-બરી (તકૂબરી).
કિતાબ—લખવું:-કિતાબ, મકતબ.
ખત્ર—બીહીવું:—ખતરો (ખતરાહ), ખાતરનિશાન, ખાતરજમાં, ખાતરદારી, ખાતર (ખાતિર), ખાત્રી.
ખસ—પોતાનું કરવું:—ખવાસ, ખસૂસ-ખુસૂસ, ખાસ, ખાસીયત, ખાસું (ખાસહ).
ખેર—પસંદ કરવું:—ખેર, ખેરખાઈ, ખેરાત, ખેરીયત.
ઘફ્લત—ભૂલ કરવી:—ગફલત, (ઘફ્લત), ગાફેલ (ઘાફિલ).
ઘીબત—છાનું કહી દેવું:-ઘીબત, ગેબ (ગાઈબ), ગેબી.
ઘુરૂર—અભિમાન કરવું:—ગરૂરી (ઘરૂરી), મગરૂર.
ઘુર્બ—ગરીબ થવું:—ગરીબ, ગુરબા, ગરીબપરવર.
જમા—એકઠું કરવું:—જમા-જમે, જમાત, જમાદાર, જમાબંદી, મજમુદાર (મજમુઆદાર).
જલ્સ—બેસવું:—મજલિસ-મિજલસ.
ઝબ્ત—પકડવું:-જપતી (ઝબ્તી), મજબૂત.
ઝહમત—મુશ્કેલીમાં પડવું:-ઝહમત (ઝહમત) મુઝાહમ.
ઝિક્ર—યાદ રાખવું:-ઝીકર, મઝકૂર.
ઝુલ્મ—જુલમ કરવો:-જુલમ, જાલીમ-ઝાલમ.
તકલીદ—નકલ કરવી:-તકલીદી-તકલેદી.
તબઅ—તાબે થવું:-તાબે, તાબેદારી.
તલઅ—ઉગવું:-તાલે, તાલેમંદ, તાલેવર.

તલબ—માગવું:-તલબ (તલપ), મતલબ.
દખલ—પેસવું:-દખલ (દખ્લ), દાખલ (દાખીલ).
દર્સ—શીખવવું:-મદ્રેસા.
દલાલત—બતાવવું:-દલાલ, દલીલ.
દા—દાવો કરવો:-દાવો, મુદ્દો.
દાર—ફરવું:—મદાર.
નકશ—છાપવું:-નકશો, નકાશ.
નઝલ—ઉતરવું:-નજળો, મજલ (મંઝિલ).
નઝ્—જોવું:-નઝરાણું, નઝરાનાહ, નાઝર, મંજુર, નઝરબંદી.
નસ્બ—મુકરર કરવું:-નસીબ, મનસુબો (મનસુબહ).
નિષ્ફ—સમભાગ કરવા:-ઇનસાફ, મુનસિફ.
ન્યામત—આપવું:-ઇનામ, ન્યામત.
ફના—નાશ પામવો:-ફના, ફાનીશ.
ફરાગત—છૂટા થવું:-ફારેગ, ફારગતી (ફરિગ્ખતી).

ફસ્લ—છૂટા પાડવું:-તફસીલ, મુફસ્સલ, મુફસીલ, ફસલ, ફેસલો.

ફેલ—કરવું:-બદફેલી, ફેલ, ફેલજામીન.
મઝી—જવું:-માઝી-માજી (પહેલાનો).
મશી—ચાલવું:-તમાશો (તમાશાહ).
મિલ્ક—ધણી થવું:-માલિક-માલેક, મિલ્કત.
રઝા—રીઝવું:-નારાઝ, મઝીર, રઝા; રાઝી.
રતબ—ગોઠવવું:-તરતીબ, મર્તબહ, રાતિબ-રાતબ.
રૂજૂ—રજૂ કરવું:-રૂજૂ-રજૂ, રૂજૂઆત-રજૂઆત.
લુઝૂમ—જરૂર પડવી:—લાઝિમ—લાઝમ, લવાઝિમ—લવાજમ.

વકલ—સોપવું:-વકીલ, વિકાલત-વકાલત.

વઝન—તોળવું:-મિઝાન, વઝન.

વુકૂફ—જાણવું:-વકૂફ, વાકેફ, બેવકૂફ.

વુજૂબ—લાયક થવું:-મુજિબ-મુજબ, વાજબ, વાજબી.

શઅર—જાણવું:-શાઈરિ-શાહેર, શૂર-શૌર.

શિકલ—ઘાટ ઘડવો:-મુશ્કિલ, શિકલ.

શુર્બ—પીવું:-શર્બત, શરાબ.

શોલા—ભડકો થવો:-મશાલ (મશઅલ), મશાલચી, શોલો.

સુલહ—ગોઠવણ કરવી:-મસલત, મસાલહ-મસાલો.

સફર—મુસાફરી કરવી:-મુસાફર, સફર.

સુરત—ઘાટ ઘડવો:-ખુબસુરત, તસવીર, બદસુરત, સુરત.

હસ્લ—મેળવવું:-તહસિલ, મહસુલ-મહેસુલ, મોહસિલ-મોહસલ, હાસિલ-હાંસલ.

હિમાયત—રક્ષણ કરવું:-હામી, હિમાયત.

હુકમ—હુકમ કરવો:-હકીમ, હાકિમ-હાકેમ, હુકુમત, હુકુમ-હુકમ.

હુજૂર—હાજર થવું:-હાજર, હુજુર-હજુર.

ફારસી ધાતુ.

અંદાખ્તન—ફેંકવું:-અંદાજો, ગોલંદાજ, તીરંદાજ.

આમદન—આપવું:-આમદ, આમદની-આમદાની, આવંદા, ખુશામદ-ખુશામતી.

આસુદન—સુખી થવું:-આસુદો, દિલાસો.

ખાસ્તન—ઇચ્છવું:-ખાસુખા.

ખુર્દન—ખાવું:-કીનાખોર, ખુર્દો, ખુરાર, ખોરાક, દારૂખોર, હરામખોર.

ઝાદન—જન્મવું—આદમઝાદ-જાત,-કરમઝાદ, દોલતઝાદા, શાહઝાદા.

દાનેસ્તન—જાણવું:—દાનસ્તો, દાના, દાનાઈ, દાનેશમંદ.

દાસ્તન—મૂકવું:-દાર, નાદાર, યાદદાસ્ત.

નવાખ્તન—મોટાઈ આપવી:-ગરીબનવાઝ, બંદેનવાઝ, નવાઝવું.

પરવરદન—પાળવું:-પરવરદેગાર, પરવરશી-પરવશી.

પરહેજીદન—દૂર રહેવું:-પરહેજ-પરેજ, પરહેજગારી, પરહેજી.

પોશીદન—પેહેરવું:-પાયપોશ, પોશાક.

પૈમુદન—માપવું:-પાયમેશ—પેમાશ.

પ્રસ્તીદન—પૂજવું:—આતશપરસ્ત, ખુદાપરસ્ત, બુતપરસ્ત, યઝદાપરસ્ત.

બાઝીદન—રમવું:-આતશબાઝી, નજરબાઝ, બાઝંદો.

બસ્તન—બાંધવું:-બંદોબસ્ત, બાબસ્તા (વાબસ્તા).

બુર્દન—લઈ જવું:-પેગંબર.

માલીદન—મસળવું:-પાયમાલ, રૂમાલ.

રફતન—જવું:-રંદાહ-રંદો.

રેખ્તન—રેડવું:-રંગરેઝ, રેઝા-રેજો.

શર્મીદન—શરમાવું:-બેશર્મ, શર્મિંદો, શર્મ.

સાખ્તન—કરવું:-સાઝ, સાઝીદો.

ધાતુ જેવા ફારસી આરબી શબ્દો.

(ફા.) આફતાબ—સૂરજ:-આફતાબ, આફતાબગીરી —આબદાગીરી.

(ફા.) આબ—પાણી:-આબખોરો, આબરૂ, ગુલાબ, તેઝાબ, પંજાબ.

(અ.) **આમ**—સાધારણ લોક:–આમની સભા, શરીઆમ (શાહરાહે આન)

(અ.) **ઇસ્મ**—નામ:–આસામી.

(ફા.) **ખુદ**—પોતે:–ખુદામદા–ખુદા, નાખુદા.

(ફા.) **ખુશ**—રાજી:–ખુશનુમા, ખુશબો, ખુશી, ખુશહાલ, ખુશાલ, ખુશહાલી, ખુશાલી.

(ફા.) **ગાહ**—જગા:–દરગાહ, પાયગાહ.

(ફા.) **ચોબ**—સોટી:–કાચચોબી, ચોબદાર, ચોબો.

(ફા.) **જાન**—જીવ:–જાન, જાનવર, દિલોજાન.

(અ.) **જુઝ**—થોડું, ચોપડીનો ભાગ:–જુઝ–જુજવી. જુઝદાન–જોસદાન–જોસતાન.

(અ.) **જૌહર**—રત્ન:–ઝવેર, ઝવાહિર, ઝવાહિરાત.

(ફા.) **ઝબર**—ઉપર:–ઝબર, ઝબરદસ્ત–જબ્સ્ત, જબરો.

(ફા.) **ઝર**—સોનું:—ઝર—જર, ઝરીઆન, ઝરીપટકો.

(ફા.) **ઝબાન**—જીભ:—ઝબાન, ઝબાની.

(ફા.) **ઝેબ**—ચળકાટ:—અવરંગઝેબ, ઝેબ.

(ફા.) **ઝેર**—હેઠલ:—ઝેર, ઝેરબંધ.

(ફા.) **તેઝ**—તીક્ષ્ણ, તીખું:—તેઝ, તેઝદાર, તેઝાનો, તેઝાબ, તેઝી.

(ફા.) **દર**—માંહે:—દરકાર, દરગાહ, દરબાર.

(ફા.) **દસ્ત**—હાથ:—ઈમામદસ્તો, જબરદસ્ત, દસ્તાખત —દસ્તક, દસ્તાવેજ.

(ફા.) **દિલ**—અંત:કરણ:—દિલગીર, દિલદાર, દિલાવર, દિલાસો, દિલોજાન.

(ફા.) **ના**—હોડી:—નાખુદા.

(ફા.) **નૂર**—તેજ:—કોહીનૂર, નૂર, નૂરજહાં.

(ફા.) **પાય**—પગ:—પાય, પાયગાહ, પાયજામો, પાયતખ્ત, પાયમાલ, પાયજાર—પેજાર.

(ફા) પેશ—આગળ:—પેશતર, પેશવા, પેશો, પેશાવર.
(ફા.) પૈગામ—સંદેશો:—પેગામ, પેગંબર.
(અ.) ફર્શ—ગલીચો:—ફર્સબંદી ફરાસ.
(અ.) ફુ—મોઢું:—અફવાહ.
(ફા.) બાર—પેસવું:—કારોબાર.
(ફા.) રાહ—રસ્તો—રાહ, રાહદારી, શરીઆમ, (શાહ રાહેઆમ).
(ફા.) રૂ—મોઢું:—આબરૂ, રૂમાલ.
(ફા.) સિયાહ—કાળું:—સિયાહ–શાહા, સિયાહી–શાહી.
(અ.) સફા—સ્વચ્છ:—સફા, સફાઈ, સાફ, શાફી.
(ફા.) સજા—બદલો:—સજા, સજાવર.
(અ.) સબબ—હેતુ:—અસબાબ, સબબ.
(ફા.) સર—માથું:—સરકાર, સરદાર, સરભરા (સરબરરાહ), સરાસરી, સરજામ.
(ફા.) સંગ—પત્થર:—સંગીન, સંગેમરમર.
(ફા.) સાલ—વરસ:—આખિરસાલ, સાલ, સાલગીરી, સાલગુદસ્ત, સાલીઆં.
(અ.) શાન—આકાર, દરજ્જો:—આલીશાન, શાન, શાનદાર.
(ફા.) હર—પ્રત્યેક:—હરકારા (હલકારો), હરગીઝ, હરદમ, હરરોઝ, હરેક.
(અ.) હાલ—અવસ્થા:—અલમસ્ત (હાલમસ્ત), અહવાલ—હવાલ, બેહાલ, હાલ, હાલત.

સમાપ્ત.

શુચિપત્ર.

સંક્ષેપ ચિહ્ન.

અ. ઈ=અંગ્રેજી ભાષા — આ અ=આરબી ભાષા.
ગ્રી=ગ્રીક ભાષા. — લા.=લાટીન ભાષા.
સ=સંસ્કૃત ભાષા. — ફા.=ફારસી ભાષા.